
# તારે તે તીર્થ

## જૈન તીર્થ સ્થળોની માર્ગદર્શિકા



જીતેન્દ્ર તલકશી દેઢિયા

પ્રવિણ શ્રી. દેઢિયા.

# તારે તે તીર્થ

ૐ

## જૈન તીર્થ સ્થળોની માર્ગદર્શિકા


સંકલન

**જીતેન્દ્ર તલકશી દેઢિયા**



પ્રાપ્તિસ્થાન :

**સ્ટુડન્ટસ્ એજન્સીઝ**

સ્વદેશી મિલ્સ એસ્ટેટ, ગીરગામ, મુંબઇ ૪૦૦ ૦૦૪.

ફો. નં. ૮૧૧૧૧૮૬-૮૧૧૧૯૧૮

❖

**શ્રી આત્માનંદ જૈન સભા**

શ્રી ખીમજી હેમરાજ છેડા સભાગૃહ, હેમ ભવન, ૨જે માળે,

૩૯-૪૧, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૪૦૦ ૦૦૩.

ફો.નં. ૩૩૬૦૦૨

## વિનંતી

આ પુસ્તિકામાં સંચિત માહિતી, નકશાઓ, સ્થળો વચ્ચેનું અંતર, રાષ્ટ્રિય ધોરી માર્ગ, રાજ્યધોરી માર્ગ, કાચા રસ્તાઓ વિ. નું સંકલન જુદાં જુદાં ધાર્મિક પુસ્તકો, દેરાસરોની પેઢીઓ, ધાર્મિક સ્થળોએ લઈ જતી ટુર કંપની, રાજ્યોના પર્યટન વિભાગ દ્વારા પ્રકાશિત નકશાઓ તેમજ વીગતોના આધારે કરવામાં આવેલ છે. યાત્રા પ્રવાસ કરવા ઈચ્છતાં ભાઈ બહેનાએ સ્થળ અને અંતર વિષે ચોકસાઈ પૂર્વક ખાત્રી ર્ક્યા બાદ ઉપયોગ કરવા વિનંતી.

૨૫


**દ્વિતીય આવૃત્તિ: ૧૯૯૦ પર્યુષણ પર્વ**

**સંપાદક: પન્નાલાલ ખીમજી છેડા**
છેડા જ્વેલરી માર્ટ,
૪૦/૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૩.

**પ્રકાશક: મહેન્દ્ર કાનજી ગોસર**
સ્ટુડન્ટ્સ્ એજન્સીઝ,
સ્વદેશી મિલ્સ એસ્ટટ,
ગીરગામ, મુંબઈ-૪૦૦૦૦૪.

**ફોટોટાઈપસેટીંગ: જયંત પ્રિન્ટરી**
૩૫૨/૫૪, ગીરગામ રોડ,
ઠાકોરદ્વાર પોસ્ટ ઑફિસ પાસે,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

**મુદ્રક: જેફ્સન્સ**
૧૩, એવરગ્રીન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૨જે માળે, શક્તિ મીલ લેન,
મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦ ૦૧૧.

# નિવેદન :-

પરમ કૃપાળુ વિતરાગી શ્રી અરિહંત પ્રભુને અમારા કોટિ કોટિ વંદન હોજો.

"તારે તે તીર્થ" ની બીજી આવૃતિ આપની સમક્ષ રજુ કરતાં હર્ષ અનુભવીએ છીએ.

પ્રથમ આવૃતિ પ્રકાશિત થયા પછી અનેક વડિલો અને આદરણિય સજ્જનોના પત્ર આવેલ છે. આ પત્રો દ્વારા સહુએ અભિનંદન અને આભારની લાગણી પ્રદર્શિત કરવા ઉપરાંત જરૂરી ફેરફારો, સૂચનો અને અંગત અભિપ્રાયો દર્શાવેલ છે. સામાન્યપણે પત્યેક પત્રમાં વધુ નકલોની જરૂરિયાત પ્રદર્શિત કરવામાં આવી જેને કારણે બીજી આવૃતિ માટેનું આયોજન શક્ય બન્યું છે. અન્ય સૂચનોમાં મુખ્યત્વે દરેક તીર્થસ્થાન અને જિનાલયો માટે શક્ય એટલી વધુ માહિતી પુરી પાડવાનો આગ્રહ રહ્યો છે. તેમજ વધુ જિનાલયો તથા તીર્થસ્થાનોનો સમાવેશ અને કેટલાક પત્રોમાં ચોક્કસ સ્થાનોનો સમાવેશ અને વિસ્તારિત માહિતી માટે આગ્રહ થયો છે. પત્રો મોકલનાર સ્નેહીજનોનો ખૂબ ખૂબ આભાર.

જૈન ધર્મ શાશ્વત છે. ભારતવર્ષમાં જૈન ધર્મનો પ્રાચિન સમયથી પ્રભાવ રહેલ છે. જૈન પ્રજા સાહસિક, વ્યહવારકુશળ, ધર્મપ્રિય અને કલાપ્રેમી છે. વિશ્વમાં અનેક દેશોમાં જૈનો વસ્યા છે અને ધર્મપ્રિય શ્રેષ્ઠિઓએ પ્રભુભક્તિ માટે જિનાલયોનું નિર્માણ કરાવ્યું છે. આ કારણે ભારતભરમાં અને અર્વાચીન સમયમાં વિશ્વના અન્ય દેશોમાં જિનાલયોનું નિર્માણ થતું રહ્યું છે. ભૌગોલિક પરિસ્થિતિઓ, આક્રમણ અને સ્થળાંતર જેવાં અનેક સાંયોગિક ફેરફારોને કારણે ઘણાં જિનાલયો અદ્રશ્ય થયાં છે. પ્રમાણભૂત માહિતીઓના અભાવે અને પુસ્તિકાની સ્થળસંકોચની મર્યાદાઓને કારણે આ પ્રકારની માહિતીઓના સંકલનનું પ્રમાણ નક્કી કરવું અત્યંત કપરૂં કાર્ય બની રહે છે.

આ માર્ગદર્શિકાનો મુખ્ય ઉદ્દેશ યાત્રીજનો પ્રચલિત તીર્થ સ્થાનોની બની શકે તેટલી સરળતાથી અને સુગમતાથી જરૂરી માહિતી મેળવી શકે તે છે અને એ જ મૂળભૂત ઉદ્દેશથી આ બીજી આવૃત્તિનું આયોજન થયું છે.

પ્રથમ તથા બીજી આવૃત્તિના પ્રકાશનમાં સહયોગી બનેલ દરેક સ્નેહીજનોનો અહી અંત:કરણપૂર્વક આભાર માનું છું.

જીતેન્દ્ર તલકશી દેઢિયા

# તીર્થ ભ્રમણ

"તારે તે તીર્થ" ની બીજી આવૃતિ પ્રસિધ્ધ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

મર્યાદિત સંખ્યામાં છપાયેલી અને પ્રસિધ્ધ થયા પછી થોડાંક દિવસોમાં ચપોચપ ઉપડી ગયેલી પહેલી આવૃતિ વાંચીને અનેક વાચકો અને સંસ્થાઓએ આ પુસ્તકની માંગણી કરી. કેટલાંય પત્રો અમને મળ્યાં, પોતાને પુસ્તક ન મળવા બદલ ઘણાં વાચકો અત્યંત નારાજ થયાં.

આ પુસ્તકના લેખક અને સંકલયિતા શ્રી જીતેન્દ્રભાઇ દેઢીયા ઘણા વર્ષો સુધી અમેરિકામાં ઈલેક્ટ્રીક્લ એન્જિનિયર તરીકે રહ્યાં પછી ત્યાંનો વસવાટ છોડી ભારતમાં સ્થિર થયાં. વડિલોની સાથે તીર્થયાત્રા કરતાં કરતાં યાત્રા પ્રવાસ પરત્વે જાગેલી રૂચિ અને મમતાને સમાજના બહોળા વર્ગ સમક્ષ લાવવાનો તેમણે સ્તુત્ય પ્રયાસ કર્યો જેના ફળસ્વરૂપે જૈન સમાજને "તારે તે તીર્થ" જેવું અત્યંત સરસ અને ઉપયોગી પુસ્તક સાંપડ્યું.

લેખક પોતે યંત્રોદ્યોગ વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં, વાચકોની માંગણીને સ્વીકારી આગલી આવૃતિમાં રહી ગયેલી ક્ષતિઓ સુધારવાનો અને આવશ્યક ફેરફારો કરવાનો શક્ય તેટલો પ્રયાસ આ આવૃતિમાં કર્યો છે. ખૂબ જ સમય અને શક્તિ માંગી લે એવા આ કપરા કાર્યમાં સહુના સહકારથી બીજી આવૃતિ પ્રસિદ્ધ કરવા અમે હામ ભીડી છે. શ્રી જીતેન્દ્રભાઇ દેઢીયાના સહકારથી ફરી આ પુસ્તક આપની સમક્ષ મુકવાની તક સાંપડી છે એનો અમને આનંદ છે.

પ્રકાશન ક્ષેત્રે જેમનો સતત સહકાર મળ્યો છે એવા શ્રી કલ્યાણજીભાઇ અને શ્રી મહેન્દ્રભાઇ (સ્ટુડન્ટસ્ એજન્સીઝ)ની જહેમતે આ કાર્યને ગતિ બક્ષી છે તે કેમ ભૂલાય?

યાત્રા પ્રવાસમાં રસ અને રૂચિ ધરાવતાં સહુને "તારે તે તીર્થ" ભોમિયો બની માગદર્શન આપશે એવી આશા સાથે વિરમતાં...

— પન્નાલાલ ખીમજી છેડા

પર્વ: રક્ષાબંધન ૨૦૪૬
૬ ઓગષ્ટ ૧૯૯૦

---

છેડા જ્વેલરી માર્ટ, ૪૦/૪૨ ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૩.

# અનુક્રમણિકા

ગુજરાત


| ક્રમ | તીર્થસ્થાન | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | ભદ્રેશ્વર | ૧ |
| ૨ | સુથરી | ૨ |
| ૩ | કોઠારા | ૨ |
| ૪ | નલિયા | ૨ |
| ૫ | જખૌ | ૫ |
| ૬ | તેરા | ૫ |
| ૭ | પ્રહલાદનપુર | ૬ |
| ૮ | ડીસા | ૬ |
| ૯ | થરાદ | ૬ |
| ૧૦ | ખીમા | ૬ |
| ૧૧ | વાવ | ૬ |
| ૧૨ | ભોરોલ | ૬ |
| ૧૩ | જમણપુર | ૭ |
| ૧૪ | પાટણ | ૭ |
| ૧૫ | મેત્રાણા | ૭ |
| ૧૬ | ચારૂપ | ૯ |
| ૧૭ | ભીલડિયાજી | ૯ |
| ૧૮ | કુંભારિયાજી | ૯ |
| ૧૯ | તારંગા | ૧૦ |
| ૨૦ | ખેડબ્રહ્મા | ૧૦ |
| ૨૧ | વડાલી | ૧૧ |
| ૨૨ | ઈડર | ૧૧ |
| ૨૩ | મોટા પોસીના | ૧૧ |
| ૨૪ | વાલમ | ૧૧ |
| ૨૫ | મહેસાણા | ૧૨ |
| ૨૬ | ગાંભુ | ૧૨ |
| ૨૭ | મોઢેરા | ૧૨ |
| ૨૮ | કમ્બોઈ | ૧૩ |
| ૨૯ | ચાણસ્મા | ૧૩ |
| ૩૦ | શિયાણી | ૧૪ |
| ૩૧ | શેત્રુંજય | ૧૪ |
| ૩૨ | કદમ્બગિરિ | ૧૬ |
| ૩૩ | હસ્તગિરિ | ૧૬ |
| ૩૪ | તાલધ્વજગિરિ | ૧૬ |
| ૩૫ | ઘોઘા | ૧૮ |
| ૩૬ | મહુવા | ૧૮ |
| ૩૭ | ઉના | ૧૮ |
| ૩૮ | દીવ | ૧૯ |
| ૩૯ | અજાહરા | ૧૯ |
| ૪૦ | દેલવાડા | ૨૦ |
| ૪૧ | ચન્દ્રપ્રભાસપાટણ | ૨૦ |
| ૪૨ | ગિરનાર | ૨૧ |
| ૪૩ | વલ્લભીપુર | ૨૩ |
| ૪૪ | ધોળકા | ૨૩ |
| ૪૫ | શંખેશ્વર | ૨૪ |
| ૪૬ | ઉપરિયાલા | ૨૪ |
| ૪૭ | વામજ | ૨૪ |
| ૪૮ | ભોયણી | ૨૬ |
| ૪૯ | પાનસર | ૨૬ |
| ૫૦ | મહુડી | ૨૬ |
| ૫૧ | વિજાપુર | ૨૭ |
| ૫૨ | આગલોડ | ૨૭ |
| ૫૩ | શેરીશા | ૨૭ |
| ૫૪ | કર્ણાવતી | ૨૭ |
| ૫૫ | માતર | ૨૮ |
| ૫૬ | ખંભાત | ૨૮ |
| ૫૭ | પાવાગઢ | ૩૦ |
| ૫૮ | કાવી | ૩૦ |
| ૫૯ | ગંધાર | ૩૦ |
| ૬૦ | ભરૂચ | ૩૧ |
| ૬૧ | ઝગડિયા | ૩૧ |
| ૬૨ | દર્ભાવતી | ૩૨ |
| ૬૩ | બોડેલી | ૩૨ |
| ૬૪ | પારોલી | ૩૨ |
| | **રાજસ્થાન** | |
| ૧ | ડુંગરપુર | ૩૩ |

| ક્રમ | તીર્થસ્થાન | પૃષ્ઠ નં. |
| --- | --- | --- |
| ૨ | વટપદ્રતીર્થ | ૩૩ |
| ૩ | કેશરિયાજી | ૩૩ |
| ૪ | આયડ | ૩૬ |
| ૫ | કરેડા | ૩૬ |
| ૬ | ચિત્રકૂટ | ૩૮ |
| ૭ | નાગેશ્વર | ૩૮ |
| ૮ | નાગહદ | ૩૮ |
| ૯ | દેવકુલપાટક | ૩૯ |
| ૧૦ | રાજનગર | ૪૦ |
| ૧૧ | રાણકપુર | ૪૦ |
| ૧૨ | સાદડી | ૪૩ |
| ૧૩ | કીર્તિસ્તંભ | ૪૩ |
| ૧૪ | મુછાળા મહાવીર | ૪૩ |
| ૧૫ | નાંડલાઈ | ૪૩ |
| ૧૬ | નાંડોલ | ૪૪ |
| ૧૭ | વરકાણા | ૪૪ |
| ૧૮ | ખીમેલ | ૪૪ |
| ૧૯ | તખતગઢ | ૪૫ |
| ૨૦ | રાતા મહાવીર | ૪૫ |
| ૨૧ | સિવેરા | ૪૫ |
| ૨૨ | બાલી | ૪૬ |
| ૨૩ | જાખોડા | ૪૬ |
| ૨૪ | કોરટા | ૪૬ |
| ૨૫ | લાજ | ૪૬ |
| ૨૬ | ખુડાલા | ૪૭ |
| ૨૭ | સેવાડી | ૪૭ |
| ૨૮ | ગોહીલી | ૪૭ |
| ૨૯ | અજારી | ૪૭ |
| ૩૦ | ઉથમણ | ૪૮ |
| ૩૧ | સાંડેરાવ | ૪૮ |
| ૩૨ | શીરોહી | ૪૮ |
| ૩૩ | મીરપુર | ૪૯ |
| ૩૪ | વીરવાડા | ૪૯ |
| ૩૫ | બામનવાડા | ૪૯ |
| ૩૬ | નાન્દિયા | ૫૦ |
| ૩૭ | દિયાણા | ૫૦ |
| ૩૮ | લોટાણા | ૫૦ |
| ૩૯ | કોલરગઢ | ૫૧ |
| ૪૦ | સેસલી | ૫૧ |
| ૪૧ | રાડબર | ૫૧ |
| ૪૨ | નિતોડા | ૫૧ |
| ૪૩ | દેલવાડા (આબુ) | ૫૧ |
| ૪૪ | અચલગઢ | ૫૪ |
| ૪૫ | ઓર | ૫૫ |
| ૪૬ | મુંડસ્થલ | ૫૫ |
| ૪૭ | દેલદર | ૫૫ |
| ૪૮ | ડેરણા | ૫૬ |
| ૪૯ | કાસીન્દ્રા | ૫૬ |
| ૫૦ | મન્ડાર | ૫૬ |
| ૫૧ | વરમાણ | ૫૬ |
| ૫૨ | જીરાવલ્લા | ૫૬ |
| ૫૩ | કીવરલી | ૫૭ |
| ૫૪ | કાછોલી | ૫૭ |
| ૫૫ | નાણા | ૫૭ |
| ૫૬ | ધન્નારી | ૫૭ |
| ૫૭ | લાજ | ૫૭ |
| ૫૮ | વાટેરા | ૫૮ |
| ૫૯ | ઝાડોલી | ૫૮ |
| ૬૦ | પીન્ડવાડા | ૫૮ |
| ૬૧ | કોજરા | ૫૮ |
| ૬૨ | ભાન્ડવાજી | ૫૮ |
| ૬૩ | ભિન્નમાલ | ૫૮ |
| ૬૪ | સત્યપુર | ૫૯ |
| ૬૫ | સ્વર્ણગિરિ | ૫૯ |
| ૬૬ | નાકોડા | ૫૯ |
| ૬૭ | બારમેડ | ૬૦ |
| ૬૮ | જેસલમેર | ૬૦ |
| ૬૯ | લોદ્રવપુર | ૬૨ |
| ૭૦ | બ્રહ્મસર-(સાગર) | ૬૪ |
| ૭૧ | અમરસાગર | ૬૫ |
| ૭૨ | પોખરણ | ૬૫ |
| ૭૩ | ફલોદી | ૬૫ |
| ૭૪ | ઓસિયા | ૬૫ |
| ૭૫ | ગંગાણી | ૬૬ |

| ક્રમ | તીર્થસ્થાન | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૭૬ | પાલી | ૬૬ |
| ૭૭ | કાપરડાજી | ૬૭ |
| ૭૮ | નાગોર | ૬૮ |
| ૭૯ | ખીંવસર | ૬૮ |
| ૮૦ | ફલવૃધ્ધિ પાર્શ્વનાથ | ૬૮ |
| ૮૧ | પદ્મપ્રભુજી | ૬૯ |
| ૮૨ | મહાવીરજી | ૬૯ |
| | **બિહાર** | |
| ૧ | સમેતશિખરજી | ૭૦ |
| ૨ | ઋજુબાલુકા | ૭૧ |
| ૩ | વૈશાલી | ૭૧ |
| ૪ | પાટલીપુત્ર | ૭૨ |
| ૫ | રાજગૃહી | ૭૨ |
| ૬ | પાવાપુરી | ૭૩ |
| ૭ | કુંડલપુર | ૭૪ |
| ૮ | ગુણીયાજી | ૭૪ |
| ૯ | ક્ષત્રિયકુંડ | ૭૪ |
| ૧૦ | કાકન્દી | ૭૪ |
| ૧૧ | ચંપાપુરી | ૭૫ |
| | **ઓરિસ્સા** | |
| ૧ | ખંડગિરિ–ઉદયગિરિ | ૭૬ |
| | **હિમાલય પ્રદેશ** | |
| ૧ | કાંગડા | ૭૬ |
| | **પશ્ચિમ બંગાલ** | |
| ૧ | જિયાગંજ | ૭૭ |
| ૨ | અઝિમગંજ | ૭૭ |
| ૩ | કઠગોલા | ૭૭ |
| ૪ | મહિમાપુર | ૭૭ |
| ૫ | કલકત્તા | ૭૯ |
| | **ઉત્તર પ્રદેશ** | |
| ૧ | હસ્તિનાપુર | ૮૦ |
| ૨ | કમ્પિલાજી | ૮૦ |
| ૩ | અહિચ્છત્ર | ૮૦ |
| ૪ | શ્રાવસ્તિ | ૮૧ |
| ૫ | મથુરા | ૮૧ |
| ૬ | આગ્રા | ૮૧ |
| ૭ | સૌરીપુર | ૮૨ |
| ૮ | દેવગઢ | ૮૨ |
| ૯ | અયોધ્યા | ૮૨ |
| ૧૦ | રત્નપુરી | ૮૨ |
| ૧૧ | ભેલુપુર | ૮૩ |
| ૧૨ | ચન્દ્રપુરી | ૮૩ |
| ૧૩ | સિંહપુરી | ૮૩ |
| ૧૪ | ભદૈની | ૮૩ |
| ૧૫ | પુરિમતાલ | ૮૪ |
| ૧૬ | પભોષા | ૮૪ |
| ૧૭ | કૌશામ્બી | ૮૪ |
| | **મધ્ય પ્રદેશ** | |
| ૧ | ગ્વાલિયર | ૮૫ |
| ૨ | ખજૂરાહો | ૮૫ |
| ૩ | કુંડલપુર | ૮૫ |
| ૪ | દ્રોણગીરી | ૮૫ |
| ૫ | રેષન્દીગિરિ | ૮૬ |
| ૬ | આહારજી | ૮૬ |
| ૭ | પપોરાજી | ૮૬ |
| ૮ | સોનગિરિ | ૮૬ |
| ૯ | થુવૌનજી | ૮૬ |
| ૧૦ | મક્ષી | ૮૭ |
| ૧૧ | અવન્તી પાર્શ્વનાથ | ૮૭ |
| ૧૨ | અલૌકિક પાર્શ્વનાથ | ૮૭ |
| ૧૩ | બદનાવર | ૮૭ |
| ૧૪ | ઉન્હેલ | ૮૮ |
| ૧૫ | અમીઝરા પાર્શ્વનાથ | ૮૮ |
| ૧૬ | બિમ્બદોડ | ૮૮ |
| ૧૭ | પરાસલી | ૮૮ |
| ૧૮ | ભોપાવર | ૮૮ |
| ૧૯ | મોહનખેડા | ૮૮ |
| ૨૦ | તાલનપુર | ૮૯ |
| ૨૧ | લક્ષ્માણી | ૮૯ |
| ૨૨ | બાવનગજાજી | ૮૯ |
| ૨૩ | માંડવગઢ | ૮૯ |
| ૨૪ | સિધ્ધવરકુટજી | ૮૯ |
| | **મહારાષ્ટ્ર** | |
| ૧ | મુંબઈ | ૯૧ |


| ક્રમ | તીર્થસ્થાન | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૨ | અગાશી | ૯૧ |
| ૩ | કોંકણ-થાણા | ૯૧ |
| ૪ | દહીગાંવ | ૯૨ |
| ૫ | કુંભોજગિરિ | ૯૨ |
| ૬ | બાહુબલી | ૯૨ |
| ૭ | ભદ્રાવતી | ૯૨ |
| ૮ | રામટેક | ૯૨ |
| ૯ | અંતરિક્ષ પાર્શ્વનાથ | ૯૩ |
| ૧૦ | ગજપંથા | ૯૩ |
| ૧૧ | માંગીતુંગી | ૯૩ |
| | **આંધ્રપ્રદેશ** | |
| ૧ | કુલપાકજી | ૯૪ |
| ૨ | ગુડીવાડા | ૯૪ |
| ૩ | પેદાઅરિઅમ | ૯૪ |
| ૪ | અમરાવતી | ૯૪ |

| ક્રમ | તીર્થસ્થાન | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | **કર્ણાટક** | |
| ૧ | હુમ્બજ | ૯૫ |
| ૨ | વારંગ | ૯૫ |
| ૩ | કારકલ | ૯૫ |
| ૪ | મુડિબદ્રી | ૯૫ |
| ૫ | ધર્મસ્થળ | ૯૬ |
| ૬ | શ્રવણ બેલગોડા | ૯૬ |
| | **તામિલનાડુ** | |
| ૧ | જિનગિરિ | ૯૭ |
| ૨ | વિજયમંગલમ્ | ૯૭ |
| ૩ | પૌનુરમલૈ | ૯૭ |
| ૪ | મુનિગિરિ | ૯૭ |
| ૫ | તિરૂમલૈ | ૯૭ |
| ૬ | જિનકાંચી | ૯૮ |
| ૭ | મનારગુડી | ૯૮ |
| ૮ | પુડલ | ૯૮ |

| | | |
|---|---|---|
| * | નજીક-નજીકનાં સ્થળોની યાદી | ૯૯ |
| * | ગુજરાત રાજ્યનાં સ્થળોનાં અંતર | ૧૦૦ |
| * | રાજસ્થાન રાજ્યનાં સ્થળોનાં અંતર | ૧૦૧ |
| * | વિવિધ કાર્યક્રમો | ૧૦૩ |


| તીર્થંકર | શાસનદેવ | શાસનદેવી | લાંછન-ચીન્હ |
|---|---|---|---|
| ૧ શ્રી આદેશ્વર | ગૌમુખ | ચક્રેશ્વરી | બળદ |
| ૨ શ્રી અજિતનાથ | મહાયક્ષ | અજીતા | હાથી |
| ૩ શ્રી સંભવનાથ | ત્રિમુખ | દુરિતારી | ઘોડો |
| ૪ શ્રી અભિનંદનસ્વામી | યક્ષેશ | કાલી | વાનર |
| ૫ શ્રી સુમતિનાથ | તુંબુરૂ | મહાકાલી | કૌંચપક્ષી |
| ૬ શ્રી પદ્મપ્રભુસ્વામી | કુસુમ | અચ્યુતા | કમળ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | માતંગ | શાન્તા | સ્વસ્તિક |
| ૮ શ્રી ચંદ્રપ્રભુસ્વામી | વિજય | જવાલા | ચન્દ્ર |
| ૯ શ્રી સુવિધિનાથ | અજીત | સુતારકા | મગરમચ્છ |
| ૧૦ શ્રી શિતલનાથ | બ્રહ્મા | અશોકા | શ્રીવચ્છ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | મનુજેશ્વર | શ્રીવસ્તા | ગેંડો |
| ૧૨ શ્રી વાસુપુજ્ય સ્વામી | કુમાર | પ્રવરા | મહિષ-પાડો |
| ૧૩ શ્રી વિમલનાથ | ષડ્મુખ | વિજયા | વરાહ |
| ૧૪ શ્રી અનંતનાથ | પાતાલ | અંકુશા | સિંચાણો |
| ૧૫ શ્રી ધર્મનાથ | કિન્નર | પ્રજ્ઞપ્તિ | વજ્ર |
| ૧૬ શ્રી શાંતિનાથ | ગરૂડ | નિર્વાણી | હરણ-મૃગ |
| ૧૭ શ્રી કુંથુનાથ | ગંધર્વ | સચ્યુતા | બોકડો |
| ૧૮ શ્રી અરનાથ | યક્ષેન્દ્ર | ધરણીદેવી | નંદાવર્ત |
| ૧૯ શ્રી મલ્લિનાથ | કુબેર | વૈરાગ્યા | કુંભ-કળશ |
| ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી | વરૂણ | દત્તા | કાચબો |
| ૨૧ શ્રી નમીનાથ | ભ્રકુટી | ગંધારી | નીલકમલ |
| ૨૨ શ્રી નેમનાથ | ગોમેધ | અંબિકા | શંખ |
| ૨૩ શ્રી પાર્શ્વનાથ | પાર્શ્વયક્ષ | પદ્માવતી | સર્પ |
| ૨૪ શ્રી મહાવીરસ્વામી | માતંગ | સિધ્ધાયિકા | સિંહ |

# "ગુજરાત :-"




શ્રી શત્રુંજય તીર્થે શ્રી આદેશ્વર ભગવાને પદાર્પણ કરેલ છે.

શ્રી ગિરનાર તીર્થે શ્રી નેમિનાથ ભગવાન મોક્ષ-નિર્વાણ પામ્યા છે. ભવિષ્યકાળમાં - આ તીર્થે ઘણા તીર્થંકરોની કલ્યાણકભૂમિ રહેશે.


"ગુજરાત :-
અચલગઢ
દેલવાડા
માઉન્ટ આબુ
આબુ રોડ
કુંભારીયા
અંબાજી
પાલનપુર
દાંતા
નાના-મોટા પોસીના
ડીસા
ભીલડીયા
ઢીમા
વાવ
સુઈગામ
દીઓદર
ભાભર
રાધનપુર
કચ્છ તરફ
સમી
હારીજ
ચાણસ્મા
કંબોઈ
મેત્રાણા
સિદ્ધપુર
ચારૂપ
પાટણ
ખેરાલુ
ઊંઝા
વાલમ
વડનગર
વિસનગર
ખેડબ્રહ્મા
વડાલી
ઇડર
મહેસાણા
ગાંભુ
મોઢેરા
શ્રી શંખેશ્વર
પંચાસર
દસાડા
માંડલ
બેચરાજી
વિઠલપુર
દેત્રોજ
ભોયણી
કડી
પાનસર
કલોલ
ગાંધીનગર
વામજ
શેરીસા
આગલોડ
વિજાપુર
મહુડી
હિંમતનગર
શામળાજી
ઉદેપુર તરફ
મોડાસા
વિરમગામ
પાટડી
ઉપરીયાળાજી
અમદાવાદ (કર્ણાવતી)
સરખેજ
કપડવંજ
મહેમદાવાદ
પારોલી
નળસરોવર
બાવળા
ખેડા
માતર
નડીયાદ
ગોધરા
મધ્યપ્રદેશ તરફ
હાલોલ
પાવાગઢ
સુરેન્દ્રનગર
ચોટીલા
સાયલા
લીંબડી
બગોદરા
ધોળકા (કલીકુંડ)
વાસદ
વડોદરા
ડભોઈ
બોડેલી
રાજકોટ
ધંધુકા
બરવાળા
કાવી
જંબુસર
આમોદ
ભરૂચ
ગંધાર
જગડીયાજી
અંકલેશ્વર
ગોંડલ
વલ્લભિપુર
ભાવનગર
જુનાગઢ
શ્રી ગિરનાર
શ્રી શત્રુંજય
પાલીતાણા
સીહોર
ઘોઘા
તળાજા
મહુવા
ઉના
દેલવાડા
દિવ
સુરત
તપોવન
નવસારી
વલસાડ
મુંબઈ
ગુજરાતના બે નકશા છે.
DWOS
APKM
3-87

# ગુજરાત

## કચ્છ :

કચ્છ જિલ્લામાં અંદાજે ૨૦૪ જેટલાં જિનાલયો છે. કેટલાંક જિનાલયો બહુ જ પ્રાચીન છે. કાળક્રમે પ્રતિકૂળ વાતાવરણને કારણે આ પ્રદેશમાંથી વસ્તીનું સ્થળાંતર થતું રહ્યું છે. આ કારણે ઘણાં તીર્થસ્થાનો જીર્ણ અવસ્થામાં આવી ગયાં છે.

કચ્છમાં અબડાસા તાલુકાની મોટી પંચતીર્થી સાથે માંડવી—મુંદ્રા તાલુકાની પંચતીર્થી પણ સંકળાયેલ છે. માંડવી તાલુકાના નાની ખાખર ગામે સુંદર જિનાલય છે જ્યાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. સાથે જૈન ગ્રંથાલય છે જ્યાં શ્રી શેત્રુંજયપટ્ટનાં દર્શન થાય છે. આ ગામડું અત્યંત રમણીય છે અને કચ્છના "પેરિસ" તરીકે પ્રખ્યાત છે. નજીકના બીદડા ગામે શ્રી સર્વોદય ટ્રસ્ટ સંચાલિત આરોગ્યધામ હૉસ્પિટલ છે. અત્યંત સુંદર વ્યવસ્થા સાથે આરોગ્યને લગતાં રાહતકાર્યો અહીં થાય છે. નિસ્વાર્થ જનસેવાનું આ એક સુંદર અને અનુકરણીય ઉદાહરણ પ્રજા સમક્ષ છે. મુંદ્રા તાલુકામાં વાંકી ગામે નવીન તીર્થ નિર્માણ થયેલ છે. અહીં પ્રફુલ્લિત વાતાવરણમાં ધર્મશાળા, ભોજનશાળા વગેરે સાથે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનું આયોજન કરવામાં આવેલ છે.

માંડવી આશ્રમ અને કોડાય—તલવાણા રોડ વચ્ચે શ્રી બંહુતેર જિનાલયનું નિર્માણ હમણાં થઈ રહેલ છે. માંડવી, સાંધાણ, લાયજા, ડુમરા વગેરે ઘણાં સ્થળો દર્શન કરવા જેવા છે. માંડવી તાલુકાના નાગલપુર ગામે જૈન ધર્મનું શિક્ષણ આપતી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ છે. કોડાય ગામમાં વિશાળ ગ્રંથભંડાર છે. ગાંધીધામથી પંચતીર્થી જતી વેળાએ વચ્ચે આવતાં મુન્દ્રા, ભુજપુર, મોટી ખાખર, બીદડા વગેરે ગામોનાં જિનાલયો અત્યંત દર્શનીય છે. કચ્છમાં ઉત્તર પશ્ચિમે નારાયણ સરોવર તથા કોટેશ્વર મહાદેવજીનું મંદિર, વગેરે હિન્દુ તીર્થો દર્શનીય છે. નલિયાથી નારાયણ કોટેશ્વરનો સીધો રસ્તો છે. ભૂજથી નખત્રાણા થઈને પણ જવાય છે. નખત્રાણાથી લખપતના માર્ગે શ્રી આશાપુરા માતાજીનું સ્થાન છે જે માતાના મઢ તરીકે ઓળખાય છે. ભૂજમાં દરબાર ગઢ, મહેલ, સંગ્રહસ્થાન, આયના મહેલ જોવા જેવાં છે.

## ૧. શ્રી ભદ્રેશ્વર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** વિ. સં. ૧૬૮૨-૧૬૮૮ની મધ્યમાં શેઠ શ્રી વર્ધમાને આ તીર્થનો જિર્ણોધ્ધાર કરાવી શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પહેલાંના પ્રાચીન સમયમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન હતી. આ પ્રતિમાજી હજી પણ દેરાસરમાં વિરાજમાન છે. આ તીર્થનું નિર્માણ લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં એટલે કે પ્રભુ નિર્વાણ પછી લગભગ ૪૫ વર્ષ બાદ થયેલ છે. વિશાળ મેદાનમાં સુશોભિત દેવવિમાન તુલ્ય આ દેરાસર ખૂબ જ આકર્ષક છે. પ્રખ્યાત ધનવીર

શેઠ શ્રી જગડુશાહનો જન્મ અહીં વિ. સં. ની ૧૪મી સદીમાં થયો હતો. ગાંધીધામ(કચ્છ)થી આ તીર્થ લગભગ ૩૫ કિ. મિ.ના અંતરે છે. મુન્દ્રા ૨૭ અને ભૂજ ૮૦ કિ.મી.. છે. અહીં રહેવા તથા જમવાની સારી સગવડ છે. ગામ, ભદ્રેશ્વર-વસહી નામથી પણ ઓળખાય છે.

## ૨. શ્રી સુથરી તીર્થ

**મૂળનાયક :** શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** પ્રભુપ્રતિમાના ચમત્કારો પ્રસિદ્ધ છે. કહેવાય છે કે ઉદ્દેશી શ્રાવકને આ પ્રતિમાજી એક ગામડિયા પાસેથી પ્રાપ્ત થયાં હતાં. પ્રભુપ્રતિમાનાં દર્શન માટે કોઠારનો દરવાજો ખોલતાં, આખો કોઠાર ખાદ્યપદાર્થોથી ભરપૂર જણાયો. જ્યારે આ ભવ્ય મંદિર બંધાયું અને સ્વામી વાત્સલ્યના ભોજન સમયે એક વાસણમાં રાખેલું ઘી આવશ્યકતા પ્રમાણે વાપરવા છતાં આ વાસણ ઘીથી ભરેલું જ રહ્યું ત્યારથી આ પ્રતિમાજી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન કહેવાય છે. આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૯૫માં થયેલ છે. હમણાં શ્રી મહાવીર સ્વામીની ૨૫૦૦મી નિર્વાણ જયંતી વખતના મહોત્સવે અહીં ચાર વર્ષ ઓછા વરસાદના કારણે પાણીની તંગી હતી. એક શ્રાવકને દૈવી સંકેત થતાં એક ખાડો ખોદવામાં આવ્યો અને પુષ્કળ પ્રમાણમાં નિર્મળ પાણી મળ્યું.

વર્ષમાં બે વખત સૂર્યકિરણો ભગવાનની પ્રતિમાનાં ચરણો સ્પર્શ કરે છે. આ દેરાસરની શિખરકલા અને વિશાળતા જોવાલાયક છે. અહીં ગૌતમ સ્વામી તથા પદ્માવતી દેવીની નિરાળા ઢંગની મૂર્તિનાં દર્શન જરૂર કરવાં. ભૂજ ૮૬ કિ.મી. કોઠારા ૧૩ કિ.મી. માંડવી ૬૪ કિ.મી.

## ૩. શ્રી કોઠારા તીર્થ


**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ દેરાસરની પ્રતિષ્ઠા અને નિર્માણકાર્યમાં આ ગામના રહેવાસી શ્રી કેશવજી નાયકે ભાગ લીધેલ છે. આઠ શિખરવાળા આ ગગનચુંબી દેરાસરનાં શિખરોની અને રંગમંડપ, તોરણો, સ્તંભો વગેરેની શિલ્પકલા અદ્ભુત છે. શ્રી કેશવજી નાયકે ગિરિરાજ શત્રુંજય ઉપર પણ એક ટૂકનું નિર્માણ કરાવેલ છે. અહીંની પ્રતિમાઓની કલા જોવા જેવી છે. માંડવીથી સુથરી થઈને જવાય છે. ભૂજ ૮૦ કિ.મી. છે.


## ૪. શ્રી નલિયા તીર્થ

**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ,

**તીર્થસ્થળ :** શેઠ શ્રી નરશી નાથા દ્વારા નિર્માણ થયેલું, વિશાળ સોળ શિખર તથા ચૌદ મંડપોવાળું આ દેરાસર કલા માટે પ્રસિદ્ધ છે. અહીં કાચ ઉપરાંત પથ્થરમાં સોનાની કલા વિશિષ્ટ છે. આ ઉપરાંત અહીં કમ્પાઉન્ડમાં બીજાં ત્રણ દેરાસરો છે. તેરા તીર્થથી ૧૩ કિ.મી. અને ભૂજથી ૯૭ કિ.મી.



કોટેશ્વર
લખપત
નારાયણ સરોવર
માતાજીનો મઢ
નખત્રાણા
ભુજ
નલીયા
જખૌ
તેરા
કોઠારા
સુથરી
સાંધાણ
ડુમરા
બાયઠ
માંડવી
માંડવી આશ્રમ
કોડાય
બહોંતેર જિનાલય
બીદડા
નાની ખાખર
મોટી ખાખર
ભુજપુર
ભદ્રેશ્વર
મુંદ્રા
અંજાર
ગાંધીધામ
ભચાઉ
સામખીયારી


લીંદ્રાણી
ગેડી
રાપર
ચૌબારી
મનફરા
ખારોઈ
આધોઈ
ચિત્રોડ
શીવલખા
લાકડીઆ
કટારીઆ
સામખીયાળી
ભચાઉ
ભૂજ તરફ
ગાંધીધામ
તરફ
માળીયા
મીયાણા
તરફ
ધાણીથલ
આડીસર
સાંતલપુર
રાધનપુર તરફ

છે. કચ્છનાં આ બધાં સ્થળો ખાસ જોવાલાયક છે. આ વિશાળ અને ભવ્ય દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૯૭માં થયેલ છે.

## ૫. શ્રી જખૌ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીં આ દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૦૫માં થયેલ હતી. અહીં એક જ કોટમાં આ દેરાસર ઉપરાંત બીજાં આઠ દેરાસર એટલે કે નવ ટૂંકનાં દર્શન થાય છે. ભૂજ ૧૦૮ કિ.મી. નલિયા ૧૫ કિ.મી. અને તેરા ૨૮ કિ.મી. છે. અહીં દરેક ટૂંકનાં શિખરો ઉપર દર્શન કરતાં અદ્ભુત અનુભવ થાય છે.

## ૬. શ્રી તેરા તીર્થ

**મૂળનાયક :** શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમા શ્રી સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત મનાય છે. આ દેરાસરનું પુનઃનિર્માણ વિ. સં. ૧૯૧૫માં થયું હતું. અહીં નવ શિખરોની કલા જોવા જેવી છે. ઉપરાંત અહીં શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. હાલમાં બનેલ કાચનું દેરાસર જોવા જેવું છે. આ દેરાસરમાં ચિત્રકામ રંગબેરંગી હોવાથી અત્યંત સુંદર લાગે છે. કચ્છ-ભૂમિનાં આ બધાં ભવ્ય તીર્થો છે. દરેક જગ્યાએ રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે. તેરા ભૂજથી ૮૪ કિ.મી. અને નલિયાથી ૧૩ કિ.મી.ના અંતરે છે.

## ૭. શ્રી પ્રહલાદનપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** પરમાર વંશના પરાક્રમી રાજા પ્રહલાદને પોતાના નામનું આ ગામ વિ. સં. તેરમી સદીની આસપાસ વસાવ્યું હતું. કહેવાય છે કે, આબુ દેલવાડાની એક વિશાળ ધાતુમય પ્રતિમાને ગાળી નાખીને મહાદેવ મંદિર (અચલેશ્વર) માટે નંદિ બનાવ્યો હતો. આ કારણે રાજા કુષ્ઠરોગથી પિડાવા લાગ્યો. આખરે વ્યાકુળ થઈ જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં મુનિ આચાર્ય શ્રી શાલીભદ્રસુરીશ્વરજીની મુલાકાત થઈ. તેણે રાજાને એના પ્રાયશ્ચિતરૂપે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર બનાવી, પાર્શ્વપ્રભુના નાવણજળને શરીર પર લગાડવાની સલાહ આપી. રાજાએ સલાહ માની જૈન ધર્મ અંગીકાર કરી રોગમાંથી મુક્તિ મેળવી. રાજા પોતે ખૂબ વિદ્વાન હતા અને તેમણે ઘણા ગ્રંથોની રચના કરેલ છે.

* રાણકપુરતીર્થના પ્રતિષ્ઠાચાર્ય યુગપ્રધાન શ્રી સોમસુંદરસુરીશ્વરજી (વિ. સં. ૧૪૩૦) તથા અકબર પ્રતિબોધક આચાર્ય શ્રી હીરવિજયસુરીશ્વરજીની (વિ. સં. ૧૫૮૩) આ જન્મભૂમિ છે. હાલનું નામ પાલણપુર છે. હાલમાં અહીં બીજાં ચૌદ દેરાસરો છે. પાલનપુર ગામે આવેલા આ તીર્થ-સ્થળે ધર્મશાળા અને ભોજનશાળા છે.

## ૮. શ્રી ડીસા તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જૂના ડીસા ગામે આવેલું આ તીર્થ વિક્રમની તેરમી સદી પહેલાનું માનવામાં આવે છે. રાજા શ્રી કુમારપાળના સમયમાં પૂજ્ય શુભશીલ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અહીં પધાર્યા હતા. આચાર્ય શ્રી હીરવિજયસુરીશ્વરજી દ્વારા સૂરીમંત્રની આરાધના થતાં શાસનદેવી પ્રસન્ન થયાં હતાં અને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, તમારા દ્વારા એક મહાન રાજા પ્રતિબોધિત થશે. આચાર્યશ્રી દ્વારા પાછળથી અકબર બાદશાહ પ્રતિબોધિત થયા હતા.

આ ઉપરાંત અહીં મહાવીર સ્વામી ભગવાનનું દેરાસર અને એક દાદાવાડી છે. રહેવાની સગવડ નથી.

## ૯. શ્રી થરાદ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદિશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ ૨૪૦૦ વર્ષ પહેલાંનું છે. ઈતિહાસમાં ઘણી જગ્યાએ આ તીર્થનો ઉલ્લેખ છે. હાલમાં અહીં બીજાં દસ દેરાસરો છે. આ બધાં દેરાસરોમાં પ્રાચીન કલાનાં દર્શન થાય છે. ડીસાથી ૫૫ કિ.મી. અને ભોરોલથી ૨૨.૫ કિ.મી. છે. અહીં રહેવાની કે બીજી કોઇ ખાસ સગવડો નથી.

## ૧૦. શ્રી ખીમા તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ખીમા ગામે આવેલા આ તીર્થની પ્રાચીનતા જાણી શકાતી નથી. એક લોકવાયકા પ્રમાણે આ તીર્થનો જીર્ણોદ્ધાર શ્રી કુમારપાળ રાજાએ કરાવેલ છે. નજીકનું ગામ થરાદ છે. રહેવાની કોઇ સગવડ નથી.

## ૧૧. શ્રી વાવ તીર્થ

**મૂળનાયક :** શ્રી અજિતનાથ ભગવાન, પદ્માસનસ્થ, સર્વધાતુમયી પ્રતિમા.

**તીર્થસ્થળ :** આ તીર્થ તેરમી સદીનું માનવામાં આવે છે. જનશ્રુતિ મુજબ આ પ્રતિમાજી અહીંથી ૧૨ કિ.મી. દૂર આવેલા થરાદ ગામે વિરાજમાન હતા. અલ્લાઉદ્દીન ખિલજીના આક્રમણના ભયને કારણે થરાદથી આ પ્રતિમાજી વાવ ગામે લાવવામાં આવ્યાં હતાં. પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી અને ચમકદાર છે. રહેવાની સગવડ સાધારણ છે. થરાદ ૧૨ કિ.મી. ભોરોલ ૨૨ કિ.મી. અને ડીસા ૭૦ કિ.મી. છે.

## ૧૨. શ્રી ભોરોલ તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમિનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભોરોલ ગામે આવેલા આ તીર્થની પ્રાચીનતા જાણી શકાતી નથી. પરંતુ

તીર્થ વ્યાખ્યાનમાં આવતા ઉલેખ્ખો અને આ સ્થળેથી અવારનવાર મળી આવતાં પ્રાચીન અવશેષો ઉપરથી આ એક પ્રાચીન અને ભવ્ય તીર્થ હશે એવી ખાતરી થાય છે. અહીંથી મળી આવેલી પ્રતિમાઓ સંપ્રતિ રાજાના સમયની હશે એવું કલા ઉપરથી અનુમાન થાય છે. ડીસાથી ૬૦, ભીલડીથી ૪૦ કિ.મી., ભાભરથી ૪૦ કિ.મી., થરાદથી ૨૩ કિ.મી. છે. ઘણો રસ્તો કાચો છે. રહેવા માટે નાની ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

## ૧૩. શ્રી જમણપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન વિક્રમની તેરમી સદી પહેલાંનું મનાય છે. શ્રી વસ્તુપાળ મંત્રીના પુત્ર મંત્રી જેત્રસિંહે પોતાની પત્ની જમણદેવીના નામ ઉપરથી આ નગરી વસાવેલ. જેનુ પ્રાચીન સમયે ઘણું મહત્ત્વ હશે. પ્રભુપ્રતિમાની કલા મનોરમ છે. હારીજ ગામથી આઠ કિલોમીટરના અંતરે છે. રહેવા અને ઊતરવાની કોઈ સગવડો નથી.


## ૧૪. શ્રી પાટણ તીર્થ

**મૂળનાયક :** શ્રી પંચાસરા પાર્શ્વનાથ, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ નગરનો ઈતિહાસ વિ. સં. ૮૦૨ (બારસો) વર્ષ પૂર્વે શરૂ થાય છે. આ નગરની સ્થાપના વનરાજ ચાવડાએ કરાવેલી અને જૈન આચાર્ય દ્વારા આ નગરની સ્થાપના થઈ હતી. નગરનું નામ અણહિલપુર પાટણ રખાયું. આ સ્થાન નક્કી કરવામાં અણહિલ ભરવાડનો સારો એવો ફાળો હતો. આ પ્રતિમાજી વનરાજ ચાવડા પોતાના પૂર્વજોના વતનની રાજધાની પંચાસરાથી ધામધૂમથી લઈ આવ્યા હતા. પ્રતિમાજી ખૂબ જ ભવ્ય અને પ્રાચીન છે. પરિકરની બારીક કોતરણી જોવા જેવી છે. એક ઈતિહાસ પ્રમાણે (ગ્રંથોમાં લખાયેલ) વિ. સં. ૧૬૦૦માં અહીં ૧૦૧ મોટાં અને ૯૯ નાનાં જૈન દેરાસરો હતાં. હજારો પ્રતિમાઓ હતી જેમાં ૩૮ પ્રતિમાઓ રત્નોની હતી. વિ. સં. ૧૭૦૦માં મોટાં ૯૫ અને નાનાં ૫૦૦ દેરાસરો હતાં. ત્યાર બાદ અલાઉદ્દીન ખિલજીએ ઘણું જ નુકસાન કરેલ હતું. હાલમાં ૮૪ મોટાં અને ૧૩૪ નાનાં દેરાસરો છે. પાટણ શૂરતા, સત્યતા, પવિત્રતા અને સાહસિકતા માટે પ્રખ્યાત છે. જૈન સાહિત્ય, કલા અને સંસ્કૃતિના અખૂટ ભંડાર જેવા આ શહેરમાંથી સેંકડો વીર પુરુષો, આચાર્યો, શ્રેષ્ઠીઓ, શ્રાવકોએ દુનિયાભરમાં પાટણને મશહૂર કર્યું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. મહેસાણા ૩૦ કિ.મી. સિધ્ધપુર ૧૯ કિ.મી. અને ચારૂપ ૮ કિ.મી. છે.

## ૧૫. શ્રી મેત્રાણા તીર્થ

**મૂળનાયક :** શ્રી આદિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.



દેલવાડા
શીરોહી રોડ
ફાલના, રાણકપુર તરફ
આબુરોડ
કુંભારીયા
અંબાજી
નાના,મોટા પોસીના
ખેડબ્રહ્મા
વડાલી
ઈડર
હિંમતનગર
શામળાજી થઈ
કેશરીયાજી તરફ
થરાદ
બારમેર
રાજસ્થાન તરફ
ઢીમા
ભોરોલ
દીઆ
વાવ
ડીસા
પાલનપુર
દાંતા
તારંગા
ભીલડીયા
ભાંભર
ચારૂપ
મેત્રાણા
પાટણ
સિધ્ધપુર પાટણ
ખેરાલુ
રાધનપુર
કચ્છ તરફ
વાલમ
વિસનગર
ચાણસ્મા
આગલોડ
વિજાપુર
મહુડી
મહેસાણા
સમી
હારીજ
શ્રી શંખેશ્વર
દસાડા
વિરમગામ
અમદાવાદ
પાલીતાણા
વડોદરા તરફ

**તીર્થસ્થળ :** પ્રાપ્ત થતા શિલાલેખો ઉપરથી આ તીર્થ ૧૪મી સદી પૂર્વેનું છે. કેટલાક સમય સુધી આ તીર્થ અપરિચિત રહ્યા બાદ એક ભાગ્યવાન શ્રાવકને આવેલા સ્વપ્ન અનુસાર આ પ્રતિમાજી ઉપરાંત આદિનાથ ભગવાન શાન્તિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન, તથા પદ્મપ્રભુ ભગવાનની પ્રતિમાઓ વિ. સં. ૧૮૯૯માં ભૂગર્ભમાંથી મળી આવેલ. રહેવા અને જમવાની સગવડ છે. સિધ્ધપુરથી ૧૬-૧૮ કિ.મી. છે.

## ૧૬. શ્રી ચારૂપ તીર્થ

**મૂળનાયક :** શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રભુપ્રતિમાજીનો ઈતિહાસ ખૂબ જ પ્રાચીન છે. પ્રાચીન કાળમાં શ્રી અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી એમાંની આ એક છે. પ્રભુપ્રતિમા પ્રાચીન કલાનો અદ્વિતીય નમૂનો છે. પ્રતિમાજીમાં તપસ્વીની કૃશતા, સ્વસ્થતા, શાંતિ, ગંભીરતા અને નિરાગીપણાનાં ચિહ્નો સ્પષ્ટ દેખાઈ આવે છે. નજીકનું ગામ પાટણ ૧૦ કિ.મી. છે. ચારૂપ ગામનો થોડો રસ્તો કાચો છે પણ દેરાસર સુધી સહેલાઈથી જવાય છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

## ૧૭. શ્રી ભીલડિયાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** પ્રભુપ્રતિમાજી ખૂબ જ પ્રાચીન અને કલાત્મક છે પરમ પૂજ્ય શ્રી કપિલ કેવલીના સુહસ્તે પ્રતિષ્ઠિત થયેલી છે એવું મનાય છે. એક કિંવદંતી અનુસાર સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી પણ મનાય છે. પ્રતિમાજી અત્યંત ચમત્કારિક અને કલાત્મક છે. દંતકથા અનુસાર શ્રી શ્રેણિક કુમારે એક રૂપવતી ભીલડી કન્યા સાથે લગ્ન કર્યા બાદ આ શહેર વસાવ્યું હતું. એક લેખ અનુસાર અહીં એક સમયે સવાસો શિખરબંધ દેરાસર હતાં. અલાઉદ્દીન ખિલજીએ કરેલા આક્રમણને કારણે ઘણું નુકસાન થયું હતું. આ શહેર આખું બળીને ભસ્મ થયેલું મનાય છે. હમણાં પણ બળેલી ઈંટો, કોલસા, રાખ વગેરે જમીનમાંથી મળી આવે છે. આ ગામ ફરી વસ્યા પહેલાં સરીયદ ગામના શ્રાવકોએ પોતાના ગામે આ પ્રતિમાજી લઈ જવાનો પ્રયાસ કરતાં પ્રભુએ પરચો બતાવી ચમત્કાર કરેલ જેથી આ પ્રતિમાજી અહીં જ રાખી આ તીર્થની ફરીથી સ્થાપના થયેલ. ભીલડી ગામ ડીસાથી ૨૪ કિ.મી. છે. રહેવા માટે વિશાળ ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૧૮. શ્રી કુંભારિયાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ અત્યંત વિશાળ દેરાસરનું નિર્માણ શેઠ શ્રી વિમલશાહ દ્વારા લગભગ વિ. સં. ૧૦૮૮ના સમયે થયેલ. આ ઉપરાંત અહીં બીજા ચાર દેરાસરો

છે. આ તીર્થ જોડે જોડાયેલ કથા પ્રમાણે શ્રી પાસીલ શ્રેષ્ઠીએ અહીં એક દેરાસરનું નિર્માણ શ્રી અંબિકાદેવીની આરાધના કરીને કરાવ્યું હતું. એક પ્રસંગે એમની ઉપેક્ષા થતાં આ નિર્માણ અપૂર્ણ જેવું રહ્યું અને પાસીલે દીર્ઘ દૃષ્ટિ વાપરી ભગવાનની પ્રતિષ્ઠા કરાવડાવી. અહીંના દેરાસરોમાં ભવ્ય, વિશાળ, મહાકાય પ્રતિમાઓનાં દર્શન થાય છે. અહીંની છતોમાં બારીક શિલ્પકલા જોવાલાયક છે. જેમાં ભાવિચોવીસીના તીર્થંકરોનાં માતાપિતા, છત્રધર, વર્તમાન ચોવીસી, તેમનાં માતાપિતા, ચૌદ સ્વપ્ન, મેરુપર્વત અને ઈન્દ્ર દ્વારા જન્મ-અભિષેક, શ્રી શાન્તિનાથ ભગવાનનું સમવસરણ, શ્રી નેમીનાથ ભગવાનના પાંચ કલ્યાણક, શ્રી પાર્શ્વનાથ ભગવાન દ્વારા કર્મઠ યોગીને અહિંસાનો ઉપદેશ, શ્રી ધરણેન્દ્રદેવના ભગવાનને નમસ્કાર કરવા ઉપરાંત અનેક ભાવપૂર્ણ પ્રસંગો કોતરેલા છે. કલા ધ્યાનથી જોવા જેવી છે. નવી ધર્મશાળા બ્લૉક ટાઈપની છે. અંબાજીથી ૧ કિ.મી. છે. આબુથી ૨૮. કિ. મી. છે.

## ૧૯. શ્રી તારંગા તીર્થ

**મૂળનાયક:** શ્રી અજિતનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ, લગભગ ૯. (શ્વેતાંબર દેરાસર)શ્રી આદીશ્વર ભગવાન દિગંબર દેરાસર.

**તીર્થસ્થળ:** શ્રી જૈનાચાર્ય પ્રભાવક શ્રી હેમચન્દ્રસુરીજી દ્વારા પ્રતિબોધિત ગુજરાતનરેશ શ્રી કુમારપાળ દ્વારા આ તીર્થનું વિક્રમસંવતની બારમી સદીમાં નિર્માણ થયેલ છે. આ ઉપરાંત અહીં દિગંબર દેરાસર અને વિક્રમસંવતની પહેલી સદીમાં શ્રી સિધ્ધાયિકાદેવીનું દેરાસર નિર્માણ થયું હોવાનો ઈતિહાસ છે. હાલના શ્વેતાંબર દેરાસરનાં શિખરોની ઊંચાઇ, કલા, વિશાળ રંગમંડપ વગેરે જોવા લાયક છે. એક જૂની લોકવાયકા પ્રમાણે "આબુની કોતરણી, રાણકપુરની બાંધણી, તારંગાની ઊંચાઈ અને શેત્રુંજયનો મહિમા" આ ચીજોની જોડી મળવી મુશ્કેલ છે. આ શ્વેતાંબર દેરાસરની દક્ષિણમાં કોટીશિલા નામક સ્થળ છે જ્યાંથી અનેક મુનિગણો ઘોર તપસ્યા કરી મોક્ષે સિધાવ્યા છે. એક લોકવાયકા પ્રમાણે શ્રી કુમારપાળે ૩૨ માળના શિખરનું દેરાસર બંધાવ્યું હતું. કાળક્રમે જીર્ણોધ્ધાર વખતે શિખરની ઊંચાઇ ઘટાડવામાં આવી હશે. શ્રી અજીતનાથ ભગવાનની આવી ભવ્ય અને વિશાળ મૂર્તિનાં દર્શન દુર્લભ છે. રહેવા અને જમવાની સગવડો છે. મહેસાણાથી ૭૨ કિ.મી., વિસનગરથી ૫૧ કિ.મી. ખેરાળુથી ૨૪ કિ.મી. અને તારંગાહિલથી ૫ કિ.મી. છે.

## ૨૦. શ્રી ખેડબ્રહ્મા તીર્થ

**મૂળનાયક:** શ્રી મહાવીર સ્વામી ભગવાન, કથ્થાઈ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ તીર્થ ઘણું જ પ્રાચીન છે અને હાલનું દેરાસર લગભગ ૫૦૦ વર્ષ જૂનું છે. આ ઉપરાંત અહીં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે.

ખેડબ્રહ્મા, ઈડર નજીકનું મોટું ગામ છે.

## ૨૧. શ્રી વડાલી તીર્થ

**મૂળનાયક :** શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આ દેરાસર લગભગ બારમી સદી પહેલાંનું માનવામાં આવે છે. પ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે. એક વખતે પ્રભુપ્રતિમામાંથી અસીમ માત્રામાં અમી ઝર્યા કરતું હોવાને કારણે ભક્તજનો આ પ્રતિમાજીને અમીઝરા પાર્શ્વનાથ ભગવાન તરીકે ઓળખે છે. આ ઉપરાંત અહીં શ્રી આદિનાથ ભગવાન અને શ્રી શાન્તિનાથ ભગવાનનું એમ બીજાં બે દેરાસરો છે. ખેડબ્રહ્મા, ઈડર માર્ગે ઈડરથી ૧૪ કિ.મી. હિંમતનગરથી ૪૪ કિ.મી. વડાલી ગામે ધર્મશાળા છે. ભોજનશાળાની વ્યવસ્થા નથી.

## ૨૨. શ્રી ઈડર તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી મહાવીર સ્વામી ભગવાનના ૨૮૫ વર્ષ બાદ શ્રી સંપ્રતિ રાજાએ આ તીર્થે શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હોય એવો ઉલ્લેખ ઈતિહાસમાં છે. શ્રી કુમારપાળ રાજાએ આ તીર્થના જિર્ણોધ્ધાર વખતે શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. સત્તરમી સદીમાં સંઘે જીર્ણોદ્ધાર કરાવી શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. આ તીર્થ એક વિરાટ નગરીમાં ઉચ્ચ સ્થાને છે. પહાડ ઉપર કિલ્લામાં આવેલા આ તીર્થનું દૃશ્ય રમણીય છે. પહાડ ઉપર ચઢવાનાં ૬૦૦ પગથિયાં છે. લગભગ પોણો કલાક જેટલો સમય લાગે છે. "ઈડરિયો ગઢ" લોકવાયકામાં પ્રખ્યાત છે. ઈડર ગામમાં રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે.

## ૨૩. શ્રી મોટા પોસીના તીર્થ

**મૂળનાયક :** શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રાચીન તીર્થનું નિર્માણ શ્રી કુમારપાળ રાજાએ કરાવ્યું હતું એવી લોકવાયકા છે. આ પ્રતિમા એ સમયે અહીં એક વૃક્ષ નીચે ભૂગર્ભમાંથી પ્રગટ થયાં હતાં. રહેવા માટે ધર્મશાળા તથા ભોજનશાળા છે. આ સિવાય અહીં બીજાં ત્રણ દેરાસરો છે. ખેડબ્રહ્માથી ૪૦ કિ.મી. છે.

## ૨૪. શ્રી વાલમ તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમિનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થનો ઈતિહાસ અત્યંત પ્રાચીન છે. કહેવાય છે કે પ્રાચીન કાળમાં અષાઢી શ્રાવકે ત્રણ જિન પ્રતિમાઓ ભરાવ્યાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળી આવે છે. તેમાંની આ એક પ્રતિમાજી છે. પ્રતિમાની કલાકૃતિ ઉપરથી

એની પ્રાચીનતા સિદ્ધ થાય છે. નેમિનાથ ભગવાનની આટલી પ્રાચીન અને સુંદર પ્રતિમાનાં દર્શન જરૂર કરવાં. વીસનગરથી ૧૦ કિ.મી. અને ઊંઝાથી ૧૧ કિ.મી. છે. ધર્મશાળા તથા ભોજનશાળા છે.

## ૨૫. શ્રી મહેસાણા તીર્થ

**મૂળનાયક :** શ્રી સીમંધરસ્વામી, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ, લગભગ ૧૨.

**તીર્થસ્થળ :** મળી આવતા પ્રાચીન શિલાલેખો ઉપરથી આ શહેર વિ. સ. ૧૫મી સદી પહેલાંનું છે. આ ગામમાં કુલ્લે ૧૫ દેરાસરો છે. સૌથી પ્રાચીન અને મોટું દેરાસર શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનનું ગામના બજારની વચમાં છે. ગામમાં અનેક જૈન સંસ્થાઓ કાર્ય કરે છે. ઘણી પાઠશાળાઓ છે જ્યાં મુનિવરગણ તથા શ્રાવકો ધર્મનો ઊંડો અભ્યાસ કરે છે. શ્રી યશોવિજ્ય સંસ્કૃત પાઠશાળાની પ્રવૃત્તિઓ ઉલ્લેખનીય છે.

શ્રી સીમંધર સ્વામી જૈન દેરાસરનું નિર્માણ પરમ પૂજ્ય શ્રી કૈલાસ-સાગર સુરીશ્વરજીની પ્રેરણાથી આ જ સદીમાં વિ. સં. ૨૦૨૮માં થયેલ છે. જૈન શાસ્ત્રાનુસાર શ્રી સીમંધર સ્વામી કેવલજ્ઞાન પછી આજે પણ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરણ કરે છે. પ્રભુની વિશાળ પ્રતિમાજી તથા ગગનચુંબી વિશાળ મંદિર ભવ્ય છે. આ દેરાસર નેશનલ હાઈવે ઉપર આવેલું છે. રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે.

## ૨૬. શ્રી ગાંભુ તીર્થ

**મૂળનાયક :** શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીંનો ઈતિહાસ વિ. સં. ૯મી સદી પૂર્વેનો ગણાય છે. શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી શ્રીસંપ્રતિ રાજાના સમયનાં ગણાય છે. અહીં ઘણી પ્રતિમાઓ ભૂગર્ભમાંથી મળી આવેલ છે. પ્રાચીન સંપ્રતિ રાજાના સમયની ઘણી પ્રતિમાઓ મુંબઈ, તળાજા, પાલીતાણા વગેરે સ્થળોએ મોકલવામાં આવી છે. અહીં અનેક જૈન ગ્રંથોની રચના થયેલ છે. "શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર" ઉપરાંત બીજા અનેક ગ્રંથો અહીં આઠમી-નવમી સદીમાં તાડ- પત્રો ઉપર લખાયેલ છે રહેવા માટે ધર્મશાળા છે. ભોજનશાળાની સગવડ નથી. મહેસાણાથી મોઢેરા રોડ માર્ગ ઉપર ગણેશપુરા થઈને ગાંભુ લગભગ ૨૦ કિ.મી. છે. પ્રભુપ્રતિમાની કલા ખૂબ જ શોભાયમાન છે. પ્રભુજી સાક્ષાત્ હસતા હોય એવી સૌમ્યતાભરી પ્રતિમા જોઈ પ્રભુ, સાક્ષાત્ બિરાજેલા હોય એવું પ્રતીત થાય છે.

## ૨૭. શ્રી મોઢેરા તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રાચીન તીર્થસ્થળ વિ. સં. ૯મી સદી પહેલાંનું છે. અહીં ગામ નજીકનાં ખંડેરોમાં વિપુલ પ્રમાણમાં પ્રતિમાઓનો સંગ્રહ મળી આવેલ છે. આ ઉપરાંત પ્રાચીન કલાત્મક અવશેષો મળેલ છે. શાસ્ત્રોમાં અહીં

પહેલાં શ્રી મહાવીર સ્વામીનું દેરાસર હોવાનો અને શ્રી બપ્પ ભટ્ટાચાર્યજીનું આકાશમાર્ગે હમેશાં આ દેરાસરમાં દર્શન કરવા આવવું એવો ઉલ્લેખ છે.

* કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીની આ જન્મભૂમિ છે. મહાત્મા ગાંધી પણ મોઢ જ્ઞાતિના હતા. તેમના પૂર્વજોની આ જન્મભૂમિ છે.

અહીંનું વિશાળ સૂર્યમંદિર ભારતીય કલા માટે પ્રખ્યાત છે. બહુચરાજીથી ૧૩, ચાણસ્માથી ૨૫ અને રાંતેજથી ૧૬ કિ.મી.ના અંતરે છે. જૈન ધર્મશાળા કે ભોજનશાળા નથી. આ સ્થળે સૂર્યમંદિર જેવાં અન્ય હિંદુ મંદિરો છે. ગુજરાત ટૂરિઝમ દ્વારા અહીં સગવડો વધારવાનો પ્રયાસ થઈ રહેલ છે.

## ૨૮. શ્રી કમ્બોઈ તીર્થ

**મૂળનાયક :** શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** કમ્બોઈ ગામ વિ. સં. ની ૧૧મી સદી પહેલાંનું ગણાય છે. પ્રતિમાજીની આકૃતિ અને કલાકૃતિ ઉપરથી તે રાજા સંપ્રતિકાળની માનવામાં આવે છે. અનેક તીર્થગ્રંથોમાં કમ્બોઈનો ઉલ્લેખ છે. આ દેરાસરમાં કાચનું કામકાજ વખાણવાલાયક છે. દેરાસરમાં ઘણી પ્રાચીન પ્રતિમાઓ છે. ગામમાંથી હજી ઘણી જગ્યાએથી પ્રાચીન પ્રતિમાઓ મળી આવે છે. હારિજ-મહેસાણા માર્ગ ઉપર ચાણસ્માથી ૧૬ કિ.મી.ના અંતરે છે. રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે. ભાથું પણ અપાય છે. સુંદર તીર્થ છે.

## ૨૯. શ્રી ચાણસ્મા તીર્થ

**મૂળનાયક :** શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન, ધરણેન્દ્ર-પદ્માવતી સાથે, પરિકર યુક્ત, તમાકુ વર્ણ, પદ્માસનસ્થ, રેણુની પ્રતિમાજી.

**તીથસ્થળ :** પ્રમાણપત્ર સાથે મળી આવતા ઉલ્લેખો ઉપરથી આ તીર્થની સ્થાપના વિ. સં. ૧૪મી સદી પહેલાંની છે. કહેવાય છે કે સદીઓ પહેલાં ઈડર ગામથી નજીક આવેલા ભાટુઆર ગામના શ્રાવક સૂરચન્દ્રના પુણ્યયોગે આ પ્રતિમાજી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયાં હતાં. ત્યાર બાદ ત્યાંના રાજાની કનડગતને કારણે તેમણે આ પ્રતિમા ફરી ભૂગર્ભમાં સુરક્ષિત રાખી હતી. કાળક્રમે આ પ્રતિમાજી અહીં લાવી આ તીર્થનું નિર્માણ કરવામાં આવેલ છે. એક માન્યતા અનુસાર આ પ્રતિમાજી છ લાખ વર્ષ પ્રાચીન છે. આ દેરાસરની ભમતીમાં આ પ્રતિમાજીનો પ્રાચીન ઈતિહાસ અને એની કથા, સુંદર ચિત્રકામો દ્વારા વર્ણન કરેલ છે આ કથા પ્રમાણે વર્ષો પહેલાં બનેલ આ પ્રતિમાજી ઘણા સમય સુધી દેવલોકમાં પૂજાયેલ છે. આ તીર્થ મહેસાણા, હારિજ માર્ગ ઉપર છે. રહેવા માટે ધર્મશાળાની સગવડ છે.

## ૩૦. શ્રી શિયાણી તીર્થ

મૂળનાયક: શ્રી શાંતિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

તીર્થસ્થળ: આ તીર્થ ઘણું જ પ્રાચીન છે પણ ચોક્કસતા જાણવી મુશ્કેલ છે. કહેવાય છે કે પ્રતિમાજી સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલ છે. સુરેન્દ્રનગર જિલ્લાનું આ પ્રાચીનતમ તીર્થ ગણાય છે. નજીકનું શહેર લીંબડી ૧૩ કિ.મી. છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૩૧. શ્રી શેત્રુંજય તીર્થ

મૂળનાયક: શ્રી આદીશ્વર ભગવાન, શાંત અને સુંદર, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ, લગભગ ૭.'

તીર્થસ્થળ: જૈન શાસ્ત્રો અનુસાર આ તીર્થને પ્રાય: શાશ્વત તીર્થ માનવામાં આવે છે. સદાયે આ તીર્થનો મહિમા અપાર રહ્યો છે. વર્તમાન ચોવીસીમાં ૨૩ તીર્થંકરોએ અહીં પદાર્પણ કરેલ છે. શ્રી આદીશ્વર ભગવાન અહીં નિયમિત પદાર્પણ કરતા અને ડુંગર ઉપરના રાયણના વૃક્ષ નીચે તપ-આરાધના પણ કરેલ છે. ભગવાન શ્રી આદીશ્વર પૂર્વ નવાણું વખત સિદ્ધાચલ ગિરિરાજ ઉપર પધાર્યા હતા એટલે આજે પણ નવાણું યાત્રાનો મહિમા છે.

આ તીર્થની સુંદરતા, ભવ્યતા, વિશાળતા અને ખાસ તો અપરંપાર મહિમાનું વર્ણન શબ્દોથી કરવું મુશ્કેલ છે. બની શકે તો "શ્રી શત્રુંજય તીર્થની ગૌરવગાથા." લેખક શ્રી આ. વિજય સદ્‌ગુણસૂરીનું પુસ્તક જરૂરથી વાંચવું. આ પુસ્તકમાં આ તીર્થનો વિસ્તારપૂર્ણ અભ્યાસ છે. સમુદ્રથી સારી એવી ઊંચાઈએ આવેલા આ સ્થળ ઉપર પહોંચવા વ્યવસ્થિત પગથિયાં બનાવેલ છે. સાધારણ રીતે સવા કલાક જેવો સમય ઉપર પહોંચતાં થાય છે. ડોળીનું સાધન પણ ઉપલબ્ધ છે. લગભગ ૮૦૦ જેટલાં શિખરબંધ દેરાસરો (નાનાં-મોટાં) અને લગભગ સત્તર હજાર પ્રતિમાઓનો અહીં ભંડાર છે. આ તીર્થના ૧૬ જીર્ણોદ્ધાર આ કાળમાં થયેલ છે. શાસ્ત્રો અનુસાર છઠ્ઠા આરામાં હજી એક જીર્ણોદ્ધાર થશે.

વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા ૧૬ ઉદ્ધાર નીચે પ્રમાણે છે.

૧. શ્રી આદીશ્વર ભગવાનના પુત્ર શ્રી ભરત ચક્રવર્તી દ્વારા.
૨. શ્રી દંડવીર્ય નામના રાજા દ્વારા.
૩. શ્રી પહેલા અને બીજા તીર્થંકરોની વચ્ચેના સમયમાં શ્રી ઈશનેન્દ્ર દ્વારા.
૪. શ્રી મહેન્દ્ર ઈન્દ્ર દ્વારા.
૫. પાંચમા દેવલોકના ઈન્દ્ર દ્વારા.
૬. શ્રી ચમરેન્દ્ર દ્વારા.
૭. શ્રી અજીતનાથ ભગવાનના સમયમાં સગર ચક્રવર્તી દ્વારા.

૮. શ્રી અભિનન્દનસ્વામી ભગવાનના સમયમાં શ્રી વ્યંતરેન્દ્ર દ્વારા.
૯. શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનના સમયમાં શ્રી ચન્દ્રયશા રાજા દ્વારા.
૧૦. શ્રી શાન્તિનાથ ભગવાનના પુત્ર શ્રી ચક્રાયુદ્ધ દ્વારા.
૧૧. શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં શ્રી રામચન્દ્રજી દ્વારા.
૧૨. શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં પાંડવો દ્વારા.
૧૩. વિ. સં. ૧૦૮માં મહુવાનિવાસી શ્રી જાવડશાહ દ્વારા.
૧૪. વિ. સં. ૧૨૧૩માં શ્રી કુમારપાળ રાજાના મંત્રી શ્રી બાહુડ દ્વારા.
૧૫. વિ. સં. ૧૩૭૧માં શ્રી સમરાશાહ દ્વારા.
૧૬. વિ. સં. ૧૫૮૭માં ચિતોડનિવાસી શ્રી કરમશાહ દ્વારા.

આ પ્રાય:શાશ્વત તીર્થના અનેક ઉદ્ધારો થયા છે. ભવિષ્યકાળમાં સત્તરમો ઉદ્ધાર થવાનું શાસ્ત્રો જણાવે છે. આ ઉપરાંત અશોક રાજાના પૌત્ર શ્રી સંપ્રતિરાજા, આમરાજા, વિક્રમાદિત્ય, તેજપાલ સોની, વર્તમાન પેઢી વગેરેએ સમય અનુસાર જરૂરી જીર્ણોદ્ધાર કરાવેલ છે.

અહીંની ટૂંકો આ પ્રમાણે છે : (૧) શેઠ નરશી કેશવજીની ટૂક (૨) ચૌમુખજીની ટૂક (૩) છીપા વસહી ટૂક (૪) સાકર વસહી ટૂક (૫) નંદીશ્વર ટૂક (૬) હેમ વસહી ટૂક (૭) પ્રેમ વસહી ટૂક (૮) બાલા વસહી ટૂક (૯) શ્રી મોતીશાહની ટૂક.

આ ઉપરાંત મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની મુખ્ય ટૂક છે. આ ઉપરાંત રાયણવૃક્ષ, ઘેટી પાગ વગેરે જગ્યાઓ છે. આ મહાન તીર્થના ભક્તિભાવથી યાત્રા કરી દર્શન-સેવા-પૂજા કરતાં ભવોભવના સાગર તરી જવાય છે.

તળેટીમાં શ્રી મહાવીર સ્વામી સમવસરણ દેરાસર સુંદર કલાત્મક રીતે બનાવેલ છે જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮ પ્રતિમાઓ છે. આ ઉપરાંત આગમ મંદિરમાં ભીંતમાં કંડારેલા આગમો તથા આ ચોવીસી તથા મહાવિદેહ ક્ષેત્રના ૨૦ તીર્થંકરોની ચૌમુખી પ્રતિમાનાં દર્શન કરી શકાય છે. કેશરિયાજીનું દેરાસર તથા કાચનાં દેરાસરો પણ સુંદર છે.

શ્રી શેત્રુંજયની બીજી બાજુએ ઘેટી પાઘ ઉપર શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં છે. આ ઉપરાંત નવા પ્રકારની રચનાવાળું એક સુંદર દેરાસર છે. ભમતીમાં નંદીશ્વર દ્વીપની ચૌમુખી પ્રતિમાઓ રાખેલ છે. ઉપરાંત બીજાં બે દેરાસરો છે. એક શ્રી ઘંટાકર્ણ મહાવીરનું દેરાસર તથા દેરી છે. આ બધું ઘેટી પાઘ સ્થળે છે. ઉતરાણ સહેલું છે. શાસ્ત્રોમાં આ તીર્થનાં ૧૦૮ નામ આપવામાં આવ્યાં છે.

અહીંનું વિસ્તારપૂર્વક વર્ણન સમજીને જતાં અનેરો આનંદ આવે છે. તળેટીમાં ઘણા દેરાસરો છે. આગમ મંદિરમાં ભીંતમાં કોતરેલા આગમો

જરૂર જોવા જેવા છે. આ ઉપરાંત કેશરિયાજીનું, કાચનું વગેરે ઘણાં ભવ્ય દેરાસરો છે. અહીં શાન્તિપૂર્વક અભ્યાસ કરીને દર્શન કરતાં ઘણું જાણવા મળે એવું છે.

ગામમાં અનેક ધર્મશાળાઓ અને ભોજનશાળાઓ છે. ભાવનગરથી ૪૮ કિ.મી. શિહોરથી ૨૯ કિ.મી.ના અંતરે છે. આ તીર્થનો ઘણો જ મહિમા છે.

પાલીતાણાથી શિહોર માર્ગે સોનગઢ ગામે દિગમ્બર સંપ્રદાયનું શ્રી કાનજીસ્વામી સંપ્રદાયનું રમણીય સ્થળ આવેલ છે. દર્શન જરૂર કરવા જેવાં છે.

એ જ માર્ગ પર પાલીતાણા નજીક પિપરિયાળા ગામે રોડ પર કીર્તિમંદિરનું નિર્માણ થઇ રહ્યું છે. સુંદર જિનાલય, ધર્મશાળા, ભોજનશાળા વગેરે છે.

## ૩૨. શ્રી કદમ્બગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ સ્થળ શેત્રુંજય તીર્થની પંચતીર્થીમાંનું એક છે. પ્રાચીનતાનો સંબંધ શ્રી શત્રુંજય ગિરિરાજ સાથે છે. ગઇ ચોવીસીના દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણી પ્રભુના ગણધર શ્રી કદમ્બ મુનિ અનેક મુનિઓ સહિત અહીંથી મોક્ષ પામ્યા હતા. મુખ્ય દેરાસરની બાજુમાં બીજાં બે, નેમિનાથ ભગવાન અને સીમંધર સ્વામીનાં દેરાસર છે. એક બીજા દેરાસરના ભંડારમાં હજારો નાનીમોટી કલાપૂર્ણ પ્રતિમાઓનાં દર્શન થાય છે. પાલીતાણાથી ૧૯, ભંડારિયાથી ૮ અને બોદાનોનેસથી ૪ કિ.મી. છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. પહાડનું ચઢાણ આર્ધા એક કલાકનું છે.

## ૩૩. શ્રી હસ્તગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાનની ચરણપાદુકા, પીરોજી વર્ણ.


**તીર્થસ્થળ :** કહેવાય છે કે આદીશ્વર ભગવાનના જ્યેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તી અહીં મોક્ષ પામેલ. એમના હાથી અનશન કરી અહીં સ્વર્ગે સિધાવેલ એથી આ પર્વત હસ્તગિરિ કહેવાય છે. શાંત અને રમણીય આ સ્થળ પવિત્ર સાધના માટે અનુપમ છે. પાલીતાણાથી ૧૬ કિ.મી. છે. જાળિયા (અમરાજી) થઈને આવી શકાય છે. ભોજનશાળાની સગવડ છે.

## ૩૪. શ્રી તાલધ્વજગિરિ તીર્થ

(તળાજા)

**મૂળનાયક :** શ્રી સાચા સુમતિનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ શ્રી શેત્રુંજય તીર્થની પંચતીર્થીનું એક સ્થળ ગણાય છે. આ પ્રતિમાજી વિ. સં. ૧૮૭૨માં ભૂગર્ભમાંથી પ્રગટ થયા બાદ ગામના લોકોની રોગચાળા જેવી વ્યાધિઓ દૂર થતાં સાચા સુમતિનાથ તરીકે ઓળખાય છે. આ તીર્થના અંતિમ ઉદ્ધાર વખતે શરૂ થયેલી અખંડ જ્યોતમાંથી


કચ્છ તરફ
નભીતળાવ થઈ વિરમગામ તરફ
અમદાવાદ તરફ
ધોળકા (કલીકુંડ)
વાયા તારાપુર-વડોદરા તરફ
ચોટીલા
બગોદરા
રાજકોટ
વલ્લભીપુર
ગોંડલ
શીહોર
ભાવનગર
સોનગઢ
જૂનાગઢ
શ્રી ગિરનારજી
શ્રી શેત્રુંજયજી
પાલીતાણા
ઘેટી
ઘોઘા
ડેમ
હસ્તગીરી
કદંબગીરી
વંથલી
માંગરોળ
વેરાવળ
તળાજા
સોમનાથ
ચન્દ્રપ્રભાસ પાટણ
દાઠા
અજાહરા
ઊના
કોડીનાર
દેલવાડા
મહુવા
દીવ

કેશરિયા કાજળનાં દર્શન થાય છે. આ ઉપરાંત અહીં કોટમાં આવેલા દેરાસરોનાં, ગુરુમંદિરમાં દર્શનનો આનંદ મળે છે. ટેકરી ઉપર આવેલા આ મનોહર સ્થળ ઉપર પહોંચતાં વીસેક મિનિટનું સહેલું ચઢાણ છે. પાલીતાણાથી આ સ્થળ ૩૮ કિ.મી. છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

પાલીતાણાથી તળાજા થઈ તળાજાથી મહુવા જતાં દાંઠા તીર્થ આવે છે. તળાજા મહુવા રોડ ઉપર ૮ કિ.મી. અંદર જવું પડે છે. (આવવા-જવા ૧૬ કિ.મી.) અહીં કાચનું સુંદર દેરાસર છે. ઘણી સારી કથાઓનાં ચિત્રપટો છે. મૂળનાયક શ્રી શાન્તિનાથ ભગવાન છે.

## ૩૫. શ્રી ઘોઘા તીર્થ

**મૂળનાયક :** શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ સ્થળ બારમી સદી પૂર્વેનું છે. પરંતુ પ્રતિમાજી તેનાથી પણ ઘણાં પ્રાચીન છે. મુસલમાનોના સમયમાં પ્રતિમાનું ખંડન થતાં નવ ટુકડાઓ થયા હતા. અધિષ્ઠાયક દેવની કૃપા મેળવી શ્રાવકોએ આ ટુકડાઓને લાપસીમાં રાખતાં આ પ્રતિમા જેવા હતા તેવા જ થઈ ગયા. નવ જગ્યાનાં નિશાન હજી દેખાય છે. ત્યારથી શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન કહેવાય છે. આ ઉપરાંત બીજાં બે દેરાસરો છે. આ ગામે ઘણી જ પ્રાચીન, કલાત્મક અને વિશિષ્ટ મહત્ત્વની પ્રતિમાઓનાં દર્શન થાય છે. ભાવનગરથી ૨૧ કિ.મી. ધર્મશાળા અને ભોજનશાળા છે.

## ૩૬. શ્રી મહુવા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થાન :** અત્યંત રમણીય સ્થળે આવેલા આ તીર્થની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે. શ્રી શેત્રુંજય તીર્થની પંચતીર્થીનું એક સ્થળ ગણાય છે. પ્રતિમાજી જીવિત સ્વામી કહેવાય છે જે એની પ્રાચીનતા સિદ્ધ કરે છે. શાસન-પ્રભાવક શેઠ શ્રી જાવડશાહ (જેમણે વિ. સં. ૧૦૮માં શ્રી શેત્રુંજય તીર્થનો તેરમો ઉદ્ધાર કરાવ્યો હતો), શ્રી જગડુશાહ (કુમારપાળના સમયમાં), શ્રી નેમીસુરીશ્વરજી, આ. શ્રી વિજયધર્મ સુરીશ્વરજી વગેરે મહાત્માઓની આ જન્મભૂમિ છે. ભગવાનનાં પ્રતિમાજી ભવ્ય અને રુઆબદાર છે. ભોજનશાળા અને ધર્મશાળાની સગવડ છે.

પાલીતાણાથી તળાજા આવતાં રસ્તામાં શ્રી શેત્રુંજય ડેમ નજીક સુંદર દેરાસરનાં દર્શન કરી શકાય છે. સુંદર પ્રતિમાઓ છે. શ્રી ચક્રેશ્વરી-દેવી તથા શ્રી પદ્માવતીદેવીની પ્રતિમાઓ છે. પાલીતાણાથી લગભગ આઠદસ કિ.મી.ના અંતરે છે.

## ૩૭. શ્રી ઉના તીર્થ

**મૂળનાયક :** શ્રી આદિનાથ ભગવાન, બદામી વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ શ્રી સંપ્રતિ રાજાના કાળનું ગણાય છે. આ દેરાસરના ભોંયરામાં આદિનાથ ભગવાનની વિશાળ પ્રતિમા દર્શનીય છે. આની પાસે જ એક બીજા ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમામાંથી અનેક વખતે અમી ઝરે છે. ક્યારેક એક વૃદ્ધ સાપ પ્રભુપ્રતિમા ઉપર છત્ર કરીને રહેલ દેખાય છે. અકબર પ્રતિબોધક આચાર્ય શ્રી વિજયહીર સુરીશ્વરજી અહીં નિર્વાણ પામેલ છે. અહીં પાંચેક બીજાં દેરાસરો છે. ઘણી કલાત્મક પ્રતિમાઓ સંપ્રતિ રાજાના સમયની છે. ઉના ગામે આવેલા આ પ્રાચીન તીર્થે ભોજનશાળા સિવાય બધી સગવડો છે. ઉના ગામથી ઉત્તર દિશાએ તુલસીશ્યામ નામનું પર્યટન-સ્થળ વિકાસ પામી રહેલ છે. અહીં ટી.બી.ની વિખ્યાત હૉસ્પિટલ છે. અહીંના રસ્તા સાંકડા હોવાથી વાહન વાળતાં અડચણ થાય—એટલે પહેલેથી રસ્તો બરોબર પૂછી લેવો. પાંચ દેરાસરજી સાથે છે. એક દેરાસર નવું બની રહેલ છે.

## ૩૮. શ્રી દીવ તીર્થ

**મૂળનાયક :** શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન, રાતો વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થાન :** આ તીર્થ ઘણું જ પ્રાચીન છે. બૃહત કલ્પસૂત્રમાં આ તીર્થનો ઉલ્લેખ છે. સમુદ્રની વચ્ચે ટાપુ ઉપર વસેલા આ ગામનું કુદરતી સૌંદર્ય અને પ્રભુપ્રતિમા ખૂબ જ મનોરમ્ય અને પ્રભાવશાળી છે. રહેવાની કે જમવાની ખાસ કોઈ વ્યવસ્થા નથી. નજીકનું ગામ દેલવાડા ૮ કિ.મી., ઉના ૧૩ કિ.મી. છે. આ ઉપરાંત અહીં બીજાં બે દેરાસર છે.

## ૩૯. શ્રી અજાહરા તીર્થ

**મૂળનાયક :** શ્રી અજાહરા પાર્શ્વનાથ ભગવાન, કેસર વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થાન :** આ પ્રભુપ્રતિમાજી ભવ્ય અને અતિ પ્રાચીન છે જેનું અનુમાન કરવું મુશ્કેલ છે. રત્નસાર નામનો વેપારી પોતાના વહાણમાં અનેક વેપારીઓને લઈને વિદેશ જઈ રહ્યો હતો ત્યારે અચાનક મધદરિયે વહાણ રોકાઈ ગયું. ત્યાં જ દૈવી અવાજ સંભળાયો કે વહાણ નીચે દરિયામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી છે. તેના નવણજળથી ૧૦૭ રોગથી પિડાતા અજયપાળ રાજાને તેમનો વ્યાધિ દૂર થશે. રત્નસારે પ્રસન્ન થઈ પ્રભુપ્રતિમા બહાર કઢાવી અને નજીકમાં આવેલા દીવ ગામે રોકાયેલા રાજાને આ વાત કરી. ફક્ત નવ દિવસમાં રાજાનો વ્યાધિ દૂર થતાં રાજા પણ અત્યંત પ્રભાવિત થયા અને અત્યંત ધામધૂમથી આ તીર્થની સ્થાપના થઈ. આ પ્રતિમાજી અત્યંત ચમત્કારિક છે. અવારનવાર રાત્રે નાટારંભના અવાજો સંભળાય છે. એક વખત કેસરનો વરસાદ અહીં થયેલ છે. એક જીર્ણોદ્ધાર મૂર્તિલેપન વખતે કારીગરોએ પૂજારીની વિનંતી છતાં પૂજા કર્યા વિના લેપ કરવાનો પ્રયાસ કરતાં તોપ જેવો ધડાકો

થઈ આખા દેરાસરમાં લાલ રંગ ફેલાઈ ગયો. હમણાં એક વખત નાગસ્વરૂપ ધરણેન્દ્રદેવ કલાકો સુધી પ્રતિમા સામે ધ્યાનમયી થઈ જવાનું દૃશ્ય ઘણા ભાવિક જનોએ જોયું છે. પ્રતિમાજી ઉપર કેસરિયા રંગનો લેપ કરેલ છે અને રેતીની પ્રતિમા છે. અત્યંત પ્રભાવશાળી છે. આ સ્થળ ઉનાથી પાંચ કિ.મી. અને દેલવાડા(ગુજરાત)થી અઢી કિ.મી. છે. દેરાસર સુધી કાર બસ જઈ શકે છે.

રહેવા માટે ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

## ૪૦. શ્રી દેલવાડા તીર્થ

(ગુજરાત)

**મૂળનાયક :** શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ અજાહરા પંચતીર્થીનું એક સ્થળ ગણાય છે. મંદિરનો પ્રાચીન ઈતિહાસ મળતો નથી. વિ. સં. ૧૭૩૪માં જીર્ણોદ્ધારનો ઉલ્લેખ છે એટલે એનાથી પ્રાચીન છે. દેલવાડા ગામથી એકાદ કિ.મી.ના અંતરે છે. ખાસ કોઈ કલાત્મક કાર્ય દેખાતું નથી. અહીં આ ગામથી નજીક, દીવ જવાના રસ્તે ગુજરાત સરકારના પર્યટન ખાતાએ અહમદપુર-માંડવીમાં અદ્યતન પર્યટનધામનું નિર્માણ કર્યું છે. પ્રવાસીઓ માટે અનેક સગવડો અહીં કરવામાં આવી છે. સ્થળ દર્શનીય બન્યું છે.

## ૪૧. શ્રી ચન્દ્રપ્રભાસપાટણ તીર્થ

**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** સમુદ્રકિનારે પ્રભાસપાટણ ગામે (સોમનાથ મંદિરની બાજુમાં) આવેલા આ તીર્થની સ્થાપના આદિનાથ પ્રભુના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ કરેલી મનાય છે. શ્રી ભરત ચક્રવર્તીએ જ્યારે શ્રી શેત્રુંજય તીર્થ(સિદ્ધાચલ તીર્થ)નો ઉદ્ધાર કરાવી સંઘ કાઢ્યા ત્યારે અહીં સરસ્વતી નદીના કિનારે (બ્રાહ્મી નદી) રોકાયા હતા. અહીં તપ કરી રહેલા મુનિઓ જોડે બાહુબલીના પુત્ર સોમયશકુમારે વાર્તાલાપ કરી શ્રી ધરણેન્દ્રદેવ દ્વારા પવિત્ર તથા સર્વ રોગ નિવારણ નદીનો પ્રભાવ જાણ્યા ઉપરાંત, અહીં આઠમા ભાવિ તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભુ દ્વારા સમવસરણ રચાશે એવો વૃત્તાંત સાંભળી શ્રી ભરત ચક્રવર્તીએ અહીં આ તીર્થની સ્થાપના કરેલ હતી. ઘણા જૈન પ્રાચીન ગ્રંથોમાં આ તીર્થનો ઉલ્લેખ છે.

*નવગંભારાથી સુશોભિત આ વિશાળ સભામંડપ દર્શનીય છે. એકંદરે પ્રાચીન કલાનાં દર્શન થાય છે. મહમદ ગઝની દ્વારા અહીં ઘણી ક્ષતિઓ થયેલ છે. વેરાવળ ગામથી પાંચ કિ.મી. છે. ધર્મશાળા છે. ભોજનની સગવડ પહેલેથી જણાવવાથી થઈ શકે છે.

અત્યંત રમણીય શહેર છે. ઊનાથી અંદાજે ૮૦ કિ.મી. છે.

મુખ્ય દેરાસરમાં નવગંભારામાં દરેક પ્રતિમાજી સુંદર છે. આ ઉપરાંત

બીજાં ચાર દેરાસરો છે. મુખ્ય દેરાસર ઉપરાંત ચાર દેરાસરોમાં ઘણી સુંદર પ્રાચીન પ્રતિમાઓ છે. આ સાથે એક ભોંયરામાં તામ્ર પત્ર (તાંબા) ઉપર કંડારેલા આગમસૂત્રનો ભંડાર જોવા લાયક છે.

અહીંનું સોમનાથ મહાદેવનું મંદિર વિશ્વવિખ્યાત હિન્દુ તીર્થ છે.

સોમનાથ પાટણથી જુનાગઢ આવતાં જુનાગઢથી ૧૬ કિ.મી.ના અંતરે વંથલી ગામે દર્શન કરી શકાય છે. ત્રણ વિશાળ પ્રતિમાજીઓ છે. પ્રાચીન દેરાસર.

મુસલમાનોના હુમલા વખતે એક સુંદર જિનાલયને મસ્જિદમાં ફેરવ્યા પછી એને ભારત સરકારના સ્થાપત્ય અને શિલ્પકલા વિભાગ દ્વારા મ્યુઝિયમમાં ફેરવવામાં આવ્યું છે. સ્થાપત્ય અને ઇતિહાસના અભ્યાસ માટે એમાં ઘણી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે.

## ૪૨. શ્રી ગિરનાર તીર્થ

**મૂળનાયક:** શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.
(શ્વેતાંબર તથા દિગંબર દેરાસર)

**તીર્થસ્થળ:** જુનાગઢ પાસે આવેલા લગભગ ૩૫૦૦, ઊંચા પર્વત ગિરનાર ઉપરનું આ ભવ્ય તીર્થ પ્રાચીન અને અત્યંત મહત્ત્વનું છે.

*વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન અહીં દીક્ષા ગ્રહણ કરી, તપશ્ચર્યા કરી કેવળજ્ઞાન પામ્યા બાદ મોક્ષે સિધાવ્યા હતા.

*કહેવાય છે કે ભાવિ-ભવિષ્ય ચોવીસીમાં વીસ તીર્થંકરો અહીંથી મોક્ષ મેળવશે.

*એક માન્યતા અનુસાર શ્વેતાબંર દેરાસરમાં બિરાજિત શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા ગઈ ચોવીસીના તીર્થંકર શ્રી સાગરના ઉપદેશથી પાંચમા દેવલોકના ઈન્દ્રે ઘડાવી હતી. જે ભગવાન નેમિનાથના સમય સુધી ઈન્દ્રલોકમાં પુજાયા બાદ શ્રી કૃષ્ણને પ્રાપ્ત થઈ. દ્વારકાનગરી ભસ્મ થઈ ગયા બાદ વર્ષો પછી શ્રી રત્નાશાહ નામના શ્રાવકને પુણ્યયોગે તપશ્ચર્યા અને અનન્ય ભક્તિને કારણે શ્રી અંબિકાદેવી(જેમણે આ પ્રતિમાજીને સુરક્ષિત રાખ્યાં હતાં)એ પ્રસન્ન થઈ રત્નાશાહ શ્રાવકને આપી અને પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી.

*ગિરનાર તીર્થ ઉપરથી સેંકડો મુનિઓએ, શ્રાવકોએ તપશ્ચર્યા કરી મોક્ષ, નિર્વાણ મેળવ્યું છે.

આ પહાડ ઉપરની ટૂકોનું વર્ણન અહીં કરેલ છે. પહાડનું ચઢાણ સારું એવું મુશ્કેલ છે. તળેટીથી પહેલી ટૂક લગભગ ત્રણથી સવાત્રણ કિ.મી.ના અંતરે અને લગભગ ૪૨૦૦ પગથિયાં ચઢ્યા પછી આવે છે. ગામથી તળેટી છ કિ.મી. છે. પહેલી ટૂકથી પાંચમી ટૂક બીજા ત્રણ કિ.મી. છે. એકંદરે યાત્રા કઠિન છે.

પહેલી ટૂક શ્રી નેમિનાથ ભગવાનની મુખ્ય ટૂક, જેમાં નાની નાની બીજી ટૂકો છે. લગભગ ૪૨૦૦ પગથિયાં ચઢતાં શ્રી નેમિનાથ ભગવાનની મુખ્ય ટૂકના કોટનો દરવાજો આવે છે. આ શ્વેતાંબર દેરાસર ૧૯૦'x૧૩૦' ના વિશાળ ચોકમાં રમણીય, છટાદાર પહાડોથી સુશોભિત છે.

પહેલી ટૂક ઉપર પહોંચતાં સામાન્ય ઝડપે—થાક ખાતાં—બેથી સવાબે કલાકમાં પહોંચી જવાય છે. થોડાં સાંકડાં પણ પૂર્ણ પગથિયાં છે. ચઢવું થોડું કઠિન છે, પણ અશક્ય નથી. રાણકદેવીના પથ્થર પાસે અડધો રસ્તો થાય છે.

આ દેરાસરનું નિર્માણ થયા બાદ ઘણા પ્રસિદ્ધ શ્રેષ્ઠીઓ દ્વારા એનો જીર્ણોદ્ધાર થયેલ છે. આ દેરાસરની સામે જ માનસંગ ભોજરાજની ટૂકમાં મૂળનાયક તરીકે શ્રી સંભવનાથ ભગવાન છે. મેલકવસહી ટૂકમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજમાન છે. સિદ્ધરાજ રાજાના મહામંત્રી શ્રી સજ્જન શેઠે આ ટૂકનું નિર્માણ કરાવ્યું હોવાનું મનાય છે. આગળ જતાં શ્રી અદ્‌ભુતજી—શ્રી આદીશ્વર ભગવાન-ની વિશાળકાય પ્રતિમાજી—સોની સમરસિંહ તથા માલદેવ નિર્મિત ટૂક આવે છે. આ પછીની ટૂકનું મુખ્ય મંદિર બે માળનું છે. સંગ્રામ સોનીની ટૂકમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. શ્રી કુમારપાળ રાજા નિર્મિત ટૂકમાં શ્રી અભિનંદન સ્વામી ભગવાન છે. આગળ ભીમકુંડ તથા ગજપદ કુંડ છે. આગળ જતાં વસ્તુપાળ-તેજપાળ નિર્મિત ટૂકમાં ત્રણ દેરાસરો છે. સ્તંભન પુરાવતાર શ્રી પાર્શ્વનાથ ભગવાન, શંત્રુજયાવતાર શ્રી ઋષભદેવ અને સત્યપુરાવતાર શ્રી મહાવીર સ્વામી ભગવાનનું એમ ત્રણ દેરાસરો છે. ત્યાર બાદ શ્રી સંપ્રતિ રાજાની ટૂક આવે છે. આ દેરાસર પ્રાચીન અને વિશાળ છે. અહીં શ્રી નેમીનાથ ભગવાન બિરાજમાન છે. ત્યા બાદ ચૌમુખજી શ્રી સંભવનાથ ભગવાનની ટૂક, સાનવાવડી, શ્રી ધર્મશી હેમચંદ્રની ટૂક, શ્રી મલ્લની ટૂક, શ્રી સતી રાજુલમતીની ગુફા, બીજી ચૌમુખજીની ટૂક, ચોરીવાળાનું દેરાસર, ગૌમુખી ગંગા તથા ચોવીસ જિનેશ્વરની ચરણપાદુકાઓ છે. આ ઉપરાંત દિગંબર દેરાસર પાર્શ્વનાથ ભગવાન, બાહુબલી વગેરેનાં દેરાસરો છે. ગૌમુખી ગંગાની આગળ એક રસ્તો સહસાવન તરફ જાય છે જ્યાં શ્રી નેમીનાથ ભગવાનની દિક્ષા તથા કેવળજ્ઞાન કલ્યાણકનાં સ્થળો છે.

પહેલી ટૂક ઉપર મુખ્ય દેરાસરની ભમતીમાં શ્રી મહાવીર સ્વામીજીની પ્રતિમા છે. અહીં જ શ્રી અમીઝરા પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમા છે. બાજુના મેરેકવસહી દેરાસરમાં શ્રી અષ્ટાપદ તીર્થની રચના છે. ઉપરાંત શ્રી સંપ્રતિ રાજાના સમયની એક શ્રી મહાવીર સ્વામીની પ્રાચીન પ્રતિમાજી છે. સહસાવનમાં ભગવાનને કેવળજ્ઞાન થયેલ છે. પાંચમી ટૂક નજીક

નિર્વાણ સ્થળ છે.

*ગૌમુખી ગંગા આગળ રહેનેમી(શ્રી નેમીનાથ ભગવાનના ભાઈ)નું દેરાસર છે. આગળ જતાં અંબાજીની બીજી મુખ્ય ટૂકમાં શ્રી અંબાજીદેવીનું વસ્તુપાળ-તેજપાળ નિર્મિત મંદિર છે. શ્રી અંબાજીમાતા શ્રી નેમીનાથ ભગવાનનાં અધિષ્ઠાયિકા દેવી છે. આમ કુલ્લે ૧. શ્રી નેમીનાથ ભગવાનની ૨. શ્રી અંબાજીની ૩. શ્રી ઓઘડ શિખર-નેમીનાથ ભગવાનના ચરણો ૪. બીજા એક શિખર ઉપર શ્રી નેમીનાથ ભગવાનની ચરણપાદુકા અને ૫. ગાઢ પર્વતમાં ઊંચા શિખર ઉપર જ્યાં ભગવાન શ્રી નેમીનાથ અને ગણધર વરદત મુનિનાં ચરણપાદુકાઓ છે. અહીંથી પણ એક રસ્તો સહસાવન જાય છે. સહસાવનથી તળેટીનો રસ્તો પણ છે. એકંદરે યાત્રા કઠિન છે. ડોળીનું સાધન મળી રહે છે.

*આ એક પ્રાચીન અને ભવ્ય તીર્થ છે. શ્રી નેમીનાથ ભગવાનના નિર્વાણસ્થળ ઉપરાંત આવતી ચોવીસીમાંથી વીસ તીર્થંકરો અહીંથી મોક્ષપદ પામશે એટલે આ તીર્થના મહત્ત્વનું વર્ણન શબ્દોથી અશક્ય છે.

*રહેવા તથા જમવા માટે જુનાગઢ શહેરમાં વ્યવસ્થા થઈ શકે છે.

## ૪૩. શ્રી વલ્લભીપુર તીર્થ

**મૂળનાયક:** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ શહેરનો ઈતિહાસ અતિ પ્રાચીન છે. શૂરવીર મૌર્ય વંશના રાજાઓએ અહીં રાજ્ય કરીને, જૈન ધર્મ અંગીકાર કરેલ છે. એક સમયે નાલંદાની જેમ અહીં ભારતનું વિશ્વવિદ્યાલય હતું. વલ્લભીપુર વાચના એ આ તીર્થનો મુખ્ય ઈતિહાસ છે.

*હાલના દેરાસરમાં અહીં દેવાધિગણી ક્ષમા-શ્રમણ આદિ ૫૦૦ આચાર્યોની પ્રતિમાઓ કલાત્મક રીતે ગોઠવેલી છે. આવું દર્શન ભારતભરમાં બીજે ક્યાંય થતું નથી. પાલીતાણા ૫૦ કિ.મી. છે. ભોજનાલય સિવાયની સગવડની ધર્મશાળા છે. બીજું એક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. અમદાવાદ-ભાવનગરના મુખ્ય માર્ગને અડીને આ તીર્થ આવેલું છે.

## ૪૪. શ્રી ધોળકા તીર્થ

**મૂળનાયક:** શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ તીર્થ તથા પ્રતિમાજીની પ્રાચીનતા ચોક્કસપણે જાણવી મુશ્કેલ છે. પ્રતિમાજી ભવ્ય, ચમત્કારિક અને કલાત્મક છે. વિશાલ ધર્મશાળા છે. ભોજનશાળા છે. ધોળકા ગામે વડોદરા-પાલીતાણા માર્ગ ઉપર આવેલ છે. આ શ્રી જિનદતસુરીશ્વરજીની જન્મભૂમિ છે. આ દેરાસરનું નિર્માણ ચાલુ છે. નવી ઢબે નવા પ્રકારે પ્રતિમાઓજીની રચના ગોઠવાયેલ છે. શ્રી વર્ધમાન સેવાકેન્દ્ર દ્વારા ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

## ૪૫. શ્રી શંખેશ્વર તીર્થ

મૂળનાયક : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

તીર્થસ્થળ : જૈન ગ્રંથોના ઉલ્લેખ અનુસાર પ્રાચીન કાળમાં અષાઢી શ્રાવકે ચારૂપ, સ્તંભપુર અને શંખેશ્વરમાં જિન પ્રતિમાઓ બિરાજમાન કરાવી હતી.

જરાસંધ અને શ્રી કૃષ્ણના યુદ્ધ વખતે આ પ્રભુપ્રતિમાના ન્હાવણ જળનાં છાંટણાં કરવાથી સેનાનો ઉપદ્રવ શાંત થયો હતો. આ ભવ્ય તીર્થ પ્રાચીન છે.

રહેવા માટે ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. વિશાળ કોટની મધ્યમાં આવેલું બાવન જિનાલય મંદિર અતિ સુંદર છે. હાલમાં ગામમાં બીજાં દેરાસરો (એક આગમ મંદિર) બંધાઈ રહ્યાં છે. સાંપ્રતકાળમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની સેવાપૂજા અને દર્શનાદિમાં શ્રદ્ધા વધી હોવાથી સાધુ-સાધ્વીજીઓ અને ભાવિકોની પુષ્કળ આવજાવ સતત્ ચાલુ રહે છે.

## ૪૬. ઉપરિયાલા તીર્થ

મૂળનાયક : શ્રી આદીશ્વર ભગવાન, ચન્દન વર્ણ, પદ્માસનસ્થ.


તીર્થસ્થળ : આ તીર્થની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે પણ વિ. સં. ૧૫મી પૂર્વે પણ ગ્રંથોમાં ઉલ્લેખ હોવાને કારણે ૫૦૦ વર્ષ પ્રાચીન તો જરૂર છે જ. એક ભાગ્યશાળી ખેડૂતને જમીનમાંથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં હતાં. પ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે અને હજી પણ ઘણા ચમત્કારો થતા રહે છે. અહીં જમીનમાંથી પ્રાપ્ત થયેલી બીજી પણ પ્રતિમાઓ છે પ્રતિમાઓ સુંદર અને આકર્ષક છે. અહીં લગભગ ૮૬ વર્ષથી અખંડ જ્યોત ચાલુ છે, જેમાંથી કેસરિયા કાજલનાં દર્શન થાય છે. વિરમગામ-ખારાઘોડા રેલવે માર્ગ ઉપર ઉપરિયાળાજી સ્ટેશન છે. વિરમગામ-દસાડા માર્ગ ઉપર ફૂલકી, નવરંગપુરા થઈને અહીં અવાય છે. પાટડી ગામથી ૧૦ કિ.મી. છે. અહીં શ્રી પાશ્વનાર્થ ભગવાનની ૧૫' ઊંચી પ્રતિમાજી સાથે નવા દેરાસરનું નિર્માણ કાર્ય ચાલુ છે. ભોજનશાળા અને ધર્મશાળાની સગવડ છે.

## ૪૭. શ્રી વામજ તીર્થ

મૂળનાયક : શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

તીર્થસ્થળ : વામજ ગામ સેરીસાથી ૧૨ કિ.મી.ના અંતરે છે. એક સંન્યાસી મહાત્માને દૈવી સંકેત મળતાં ભૂગર્ભમાંથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં હતાં.

કલોલ ૧૬ કિ.મી. આદરેજ ૮ કિ.મી. અને ત્યાંથી વામજ ૫ કિ.મી. છે.



રાજસ્થાન
થરાદ તરફ
રાધનપુર
કચ્છ તરફ
પાટણ-ડીસા તરફ
ચાણસ્મા
પાલનપુર તરફ
તારંગા તરફ
ઈડર - તરફ
આગલોડ
વિજાપુર
હિંમતનગર
રાજસ્થાન તરફ
મહુડી
મહેસાણા
સમી
હારીજ
જમણપુર
કંબોઈ
ગાંભુ
મોઢેરા
ચંદુર
મુજપુર
બહુચરાજી
શ્રી શંખેશ્વર
નંદાસણ
પંચાસર
વિઠ્ઠલપુર
ભોયણી
પાનસર
દેત્રોજ
કડી
ગાંધીનગર
દસાડા
કલોલ
આંકલ
વામજ
શેરીસા
પાટડી
ઉપરીયાળા
અમદાવાદ
વિરમગામ
વડોદરા તરફ
બગોદરા થઈ પાલીતાણા તરફ
સુરેન્દ્રનગર તરફ
નળીતળાવ થઈ પાલીતાણા તરફ

## ૪૮. શ્રી ભોયણી તીર્થ

**મૂળનાયક :** શ્રી મલ્લિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ એક પ્રાચીન તીર્થ છે. હાલનાં પ્રતિમાજી એક ખેતરમાં કૂવો ખોદાઈ રહ્યો હતો ત્યારે ભૂગર્ભમાંથી મળેલ છે. પ્રતિમાજી અતિ સુંદર અને શોભાયમાન છે. શ્રી મલ્લિનાથ ભગવાનના આ સ્વરૂપનાં પ્રતિમાનાં દર્શન બીજી જગ્યાએ દુર્લભ છે. હાલના વિશાળ દેરાસરમાં ભીંતો ઉપરની કલાત્મક કારીગીરી જોવા જેવી છે. દેરાસરમાં સાત ગંભારા છે. કડી ગામથી ૮ કિ.મી.ના અંતરે છે.

દર વર્ષે મહા સુદ ૧૦ના સાલગીરી યોજાય છે. ગત વર્ષમાં આ તીર્થને સો વર્ષ પૂરાં થયાં છે. રહેવા માટે વિશાળ ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૪૯. શ્રી પાનસર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમાજી ભૂગર્ભમાંથી મળેલ છે. આ ઉપરાંત અહીં ઘણી પ્રતિમાઓ જમીનમાંથી મળી આવતાં પ્રાચીન સમયમાં અહીં તીર્થસ્થાનો હોવાનો સંભવ છે. ગામના બીજા એક દેરાસરમાં ધર્મનાથ ભગવાનની મૂર્તિ છે જે જમીનમાંથી મળેલ છે. અમદાવાદ-કલોલ નજીક ધમાસણાથી ૧.૫ કિ.મી. છે. અમદાવાદથી કલોલ ૩૦ કિ.મી. અને ત્યાંથી પાનસર ૭ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા અને ભોજનશાળા છે.

## ૫૦. શ્રી મહુડી તીર્થ

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** મહુડી ગામે આવેલું આ તીર્થક્ષેત્ર ૨૦૦૦ વર્ષ જેટલું પ્રાચીન હોવાનો સંભવ છે. હાલના દેરાસરની તથા શ્રી ઘંટાકર્ણ મહાવીરના સ્થાનની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૭૪ અને વિ. સં. ૧૯૮૦માં થયેલ છે. આ તીર્થસ્થાન ચમત્કારિક ગણાય છે અને ભક્તજનોની આશાઓ પૂર્ણ થાય છે.

*અહીંથી ૧.૫ કિ.મી. દૂર સાબરમતી નદીને કિનારે એક ટેકરી ઉપર કોટ્યર્કના મંદિરમાં પ્રાચીન કલાપૂર્ણ પ્રતિમાઓ તથા અવશેષ દૃષ્ટિગોચર થાય છે. શ્રી શાન્તિનાથ પ્રભુની પંચધાતુથી બનાવેલી જટાયુક્ત રેડિયમ જેવાં નેત્રોવાળી ૪ ૧/૨' ઊંચી પ્રતિમાનાં દર્શન કરવાં દુર્લભ છે. શ્રી અજિતનાથ ભગવાનની કાર્યોત્સર્ગ મુદ્રાની પ્રતિમા જરૂર દર્શન કરવા જેવી છે. બુદ્ધિસાગરસુરીશ્વરજી અહીં ધ્યાન ધરતા હતા.

વિજાપુરથી ૧૦ કિ.મી. પીલવાઈ રોડથી ૫ કિ.મી. અદ્યતન ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.

## ૫૧. શ્રી વિજાપુર તીર્થ

**મૂળનાયક:** શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** અત્યારે હજી બાંધકામ ચાલુ રહેલા આ ભવ્ય તીર્થસ્થાને દર્શન જરૂર કરવા. દેરાસર નવી શૈલીનું, વિશાળતાપૂર્વક, ઊંચાઈ ઉપર સુંદર રીતે નિર્માણ થઈ રહેલ છે. સાથે શ્રી ઘંટાકર્ણ મહાવીર, શ્રી માણિભદ્રવીરનાં સ્થાનો છે. બાજુમાં શ્રી પદ્માવતી દેવીનું દેરાસર છે. એમાં શ્રી લક્ષ્મી દેવી તથા શ્રી સરસ્વતી દેવીની પ્રતિમાઓ છે. બાજુમાં શ્રી બુદ્ધિસાગર સુરીશ્વરજીનું સ્થાનક બનાવવામાં (દાદાવાડી) આવેલ છે. નવી રીતે નિર્માણ થયેલા આ સ્થળમાં વિવિધતા છે. દરેક પ્રતિમા અતિ સુંદર, સૌમ્ય, છટાદાર અને ભવ્ય છે.

ધર્મશાળા તથા ભોજનશાળાની સુંદર વ્યવસ્થા છે.

## ૫૨. શ્રી આગલોડ તીર્થ

**તીર્થસ્થળ:** વિજાપુર ગામથી નજીક આવેલું આ તીર્થ જૈન શાસનરક્ષક દેવ શ્રી વીર મણિભદ્રનું સ્થાન છે. શ્રી વીર મણિભદ્ર જૈન ધર્મના અનુયાયી અને જૈન ધર્મનું રટણ કરતાં દેવલોક પામી જૈન ધર્મનું વિઘ્નોથી રક્ષણ કરે છે. અહીં જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થવા આવ્યું છે.

ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

## ૫૩. શ્રી શેરીશા તીર્થ

**મૂળનાયક:** શ્રી શેરીશા પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** કલોલ-રાંચરડા માર્ગ ઉપર આવેલું આ તીર્થ ખૂબ જ પ્રાચીન છે. વિ. સં. ૧૫૦૦ પહેલાંના ગ્રંથોમાં આ તીર્થનો ઉલ્લેખ છે. આ પ્રતિમાજી ખૂબ જ ભવ્ય છે. દૂરથી જ પ્રતિમાજીનાં દર્શન થઈ શકે છે. રંગ ઉપરથી લોઢણ પાર્શ્વનાથ ભગવાન પણ કહેવાય છે. દેરાસર નીચેના ભોંયરામાંની શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા દેરાસરમાં શ્રી પદ્માવતીદેવીની પ્રતિમા ભવ્ય અને સુંદર છે. એકંદરે સારું રમણીય સ્થળ છે. રહેવા તથા જમવાની સગવડ છે. કલોલ ૮ કિ.મી. છે.

## ૫૪. શ્રી કર્ણાવતી તીર્થ

(અમદાવાદ)

**મૂળનાયક:** શ્રી ધર્મનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** અમદાવાદ શહેરે, દિલ્હી દરવાજા બહાર શ્રી શેઠ હઠિસિંહજીની વાડીમાં આવેલા આ સુંદર બાવન જિનાલયમાં અનેક પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન થાય છે. ઝવેરીવાડમાં આવેલું શ્રી સંભવનાથ ભગવાનનું દેરાસર સૌથી પ્રાચીન માનવામાં આવે છે. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં

પણ કલાત્મક કૃતિઓનાં દર્શન થાય છે. અનેક પ્રાચીન દેરાસરો ઉપરાંત અહીં ઘણાં (૧૧) પ્રાચીન ગ્રંથભંડારો છે. આ ઉપરાંત અનેક પાઠશાળાઓ તથા શાસ્ત્ર, ધર્મજ્ઞાન શાળાઓ છે.

ઝવેરીવાડની વાઘણ પોળમાં શ્રી અજીતનાથ ભગવાનની કાર્યોત્સર્ગ મુદ્રા પ્રતિમાનાં દર્શન જરૂર કરવાં. અમદાવાદમાં ૨૩૦ જેટલાં દેરાસરો છે.

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં હજારો ગ્રંથો, પ્રાચીન ચિત્રો, શિલ્પમૂર્તિઓ વગેરે પુરાતત્ત્વ અને કલાસામગ્રીનો વિપુલ સંગ્રહ છે.

અમદાવાદ સ્ટેશનથી ૩ કિ.મી નું અંતર છે. શહેરમાં ઘણી ધર્મશાળાઓ અને ભોજનશાળાઓ છે.

## ૫૫. શ્રી માતર તીર્થ

**મૂળનાયક :** શ્રી સાચાદેવ સુમતિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** સાચાદેવ શ્રી સુમતિનાથ ભગવાનનાં પ્રાચીન પ્રતિમાજી મહુધા ગામ નજીકના સુંહુજ ગામની જમીનમાંથી નીકળ્યાં હતાં. જ્યારે આ પ્રતિમાજી સુંહુજથી માતર લાવવામાં આવતાં હતાં ત્યારે રસ્તામાં વાત્રક તથા શેઢી નદીના સંગમ પાસે ભારે વરસાદ સાથે પૂર આવવાની પૂરી સંભાવના હોવાથી સંઘે રોકાવાનું વિચાર્યું. રથ ચલાવનારને તો પાણીના બદલે રેતી જ દેખાતી રહી અને સાથે સાથે સંઘ પણ સંપૂર્ણ સહીસલામત રીતે પાણીના પૂરથી હેરાન થયા વિના નિર્વિઘ્ને માતર પહોંચી આવ્યો. તે વખતે જ લોકોએ ભવ્ય જયજયકાર કરી ભગવાનને "શ્રી સાચા સુમતિનાથ" ભગવાન તરીકે વધાવ્યા. આજે પણ અનેક પ્રકારના ચમત્કાર થતા રહે છે. અહીં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી ઘણાં પ્રાચીન છે. દેરાસરજીનો જીર્ણોદ્ધાર ચાલુ છે.


નડિયાદથી ૧૬ અને ખેડાથી ૧૦ કિ.મી.ના અંતરે છે. રહેવાની તથા ભોજનાલયની સગવડ છે.

## ૫૬. શ્રી ખંભાત તીર્થ

**મૂળનાયક :** શ્રી સ્તંભનપાર્શ્વનાથ ભગવાન, નીલ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ખંભાત એક અતિ પ્રાચીન અને ભવ્ય તીર્થ છે. ખંભાતની જાહોજલાલી વર્ષોથી પ્રખ્યાત શહેર તરીકેની હતી. આ પ્રતિમાજી વીસમા તીર્થંકરના સમયનાં ગણાય છે. વર્ષો સુધી અદ્દશ્ય રહ્યા પછી વિ. સં. ૧૧૧૧માં શ્રી અભયદેવ સુરીશ્વરજીને દૈવીક પ્રેરણા મળી અને ભૂગર્ભમાંથી પ્રતિમાજી પ્રગટ થયાં છે. પ્રતિમાજીની કલાકારીગીરી ધ્યાનથી અભ્યાસ કરવા જેવી છે.

વડોદરાથી ૮૦ કિ.મી.ના અંતરે આવેલા આ ખંભાત ગામે હજી


અમદાવાદ
બાવળા
ધોળકા
ખેડા
માતર
નડિયાદ
આણંદ
ગોધરા
પાવાગઢ
બગોદરા
તારાપુર
તારાપોર
પાલીતાણા
ભાવનગર
તરફ
વાસદ
વડોદરા
ડભોઈ
બોડેલી
કાવી
જંબુસર
આમોદ
ગંધાર
ભરૂચ
જગડીયા
રાજપીપળા
અંકલેશ્વર
સુરત
તપોવન
નવસારી
સિથીલ
વલસાડ
વાપી
મુંબઈ તરફ

પણ પ્રાચીન અવશેષો મળી આવે છે. આ સિવાય અહીં બીજાં ૧૧૬ દેરાસર છે. કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે અહીં દીક્ષા ગ્રહણ કરી હતી. ખંભાતમાં ઘણા પ્રાચીન ગ્રંથભંડારો છે.

## ૫૭. શ્રી પાવાગઢ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયનું (શ્રી રામચન્દ્રજીના સમયનું) માનવામાં આવે છે. સમ્રાટ અશોકના વંશજ રાજા ગંગસિંહે સને ૮૦૦માં પાવાગઢનો કિલ્લો તથા તેમાં રહેલાં જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કરાવેલ આ પહાડ શ્વેતાંબર જૈનોના મોટા તીર્થસ્થાનરૂપે હતો. પરંતુ આસમાની-સુલતાનીને કારણે એકેય શ્વેતાંબર જિનમંદિર ઉપર રહ્યુ નથી.

કાલિકાદેવીની મહાશક્તિથી પાવાગઢ, મહાકાલીદેવીના ધામ તરીકે પ્રસિદ્ધ થયું છે. સાંપ્રતમાં પાવાગઢની તળેટીમાં પંજાબ કેસરી પૂ.આ.ભ. વિજયવલ્લભસૂરીશ્વરજીના સમુદાયના પૂ.આ. શ્રી ઈન્દ્રદિન્નસૂરીશ્વરજીની પરમાર ક્ષત્રિય સભા દ્વારા નવા જિનાલય તેમજ કન્યા છાત્રાલય, ધર્મશાળા, ભોજનશાળા વગેરેની સ્થાપના થઈ છે.

અચલગચ્છાધિષ્ઠાયિકા શાસનદેવી કાલિકાનું અહીં પ્રસિદ્ધ સ્થાન છે. આમ આ સ્થળ ઈતિહાસપ્રસિદ્ધ છે. હમણાં માચીથી પહાડ પર જવા માટે રોપ-વેની વ્યવસ્થા થઈ છે. પહાડ ઉપર આવેલા દિગંબર દેરાસર ઉપરાંત બીજા પાંચ દિગંબર દેરાસર છે. ચાંપાનેર રોડ થઈને પાવાગઢ અવાય છે. પહાડ પરનું પાંચ કિ.મી.નું ચઢાણ મુશ્કેલ છે. વડોદરાથી ૫૩ કિ.મી. છે.

## ૫૮. શ્રી કાવી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્રી ધર્મનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બાજુબાજુમાં આવેલાં બે દેરાસરો સાસુવહુનાં દેરાસરો તરીકે ઓળખાય છે. રત્નાપ્રાસાદ દેરાસરમાં ભગવાનનાં પ્રતિમાજી તથા બીજી કલાનાં દર્શન અનેરો આનંદ આપે છે. દરિયાકિનારે રમણીય સ્થળ છે. ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.

અહીં વડોદરા નજીક આવેલા પાદરા ગામની બાજુમાં વણછરા ગામે તીર્થસ્થાન છે. મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. વડોદરા, પાદરાથી નિયમિત બસોનું આવાગમન છે. આ તીર્થસ્થાન અહીંના પંચતીર્થનું સ્થાન ગણાય છે. શાંત રમણીય સ્થાન છે. રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે.

## ૫૯. શ્રી ગંધાર તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** સમુદ્રકિનારે આવેલા ગંધાર ગામે આ તીર્થસ્થાન પાંચસો વર્ષ પ્રાચીન છે. બીજી એક જગ્યાએ શ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં હજાર વર્ષ પુરાતન લેખ ઉત્કીર્ણ છે. એકંદરે શાંત અને રમણીય સ્થળ છે.

ભરૂચથી ૨૬ કિ.મી. વાગરા ગામ થઈને જવાય છે. પરવાજન ગામ ભરૂચ કાવી માર્ગ ઉપર છે. ત્યાંથી ૧૩ કિ.મી. છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૬૦. શ્રી ભરૂચ તીર્થ

**મૂળનાયક :** શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જૈન શાસ્ત્રો અનુસાર અશ્વમેધ યજ્ઞ માટે તૈયાર થયેલ અશ્વ, શ્રી મુનિસુવ્રત સ્વામી દ્વારા પ્રતિબોધિત થઈ દેવલોક પામેલ અને તેમણે પોતાના આગલા જન્મના ઉદ્ધારક શ્રી ભગવાન મુનિસુવ્રત સ્વામીનું દેરાસર બંધાવ્યું હતું. સિંહલદ્વીપ(લંકા!)ના સિંહલ રાજાની કુંવરી સતી સુદર્શનાએ પોતાના આગલા ભવમાં સમડી હોવાના જાતિસ્મરણને કારણે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

ત્યાર પછી અહીં સંપ્રતિ રાજા, કુમારપાળ રાજા અને અનેક પ્રસિદ્ધ શ્રેષ્ઠીઓએ જીર્ણોદ્ધાર કરાવેલ છે.

શ્રી ગણધર ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થ પર રચેલા જગચિંતામણિ સ્તોત્રમાં ભરૂચમાં બિરાજેલા શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની સ્તુતિ કરેલ છે જે આ તીર્થની પ્રાચીનતા સિદ્ધ કરે છે. અહીં બીજાં ૧૧ મંદિરો છે. પાંચ દેરાસરો તો સાથે જ છે અને હમણાં જીર્ણોદ્ધાર ચાલુ છે. અહીં ઘણી સુંદર પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન થાય છે. શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર પણ સુંદર છે.

હાઈવેથી શહેરની અંદર જતાં રેલવે પૂલ નીચે તરત જમણી તરફ સ્ટેશન બાજુ વળીને જવું સહેલું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૬૧. શ્રી ઝગડિયા તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાને રહેલ પ્રાચીન પ્રતિમાઓ ઉપર વિ. સં. ૧૨૦૦ના લેખ ઉત્કીર્ણ છે. વિ. સં. ૧૯૨૧માં ગામના ખેતરમાંથી થોડી પ્રતિમાઓ મળી આવી હતી. જ્યારે ભરૂચ અને વડોદરા ગામના શ્રાવકો અહીંના રાણા પાસે પ્રતિમા લેવા આવ્યા ત્યારે રાણાએ વિનય અને આદરપૂર્વક જણાવ્યું કે અહીં જૈન શ્રાવકનું ઘર ન હોઈ અને એક દેરાસર ન હોઈ હું અહીં દેરાસર બનાવી આ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવીશ. તમે બધા અહીં આવીને રહો. છેવટે રાણાએ દેરાસર બંધાવી, ૩૦ વર્ષ સુધી વહીવટ સંભાળી, સંઘને વહીવટ સુપરત કરેલ. આવો બનાવ દુર્લભ છે. આ

દેરાસરનું શિખર, કલાત્મક તોરણો સુંદર છે. રાજપીપળા અંકલેશ્વર માર્ગે આવેલું છે. ભરૂચથી ૨૫-૩૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૬૨. શ્રી દર્ભાવતી તીર્થ

**મૂળનાયક :** શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, અર્ધ પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** રેતીનાં બનેલાં આ પ્રાચીન પ્રતિમાજી જળગર્ભમાંથી મળી આવેલ છે. પ્રગટ થતાં લોઢા જેવા દેખાવના કારણે શ્રી લોઢણ પાર્શ્વનાથ કહેવાયા. ડભોઈ ગામે આવેલા આ તીર્થે આ ઉપરાંત ત્રણ-ચાર દેરાસરો છે. એક શામળા પાર્શ્વનાથ ભગવાનનું પ્રાચીન દેરાસર છે. વડોદરા-ડભોઈ ૩૨ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૬૩. શ્રી બોડેલી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.


**તીર્થસ્થળ :** નવનિર્માણ થયેલા આ તીર્થે હમણાં નવેસરથી જૈનેતર કોમમાં જૈન ધર્મનો પ્રચાર વધારવાનો સુંદર પ્રયાસ થઈ રહેલ છે. પ્રભુની પ્રતિમા શાંત અને ભવ્ય છે. બોડેલી ગામ વડોદરા જિલ્લામાં છે.

## ૬૪. શ્રી પારોલી તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમીનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમાજી પ્રાચીન મનાય છે. સુલતાન બેગડાના સમયમાં ધનેશ્વર ગામમાં હતી. આક્રમણના ભયને કારણે નદીમાં સુરક્ષિત રાખી હતી. વર્ષો બાદ શ્રી નાથાભાઈના કુટુંબીજનોને સ્વપ્નમાં સંકેત થતાં, શોધ કરતાં પ્રતિમાજી પ્રગટ થયાં હતાં. પ્રતિમાઓ અલગ અલગ જગ્યાએ લઈ જવાનો આગ્રહ થતાં છેવટે ગાડું જાય ત્યાં પ્રતિમાજી સ્થાપવાં એ રીતે પારોલી ગામે ગાડું અટકતાં અહીં તીર્થસ્થાપના થઈ હતી. આ ઘણું જ ચમત્કારિક સ્થળ મનાય છે. પ્રતિમાજી મનોરમ્ય છે. "શ્રી સાચા નેમીનાથ ભગવાન" તરીકે પણ ઓળખાય છે. ગોધરાથી ૧૬ કિ.મી.ના અંતરે ધર્મશાળા છે. ભોજનશાળા નથી.

# "રાજસ્થાન":-



જેસલમેર
જોધપુર
પાલી
બારમેર
જાલોર (સ્વર્ણગિરિ)
ભીનમાલ
સાંડેરાવ
રાણકપુર
ઉદેપુર
આબુરોડ
પીંડવાડા
નાગેશ્વર
જયપુર તરફ
બીકાનેર તરફ
જેસલમેર-જોધપુર-300

# રાજસ્થાન

## ૧. શ્રી ડુંગરપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન. પદ્માસનસ્થ આરસની પ્રતિમા. સાથે ધાતુનું અત્યંત સુંદર પરિકર અને પબાસણ.

**તીર્થસ્થળ :** આ તીર્થ-મંદિરનું નિર્માણ વિ. સં. ૧૫૨૫ (લગભગ પાંચસો વર્ષ) પહેલાં થયેલ છે. શ્રી આદીશ્વર ભગવાનની વિશાળકાય ધાતુ પ્રતિમાને સોનાની પ્રતિમા સમજી મુસલમાનોના રાજ્યના સમયમાં ક્ષતિ પહોંચાડવામાં આવી હતી. આ સમયે શ્વેતવર્ણ પ્રતિમાની પુન:પ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી.

આ પ્રભુપ્રતિમાના ધાતુમય પરિકરમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યના ચોવીસ તીર્થંકરોની એટલે કે આ સમયના ૭૨ તીર્થંકર ભગવાનની પ્રતિમાઓનાં દર્શન થાય છે. પ્રભુનું પબાસણ પણ ધાતુનિર્મિત છે, જેમાં ૧૪ સ્વપ્ન, ૯ ગ્રહો, અષ્ટમંગલ અને યક્ષયક્ષિણીઓનાં દર્શન થાય છે. આવી પરિકરયુક્ત સુંદર પ્રતિમાનાં દર્શન અત્યંત દુર્લભ છે. આ દેરાસરમાં બીજી પણ સુંદર પ્રતિમાઓ છે. દેરાસરને મુસલમાનોના સમયમાં ઘણી ક્ષતિ પહોંચી છે. આ ઉપરાંત બીજાં ત્રણ દેરાસરો આ ગામમાં આવેલાં છે.

આ સ્થળ ડુંગરપુર ગામે, ગામની મધ્યમાં માણેકચોકમાં આવેલું છે. ડુંગરપુર ખેરવાડાથી ૧૬ કિ.મી. દક્ષિણે છે. રતનપુરથી કેશરિયાજી જતાં ડુંગરપુર થઈને જઈ શકાય છે.

## ૨. શ્રી વટપદ્રતીર્થ


**મૂળનાયક :** શ્રી પૌરુષદાનીય પાર્શ્વનાથ ભગવાન, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ બડોદા ગામની મધ્યમાં, ડુંગરપુર-વાંસવાડા માર્ગ ઉપર ડુંગરપુરથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલું છે. મંદિરનું નિર્માણ લગભગ વિ. સં. ૧૦૨૫માં થયેલું છે. ધુલેવામાં બિરાજેલી શ્રી કેશરિયાનાથ ભગવાનની પ્રતિમા વિ. સં. ૯૦૯માં (૧૧૦૦ વર્ષ) અહીં પ્રગટ થયેલી એવી એક માન્યતા છે. આ મંદિરથી થોડે દૂર જ્યાંથી પ્રતિમાજી પ્રગટ થયાં હતાં ત્યાં ઝાડ પાસે એક દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનની ચરણપાદુકાઓ છે. પ્રાચીન વીશવિહરમાન પટ્ટ, ચોવીસ જિન કલ્યાણક પટ્ટ દર્શનીય છે.

## ૩. શ્રી કેશરિયાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદિનાથ ભગવાન. શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ઋષભદેવ ગામ (ધુલેવા ગામ) ખેરવાડાથી ૧૬ કિ.મી. ઉદેપુરથી ૬૬ કિ.મી. અને અમદાવાદથી ૧૯૦ કિ.મી.ના અંતરે છે. એક માન્યતા પ્રમાણે આ ભવ્ય, ચમત્કારી અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરનારી


અજમેર તરફ
ગોમતી ચોક
દેસુરી
કિર્તીસ્થંભ
સાદડી
ઘાણેરાવ
ફાલના તરફ
મુછાળા મહાવીર
રાજનગર-કાંકરોલી
નાથદ્વારા
પીંડવાડા થઈ આબુરોડ તરફ
રાણકપુર
જુના દેલવાડા દેવકુલપાટક
એકલિંગજી
નાગહ્રદ
હલદીઘાટી
ગોગુંદા
આબુરોડ તરફ
ઈસ્વાલ
આયડ
કરેડા
ચિતોડગઢ
ઉદેપુર
નાગેશ્વર તરફ
કેશરીયાજી (ધુલેવા)
ખેરવાડા
ડુંગરપુર
હિંમતનગર
શામળાજી
રતનપુર
મહેસાણા તરફ
મોડાસા, કપડવંજ નડિયાદ, વડોદરા
અમદાવાદ

પ્રતિમા વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના સમયમાં પ્રતિવાસુદેવ લંકાપતિ શ્રી રાવણને ત્યાં પૂજિત હતી. ત્યાર બાદ શ્રી રામ આ પ્રતિમાજી અયોધ્યા લઈ આવ્યા. કેટલાંક વર્ષ ઉજ્જૈનમાં પૂજિત રહ્યા બાદ બડોદા ગામે, વટપ્રદ તીર્થે પ્રગટ થઈ ત્યાં કેટલાંક વર્ષો પુજાયા પછી દૈવી શક્તિથી અહીં એક વૃક્ષ પાસે ભગવાનનાં પગલાં ઉપરાંત પ્રગટસ્થાનનાં દર્શન થાય છે. અહીં બનતી નવી નવી ચમત્કારી ઘટનાઓનું વર્ણન અનેક ભક્તો કરે છે. ભક્તગણ જે કોઈ ભાવના લઈને આવે છે તેમની ઇચ્છા પૂર્ણ થાય છે. સદીઓથી અહીં કેસર ચઢાવવાની માન્યતા ચાલી આવે છે. પ્રભુને કેસરિયાનાથ, કેસરિયાલાલ, ધુલેવાધણી આદિ કહે છે. ભીલ જાતિમાં પ્રભુ કાલા બાબાના નામથી પ્રખ્યાત છે. કેશરિયાજીથી ઉદેપુર જતાં વચ્ચે જયસમંદ નામનું પર્યટનસ્થળ ફંટાય છે જે ઉદેપુરથી ૫૬ કિ.મી.ના અંતરે છે.

## ૪. શ્રી આયડ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન. પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આયડ ગામે. ઉદેપુરશહેર ફક્ત એક કિ.મી. (ઉદેપુરનું જ પરું) છે. આ મંદિર લગભગ વિ. સં. ૧૦૨૯ના પૂર્વેનું છે. રેવતી દોષની ભયંકર બીમારીથી પિડાતી રાજા શ્રી અલ્લુરાજની રાણી હરીયદેવીનો દેહ આચાર્ય શ્રી બલિભદ્ર સુરીશ્વરજીએ અહીં નીરોગી કર્યો હતો જેનાથી પ્રભાવિત થઈ રાજારાણીએ હર્ષપૂર્વક જૈન ધર્મ અંગીકાર કર્યો હતો અને તેમના મંત્રીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરનું નિર્માણ કરાવ્યું હતું. અહીં એક દિગંબર મંદિર સહિત બીજાં પાંચ દેરાસરો નજીકમાં જ છે. પ્રાચીન દેરાસર હોવાને કારણે પ્રાચીન કલાસૌંદર્ય, પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન થાય છે. ભગવાનનાં પગલાં પાસે મોર અને સાપ સાથેની પ્રતિમા જોવા મળે છે. મંદિરો જીર્ણ અવસ્થામાં છે. દેખભાળ ઓછી હોવા છતાં મંદિર જોતાં આનંદ થાય એવી ભવ્ય મૂર્તિઓ છે. ૪૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિના અવેશેષો અહીં પુરાતત્વ ખાતા દ્વારા દેખાડવામાં આવે છે. ઉપરાંત મ્યુઝિયમમાં પણ આ અવશેષો પ્રદર્શિત થાય છે.

ઉદેપુરમાં જોવા જેવાં સ્થળો: (૧) સીટી પેલેસ, (૨) લેક પેલેસ (૩) જગદીશ મંદિર (૪) જગ મંદિર (૫) સાહેલીઓં કી બાડી (૬) ફતેહસાગર-નહેરૂબાગ વગેરે.

જયસમંદ લેક કેશરિયાજી બાજુ ૫૬ કિ.મી.ના અંતરે છે.

ઉદેપુરથી રાણકપુર સીધો ૮૦ કિ.મી. જેટલો રસ્તો હલદીઘાટમાંથી થઈને છે. જો સમય હોય તો એના કરતાં ઉદેપુરથી કાંકરોલી થઈ રાણકપુર જવું. ૧૫૦ કિ.મી. જેટલું અંતર થાય પરંતુ રસ્તો સહેલો અને સાથે સાથે વચ્ચે અત્યંત સુંદર નાગહદ, એકલિંગજી, જૂના દેલવાડા, નાથદ્વારા, રાજસમંદર, કાંકરોલી, દયાલશાહનો કિલ્લો ઉપરાંત બીજાં ઘણાં

તીર્થોનાં અને જોવાલાયક સ્થળોનાં દર્શન થશે.

## ૫. શ્રી કરેડા તીર્થ


**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થની પ્રાચીનતાનું યોગ્ય પ્રમાણ ઉપલબ્ધ નથી. અત્યારે થઈ રહેલા જીર્ણોદ્ધાર વખતે એક પ્રાચીન સ્તંભ ઉપર વિ. સં. ૫૫નો લેખ ઉપલબ્ધ છે. તેથી વિક્રમથી પણ પૂર્વકાળનું મંદિર હોવાની સાબિતી છે. (૨૦૦૦ વર્ષથી. વધુ જૂનું.) આ મંદિર વિદ્વાન ભટ્ટારક આચાર્ય શ્રી યશોભદ્ર સુરીશ્વરજી દ્વારા પ્રતિષ્ઠિત થયાનું મનાય છે. જે દિવસે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ એ સમયે બીજી ચાર જગ્યાએ એમણે અલગ અલગ રૂપ ધારણ કરી એકસાથે પ્રતિષ્ઠા કરાવી હતી એવી લોકવાયકા પ્રચલિત છે. અકબર બાદશાહ અહીં દર્શનાર્થે આવ્યા હતા એવો ઉલ્લેખ છે. વિ. સં. ૧૩૪૦માં શ્રી ઝાંઝણશાહે સાત માળનું ભવ્ય મંદિર બનાવ્યાનો ઉલ્લેખ છે. પરંતુ એ ભવ્ય મંદિરનો પત્તો નથી. પ્રાચીન મંદિરોનાં અનેક કલાત્મક ખંડેરો જોવા મળે છે. જો સંશોધન થાય તો ઘણો ઈતિહાસ મળી આવવાની સંભાવના છે. હાલના દેરાસરમાં ભમતીમાં બાવન દેરી જિનાલયમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિવિધ મૂર્તિઓ છે. સુંદર સ્થળ છે. ઉદેપુરથી ૫૬ કિ.મી.ના અંતરે, ચિતોડ જતા માર્ગ ઉપર આવેલ છે. વચમાં કપાસન, ફતેહનગર વગેરે ગામો છે. રહેવાની અને જમવાની સગવડો છે.

## ૬. શ્રી ચિત્રકુટ તીર્થ (ચિતોડગઢ કિલ્લો)

**મૂળનાયક :** શ્રી આદિનાથ ભગવાન, શ્વેત વર્ણ પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** સમુદ્રસપાટીથી લગભગ ૨૦૦૦ ફૂટ ઊંચાઈ ઉપર, સમતલ પર્વત પર બનેલા આઠ ચોરસ માઈલના ઘેરાવાવાળા વિશાળ કિલ્લામાં છે. આ કિલ્લો મૌર્યવંશી રાજા ચિત્રાંગદ દ્વારા નિર્મિત હોવાથી આને ચિત્રકૂટ કિલ્લો પણ કહેવાય છે. વિ. સં. ૮૦૦માં ગોહિલવંશી રાજા બાપ્પા રાવળે મૌર્યવંશી રાજા માનને હરાવી આ કિલ્લો જીત્યો હતો. બારમી સદીમાં સિદ્ધરાજ જયસિંહે રાજ કરેલ છે. ચિતોડ એક મહાન ભૂમિ ગણાય છે. જ્યાં અનેક શૂરવીર રાજાઓ અને જૈન મંત્રીઓએ સમયે સમયે અનેક મહાન કાર્યો કરેલ છે. જૂના ઘણા પ્રાચીન તીર્થયાત્રાના ગ્રંથોમાં ચિતોડ(ચિત્રકૂટ)નો ઉલ્લેખ છે. આજે ચિતોડના કિલ્લા ઉપર છ જિનમંદિર વિદ્યમાન છે. મુખ્ય અને સૌથી મોટું શ્રી ઋષભદેવ ભગવાનનું દેરાસર છે. બાવન દેવકુલિકાઓથી વીંટળાયેલા આ મંદિરનું સ્થળ "સત્તાવીસ દેવરી"ના નામે ઓળખાય છે. લોકમાન્યતા પ્રમાણે એક સમયે અહીં નજીકમાં જ નાનાંમોટાં સત્તાવીસ જિનમંદિરો હશે. આ મંદિરના કમ્પાઉન્ડમાં જ ભગવાન શ્રી પાર્શ્વનાથનાં બે મંદિરો છે.


અજમેર
અજમેર
ચિતોડ
ઉદેપુર
નીમચ
ઝાલાવાર
કેશરીયાજી
મંદસૌર
ચૌમહલ્લા
રાજગઢ
નાગેશ્વર
આલોટ
જયાવરા
ગ્વાલિયર
તરફ
અમદાવાદ
તરફ
બાંસવાડા
રતલામ
નાગદા
ઉજ્જૈન
મક્ષી
વડોદરા તરફ
બદનાવર
ઈંદોર

ઉપરાંત શ્રી મહાવીર સ્વામીનું અને શ્રી શાન્તિનાથ ભગવાનનું એમ બીજાં બે દેરાસરો છે. ગૌમુખી કુંડ પાસે પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. ચૌદમી સદીમાં નિર્માણ થયેલા સાત માળના જૈન કીર્તિસ્થંભમાં શ્રી આદિનાથ ભગવાન અને અનેક જિનપ્રતિમાઓ ઉત્કીર્ણ છે. આ સ્થાન ધાર્મિક અને ઐતિહાસિક રીતે ખૂબ જ ભવ્ય, સુંદર છે. મુસલમાનો દ્વારા અસંખ્ય હુમલાઓ થવાથી મંદિરો તથા કિલ્લાને ઘણી જ ક્ષતિઓ પહોંચેલી છે. ઘણાં મંદિરોનાં શિખરો, પ્રતિમાઓ, કલાસૌંદર્ય ખંડિત થયાનું જોવા મળે છે. ઘણી જગ્યાએ જીર્ણોદ્ધારનું કામકાજ શરૂ થયેલ છે. મંદિરો અને જૈન કીર્તિસ્તંભ ઉપરાંત રાજા જયસિંહનો મહેલ (ખંડેર), રાણી પદ્મીનીનો મહેલ, વિજય કીર્તિસ્થંભ વગેરે જરૂર જોવા જોવા છે. ચિતોડનો કિલ્લો આખા ભારતમાં પ્રખ્યાત છે. કહેવાય છે કે **" ગઢ તો ચિતોડગઢ, બાકી સબ ગઢૈયા"**. આટલો વિશાળ અને ભવ્ય કિલ્લો બીજે ક્યાંય નથી. ગાઈડની મદદ મળી શકે તો ઘણો ઈતિહાસ જાણવા જેવો છે. વિ. સં. ૧૫૮૭માં શ્રી શેત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવનાર મંત્રી શ્રી કર્મચંદ્ર બચ્છાવત અહીંના નિવાસી હતા. ઉદેપુરથી ૧૧૫ કિ.મી.ના અંતરે છે. અહીં રહેવા ધર્મશાળાઓ, જમવા લોજ વગેરેની વ્યવસ્થા છે.

## ૭. નાગેશ્વર તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, કાયોત્સર્ગ મુદ્રા, હરિત વર્ણ.

**તીર્થસ્થળ :** ઉન્હેલ ગામે એક ઝરણાના કિનારે. રતલામ કોટા લાઈન ઉપર આવેલા ચોમહલા ગામથી ૧૫ કિ.મી. દૂર. કલા ઉપરથી આ મંદિર ૧૧૦૦ વર્ષ પ્રાચીન હોવાનું અનુમાન છે. ભગવાન શ્રી પાર્શ્વનાથની ૪ મીટર ઊંચી કાયોત્સર્ગ મુદ્રાધારી આટલી વિશાળ અને પ્રાચીન શ્વેતાંબર પ્રતિમાનાં દર્શન બીજે દુર્લભ છે. પહેલાં જીર્ણ અવસ્થામાં રહેલા આ મંદિરની દેખભાળ એક સંન્યાસી બાબા કરી રહ્યા હતા. પ્રતિમા હમેશાં અપૂજીત રહેતી હોવાનું દૃશ્ય જૈનસંઘના ખ્યાલમાં આવતાં જૈન સંઘે યોગ્ય સરકારી કાર્યવાહી કરી મંદિરનો કારભાર લઈ જીર્ણોદ્ધાર કરાવેલ છે. પ્રતિમાજી અત્યંત ભવ્ય, સુંદર અને ચમત્કારિક છે. મંદિર પાસે રહેવાની, અને જમવાની સગવડો છે. ચૌમહલા ગામથી સડક કાચી છે. આ સ્થળ રાજસ્થાનમાં આવેલું છે. પરંતુ મધ્યપ્રદેશની સરહદ નજીક જ છે. ચિતોડગઢથી આ સ્થળ દક્ષિણપૂર્વ દિશામાં ૧૭૦ કિ.મી.ના અંતરે અને રતલામથી ઉત્તર- પૂર્વ દિશામાં ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલું છે. નજીકનું ગામ આલોટ ૮ કિ.મી. દૂર છે.

## ૮. શ્રી નાગહદ તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** એકલિંગજીથી ૧ કિ.મી. વાઘેલા તળાવ નજીક પહાડોની ગોદમાં આ સ્થળનું પ્રાચીન નામ નાગહદ હતું અને એક સમયે મેવાડની રાજધાની હતી. મેવાડ પંચતીર્થીનું એક સ્થળ ગણાય છે. કહેવાય છે કે એક સમયે અહીં ૩૫૦ જૈન મંદિરો હતાં. સાંજના આરતી સમયે એકસાથે આ મંદિરોમાં ઘંટનાદ થતો ત્યારે આ ધ્વનિ જાણે દેવલોકમાં ઈન્દ્રો દ્વારા પ્રભુની ભક્તિ થતી હોય એવું લાગતું. અત્યારે પણ અનેક જીર્ણ મંદિરોના અવશેષો નજરે પડે છે. મુસલમાન સુલતાન સમશુદ્દીનના સમયમાં આ સ્થળને ઘણી ક્ષતિ પહોંચી છે.

વિ. સ. ૧૪૯૪માં પ્રતિષ્ઠા થયેલી શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રભુપ્રતિમાની કલાનું જેટલું વર્ણન કરીએ એટલું ઓછું છે. શ્રી શાન્તિનાથ ભગવાનની આટલી વિશાળકાય પ્રતિમા ભાગ્યે જ ક્યાંય હશે. અહીં ઘણાં પ્રાચીન ખંડેરો છે. જો સંશોધન કરવામાં આવે તો ઘણો જ ઈતિહાસ મળવાની સંભાવના છે. ઉદેપુરથી ૨૫ કિ.મી. ઉત્તરે આવેલા એકલિંગજીથી પહેલાં એકાદ કિલોમીટરના અંતરે વાઘેલા તળાવ પાસેના રસ્તે વળવું. અત્યંત શાંત, રમણીય અને ભવ્ય સ્થાન છે.

## ૯. શ્રી દેવકુલપાટક તીર્થ

(જૂના દેલવાડા)

**મૂળનાયક :** શ્રી આદેશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જૂના દેલવાડા ગામ નજીક પહાડોની ગોદમાં, એકલિંગજીથી ઉત્તરે ૨ કિ.મી.ના અંતરે. અહીંની કલાનાં દર્શન કરતાં જ આબુ, કુંભારિયાજી, રાણકપુરની યાદ આવી જાય છે. અહીંની પ્રાચીનતાનો ઈતિહાસ મળતો નથી. શક્ય છે કે બીજાં જાહેર મંદિરોએ અહીંનો અભ્યાસ કરી નવું નિર્માણ કર્યું હોય. અહીંનાં શિખર, ગુંબજ, સ્તંભો વગેરેની વિવિધ પ્રકારની કલાના નમૂના દર્શન કરવા જેવા છે. ભગવાન શ્રી આદીશ્વરની પ્રતિમા જોતાં જ પ્રભુ જાણે સાક્ષાત્ બિરાજેલા હોય એવી પ્રભાવશાળી, સુંદર ભવ્ય પ્રતિમા છે. પ્રતિમાના પરિકરોમાં અત્યંત સુંદર કારીગરી છે. અનેક પ્રાચીન કલાકૃતિઓમાં મોર સાપની વચ્ચે પ્રભુનાં પગલાં, પાંડવો, દ્રૌપદીની પ્રતિમાઓ, ૭૨ તીર્થંકરોનાં માતાપિતાશ્રીની પ્રતિમાઓ વગેરે જોવા જેવી છે. આ ઉપરાંત ગામમાં બીજાં ત્રણ દેરાસરો છે. એક દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની કાયોત્સર્ગ સ્થાનમાં ધ્યાન ધરેલી પ્રતિમાજી છે. આ જ મંદિરમાં નીચે ભોંયરામાં અતિ પ્રાચીન વિશાળકાય પ્રતિમાઓનો સંગ્રહ છે. મુંબઈ-વાલકેશ્વરમાં શ્રીપાલનગરમાંના દેરાસરમાં અહીંની બે પ્રતિમાઓ બિરાજમાન છે. જરૂર જોવા જેવું આ સ્થળ છે. ઉદેપુર-અજમેર માર્ગ ઉપર આવેલું છે.

## ૧૦. રાજનગર તીર્થ

(દયાલશાહ કિલ્લા ઉપર કાંકરોલી ગામે)

**મૂળનાયક :** શ્રી આદેશ્વર ભગવાન, ચતુર્મુખ પ્રાસાદ, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** કાંકરોલીથી ૨ કિ.મી. ઉદેપુરથી કાંકરોલી લગભગ ૬૦ કિ.મી. મહારાણા રાજસિંહે રાજનગર વસાવ્યું હતું. એમના શૂરવીર મંત્રી શ્રી દયાલશાહે અહીં ૩૦૦ વર્ષ પહેલાં રાજસમન્દ તળાવ નજીક કિલ્લા ઉપર એક કરોડ રૂપિયાના ખર્ચે નવ માળનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. ઔરંગઝેબના સમયમાં આ સ્થળને ભવ્ય કિલ્લો સમજી મુસલમાનોએ તોડી નાખ્યું હતું. ફક્ત બે જ માળ બચ્યા હતા જેનું જીર્ણોદ્ધાર કામકાજ હમણાં ચાલુ છે. તેરા પંથનું આ ઉત્પત્તિસ્થાન ગણાય છે. શ્રી દયાલ શાહ મંત્રી ઘણા શૂરવીર અને હોશિયાર મંત્રી હતા. આ દેરાસરનાં પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી છે. મંદિર ઉપરના બીજા માળે ઘણી પ્રાચીન પ્રતિમાઓ છે. એમાં એક અર્ધપદ્માસનસ્થ પ્રતિમાજી પણ છે. આ દરેક જગ્યા ઘણી પૌરાણિક છે એટલે કલા, પ્રતિમાઓનો અભ્યાસ કરતાં ઘણું જાણવાનું મળે છે.

પહાડ ઉપર આવેલા તીર્થનાં દર્શન કરવા ૨૫૦ પગથિયાં ચઢતાં વીસેક મિનિટ જેટલો સમય થાય છે.

પહાડની નીચે સરોવર કિનારે આરસની કલાત્મક ચોકીઓ અત્યંત પ્રેક્ષણીય છે. રહેવાની તથા જમવાની સગવડ છે.

## ૧૧. શ્રી રાણકપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, ચૌમુખી, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અરવલ્લી પર્વતમાળામાં નાની ટેકરીઓમાં નાની મઘાઈ નદીના કિનારે, શાંત અને અરણ્ય પ્રકૃતિમાં અત્યંત સુંદર અને ભવ્ય મંદિર છે.

આ તીર્થની વિશેષતાનો ઈતિહાસ પણ અતિ પ્રભાવશાળી છે. આ તીર્થનું નિર્માણ શ્રેય યુગપ્રધાન આચાર્ય શ્રી સોમસુંદરસુરીશ્વરજીને છે. એમની પ્રેરણાથી નાન્દીયા નિવાસી શ્રી શેઠ કુંવરપાલ અને શેઠાણી કામલદેના પુત્ર રાણા કુંભાના શૂરવીર મંત્રી શ્રી ધરણાશાહ(ધન્નાશાહ)માં ધાર્મિક વૃત્તિ જાગ્રત થઈ જેથી બહુ નાની ઉંમરે ઘણાં વ્રતો ધારણ કરવાનું, દાન-પુણ્ય કરવાનું, તીર્થયાત્રા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. શ્રી શેત્રુંજય તીર્થનો પ્રવાસ કર્યા બાદ શ્રી આદેશ્વર ભગવાનનું ભવ્ય મંદિર બંધાવવાની તેમને ભાવના થઈ. એક દિવસ સ્વપ્નમાં "નલિની ગુલ્મદેવ વિમાન"નાં તેમને દર્શન થયાં, જેથી તેમના અંતરમાં એ "નલિની ગુલ્મદેવ વિમાન" જેવું અલૌકિક, ભાવી પેઢી માટે પ્રેરણાત્મક અને વિશ્વમાં જૈન ધર્મનું ગૌરવ વધારે એવું શિલ્પકલામાં ઉત્કૃષ્ટ, કલામાં સર્વાંગસુંદર અને વિશાળ ભવ્ય દેરાસર બંધાવવાની ભાવના જાગ્રત થઈ. જ્યારે ધરણાશાહે વિભિન્ન

કલાકારો, શિલ્પકારો સાથે પોતાના વિચારોને અનુકૂળ નકશા મંગાવ્યા ત્યારે અનેક સ્થાનોથી વિભિન્ન નકશાઓ આવ્યા. પ્રભુભક્ત અને આત્મસંતોષી શ્રી દીપા કલાકારે ધરણાશાની હૃદયની વાત સમજીને તૈયાર કરેલા નકશાઓએ ધરણાશાહનું મન જીતી લીધું. ધરણાશાહે શીઘ્ર શુભ દિને મંદિરનું નિર્માણ કરાવવાનું શરૂ કર્યું. કહેવાય છે કે એમની ભાવના સાત માળનું ભવ્ય મંદિર બનાવવાની હતી પરંતુ પોતાના આયુષ્યનો અંતકાળ નજીક સમજી ત્રણ માળનું મંદિર પૂર્ણ થતાં જ એમના માર્ગદર્શક શ્રી સોમસુંદરસુરીશ્વરજીને પ્રતિષ્ઠા માટે વિનંતી કરી. વિ. સં. ૧૪૯૬માં એમના શુભ હસ્તે પ્રતિષ્ઠા થઈ. એક માન્યતા અનુસાર ૯૯ લાખના ખર્ચે, ૨૫૦૦ શિલ્પીઓના હાથે અને ૬૩ વર્ષના અથાગ પ્રયત્નો બાદ આ મંદિરનું નિર્માણ થયેલ છે.

માનવી જ્યારે પ્રાકૃતિક દૃશ્ય સાથે સ્વર્ગલોકના દેવ વિમાન તુલ્ય આ કલાત્મક દેરાસરનાં દર્શન કરે છે ત્યારે પોતાની જાતને ભૂલી ખરેખર દિવ્ય દેવલોકમાં પહોંચી આવ્યાનું અનુમાન કરે છે.

આ દેરાસરને ચાર દ્વારો છે. ત્રણ મજલાઓ છે. દરેક માળ ઉપર ચૌમુખી પ્રતિમાજીઓ બિરાજમાન છે.

આ દેરાસરમાં ૭૬ શિખરબંધ ધજાઓ સાથે નાની દેવકુલિકાઓ, રંગમંડપ તથા શિખરોથી જોડાયેલ ચાર મોટી દેવકુલિકાઓ અને ચાર દિશાઓમાં ચાર મહાધર પ્રાસાદ આમ કુલ ચોરાસી દેવકુલિકાઓ છે. સંસારી આત્માઓને જીવની ચોરાસી લાખ યોનિઓથી વ્યાપ્ત ભવસાગરો પાર કરી મુક્ત થવાની પ્રેરણા આપે છે.

ચાર દિશાઓમાં આવેલ ચાર મેઘનાદ મંડપોની જોડ મળવી મુશ્કેલ છે. મંદિરની સહુથી અદ્વિતીય વિશેષતા એની વિપુલ સ્તંભાવલી છે. કુલ્લે ૧૪૪૪ સ્તંભો બતાવાય છે. પણ ગણવા મુશ્કેલ છે. શિલ્પીઓએ સ્તંભોની રચના એવી રીતે કરેલી છે કે દરેક સ્તંભ પાસેથી એકાદ દેરીમાંથી જિનપ્રતિમાનાં દર્શન થાય છે. દરેક સ્તંભ વિવિધ અને ભિન્ન કારીગરીથી ભરપૂર છે. સ્તંભોની ઊંચાઈ લગભગ ૪૦ ફૂટ છે અને નાનીમોટી સાઈઝમાં સાદી તથા અત્યંત બારીક કોતરણીઓ કરેલી છે.

દેરાસરમાં ઉત્તર તરફ રાયણ વૃક્ષ તથા આદેશ્વર ભગવાનનાં ચરણચિન્હો છે. મંદિરમાં કેટલાંક ભોંયરાં છે. મંદિરની છતો અને થાંભલાઓ, ભીંતો ઉપર અત્યંત સુંદર કારીગરીના નમૂનાઓ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના કાઉસગ્ગધ્યાન વખતે કમઠનો ઉપસર્ગ અને શ્રી ધરણેન્દ્ર દેવ વતી સહસ્રફણા નાગ સ્વરૂપે ભગવાનની રક્ષા એ શિલ્પ એક અખંડ પથ્થરમાં ગજબની કોતરણી કરી બનાવેલું છે.

આ ઉપરાંત નાગદમન (કૃષ્ણલીલા), સહસ્રકૂટના કલાપૂર્ણ શીલપટ્ટ, કલ્પવૃક્ષનાં પાંદડાં અને સ્તંભો વચ્ચેનાં તોરણોની કારીગરી જોતાં અનેરો આનંદ આવે છે. તોરણોની આરપાર બારીક કોતરણી, દ્વારોની કારીગરી ધ્યાન ખેંચી લે છે. મુખ્ય પ્રવેશદ્વારમાં આવ્યા બાદ રંગમંડપના સ્તંભોમાં એક જગ્યાએ થોડી ઊંચાઈએ શ્રી ધરણાશાહની મૂર્તિ કંડારેલી છે. ત્યાંથી શ્રી આદેશ્વર ભગવાનનાં સદાય દર્શન થતાં રહે છે. બીજા એક સ્તંભમાં શિલ્પકાર શ્રી દીપા કલાકારની હાથમાં કમંડળ અને ગજ સાથેની મૂર્તિ છે. એક માન્યતા અનુસાર દીપા કલાકાર સંન્યાસી જ હતા અને સાદગીભર્યું જીવન જીવતા. ખાસ અભ્યાસ ન હોવા છતાં દૈવી સહાયને કારણે અથાગ મહેનત સાથે અત્યંત ભવ્ય દેરાસરનું નિર્માણકાર્ય કરેલ છે. ચાર મેઘમંડપોમાં કારીગરી ચઢતા ક્રમમાં વધતી જાય છે. પહેલા કરતાં બીજા અને બીજા કરતાં ત્રીજામાં અને ત્રીજા કરતાં ચોથામાં સુંદર છે. એક માન્યતા અનુસાર ચોથો મેઘનાદ મંડપ ધરણાશાહના ભાઈ રત્નાશાહના યોગદાન દ્વારા નિર્મિત છે અને ભાઈની ભાવનાઓને વધુ સારી રીતે સાકાર કરવા ચોથા મંડપમાં વધુ કલાકારીગીરી થયેલ છે.

આ મંદિરને દૂરથી જોતાં જ, તેની ભવ્યતા અને વિશાળતાનો ખ્યાલ આવે છે. એક જનસમૂહ કહેવત પ્રમાણે "આબુની કોતરણી,
રાણકપુરની બાંધણી-(માંડણી),
તારંગાજીની ઊંચાઈ અને શેત્રુંજયનો મહિમા.
કટકો, બટકો ખાજે પણ તીર્થસ્થાને જરૂર જાજે."

દેરાસરમાં ૨૫૦ કિલોના બે નર માદા (કુલ્લે ૫૦૦ કિલો) ઘંટ છે જેમાંથી ૐ એવો રણકાર નીકળે છે અને શાંત વાતાવરણમાં ૩ કિ.મી. સુધી સંભળાય છે. અહીં મંદિર નીચેનાં ભોયરાંઓમાં અનેક પ્રાચીન મૂર્તિઓનો સંગ્રહ છે.

આ ઉપરાંત અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું, શ્રી નેમિનાથ ભગવાનનું અને એક સૂર્યમંદિર છે. ગોડવાલ પંચતીર્થીનું મુખ્ય સ્થળ છે. રહેવા માટે આધુનિક બ્લોકો છે. જમવા માટે ભોજનશાળા છે. સાદડી ગામથી ૯ કિ.મી. દૂર છે.

આ પ્રકારના પ્રાકૃતિક સૌંદર્યથી ઓતપ્રોત, નલિનીગુલ્મ દેવવિમાન જેવા વિશાળ, કલાત્મક દેરાસરનાં દર્શન જરૂર કરવાં જોઈએ.

ઉદેપુરથી હલદીઘાટી થઈને આવતાં આ સ્થળ લગભગ ૧૦૦ કિ.મી.ના અંતરે છે. નાથદ્વારા માર્ગે આવતાં ૧૫૦ કિ.મી. થાય છે પરંતુ આ માર્ગે નાગહદ, દેવકુલપાટક (દિલવાડા), રાજનગર વગેરે ઘણાં સ્થળોનાં દર્શન થાય છે.

## ૧૨. શ્રી સાદડી તીર્થ :

**તીર્થસ્થળ :** સાદડી ગામે બસસ્ટેન્ડ નજીક જ ત્રણ સુંદર દેરાસરો એક જ કમ્પાઉન્ડમાં છે. બસસ્ટેન્ડથી એકાદ કિ.મી. ગામની અંદર ન્યુઆબાદી વસ્તીમાં ન્યુઆબાદી જૈન ટ્રસ્ટ દ્વારા નિર્મિત કાચનું અત્યંત સુંદર દેરાસર છે. ઘાણેરાવ નજીક દેસુરી ગામે પણ દેરાસરો છે.

## ૧૩. શ્રી કીર્તિસ્તંભ : ઘાણેરાવ

**તીર્થસ્થળ :** અત્યારે જ બનેલા આ નવ માળના કીર્તિસ્તંભના આઠમે અને નવમે માળે ચૌમુખી પ્રતિમાઓ છે. નીચે કમ્પાઉન્ડમાં બે દેરાસરો છે. નવીન સ્થળ છે. રહેવાની તથા જમવાની વ્યવસ્થા છે. રાણકપુર તીર્થના નિર્માતા ધારણાશાહના વંશજો આજે ૧૪મી ૧૫મી પેઢીએ અહીં ઘાણેરાવ ગામે વસે છે. અહીંથી મુછાળા મહાવીર પાંચેક કિ.મી. છે. ઉપરાંત દેસુરી થઈ નાંડલાઈ, નાંડોલ, વરકાણા જવાય છે.

## ૧૪. શ્રી મુછાળા મહાવીર તીર્થ :

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ ઘણું જ પ્રાચીન છે. પ્રાચીનતા જાણી શકાતી નથી. ગોડવાલ પંચતીર્થીનું એક તીર્થ છે. અહીંનો ચમત્કાર લોકપ્રસિદ્ધ છે. એક વખત ઉદેપુરના મહારાણા અહીં દર્શન માટે પધાર્યા. તિલક કરતી વખતે મહારાણાએ કેસરની કટોરીમાં વાળ જોઈ પૂજારીને હસતાં હસતાં ભગવાનને મૂછો હોય એમ લાગે છે એવું કહ્યું. મહાવીરભક્ત પૂજારીએ હા કહી સાથે જણાવ્યું કે ભગવાન સમયે સમયે વિવિધ રૂપ ધારણ કરે છે. હઠીલા મહારાણાએ આ સાંભળી મૂછોવાળા ભગવાનનાં દર્શન કરવાનું નક્કી કર્યું. સંકટમાં આવેલા પૂજારીની અનન્ય ભક્તિ, ત્રણ દિવસની લગાતાર ભક્તિને કારણે ભગવાને પ્રસન્ન થઈ મહારાણાને મૂછો સાથે દર્શન આપ્યાં. ત્યારથી આ સ્થળ મુછાળા મહાવીર તરીકે પ્રખ્યાત છે. રાણકપુરથી ૨૨-૨૩ અને નાંડલાઈથી ૧૬ કિ.મી. છે. અહીં આજે પણ ચમત્કારી ઘટનાઓ થાય છે. રહેવા અને જમવાની સગવડો છે.

## ૧૫. શ્રી નાંડલાઈ તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમિનાથ ભગવાન, શ્રી આદિનાથ ભગવાન.

**તીર્થસ્થળ :** નાંડલાઈ ગામની બહાર, પર્વતો ઉપર અને તળેટીમાં, અહીં બધાં મળીને દસેક દેરાસરો (પર્વત પર બે, તળેટીમાં સાત અને ગામમાં એક) છે. બે પર્વતો ઉપર ગિરનાર અને શેત્રુંજય તીર્થની રચનાઓ છે. શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય શ્રી નારદજીએ વસાવેલા આ ગામમાં શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને કરાવેલ છે. ગામમાં આવેલ શ્રી આદિનાથ ભગવાનનું મંદિર વિ. સ. ૯૫૦માં શ્રી યશોભદ્રસુરીશ્વરજી પોતાની વિદ્યાશક્તિથી વલ્લભીપુરથી

લાવ્યા હોવાનું બતાવાય છે. યાદવ ટેકરી તેમજ શત્રુંજય ટેકરી વચ્ચેના પહાડોનું, દેરાસરોનું સૌંદર્ય ખૂબ જ સુંદર છે. ગામમાં શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં વિશાળ રંગમંડપમાં ચિત્રકામ પ્રાચીન હોવા છતાં સાફ અને સુંદર છે. ડુંગર ઉપર એક હાથીની પ્રતિમાજી છે. ગામમાં રહેવા અને જમવાની સગવડો છે. આ સ્થળ અત્યંત પ્રાચીન અને સુંદર છે. રાણી ૨૮ કિ.મી., ફાલના ૪૦ કિ.મી., દેસુરી ૬ કિ.મી., ઘાણેરાવ ૧૩ કિ.મી. દૂર છે બન્ને પહાડો ઉપર જતાં-આવતાં દોઢેક કલાકનો સમય લાગે છે. ચઢાણ કઠિન નથી. પગથિયાં બનાવેલાં છે.

## ૧૬. શ્રી નાંડોલ તીર્થ :

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** નાંડોલ ગામ પ્રાચીન તીર્થયાત્રાના ગ્રન્થો પ્રમાણે અત્યંત પ્રાચીન અને સંપ્રતિ રાજાના સમય પહેલાંનું ગણવામાં આવે છે. શ્રી પદ્મપ્રભુનું મંદિર સુંદર છે. અત્યારે પાછળ એક જલમંદિરની રચનાનું નિર્માણ ચાલુ છે. આ સિવાય અહીં બીજાં ત્રણ દેરાસરો છે. શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર અતિ પ્રાચીન માનવામાં આવે છે. આ મંદિરમાં એક ભોંયરામાં વિ. સં. ૩૦૦ પહેલાં આચાર્ય શ્રી માનદેવસુરીશ્વરજીએ ઉપદ્રવની શાંતિ માટે યોગસાધના કરી "લઘુશાંતિ" સ્તોત્રની રચના કરી હતી. આ ઉપરાંત શ્રી મહાવીર સ્વામી ભગવાનનું દેરાસર પણ પ્રાચીન છે. રાણી સ્ટેશન ૧૦ કિ.મી. છે. અહીં પ્રાચીન કલાકૃતિઓ ખાસ કરીને અખંડ કસોટીનું ચૌમુખીનું દેરાસર જરૂર જોવું.

## ૧૭. શ્રી વરકાણા તીર્થ :

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીંની કોતરણી આબુ, રાણકપુર પ્રકારની છે. દેરાસર નાનું પણ સુંદર છે. આ તીર્થ પણ પ્રાચીન છે અને પંચતીર્થીનું સ્થળ મનાય છે. રાણીથી ૩ કિ.મી., ફાલનાથી ૨૦ કિ.મી. દૂર છે. નાડલાઈ, નાંડોલ થઈ વરકાણા આવી શકાય છે.

## ૧૮. શ્રી ખીમેલ તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ સ્થળે બીજાં ત્રણ મંદિરો છે. શ્રી શાન્તિનાથ ભગવાનનું આ દેરાસર વિક્રમ સં. ૧૨૦૦માં નિર્માણ થયાનું મનાય છે. ખીમેલ ગામ રાણીથી ૪ કિ.મી. અને ફાલનાથી ૧૧ કિ.મી. છે.

રાણી ગામના બજારમાં શ્રી શાન્તિનાથ ભગવાનનું દેરાસર છે.

## ૧૯ શ્રી તખ્તગઢ તીર્થ:

**મૂળનાયક :** શ્રી આદેશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ ગામમાં કુલ્લે પાંચ દેરાસરો છે. મુખ્ય દેરાસર પ્રાચીન છે અને એની બાજુમાં જ બીજું દેરાસર છે. આ બન્ને દેરાસરો ખૂબ જ ભવ્ય અને અચૂક જોવા જેવાં છે. મુખ્ય દેરાસરની ભમતીમાં આરસમાં કંડારેલા ચિત્રકામ પટ્ટદશ્યો ધ્યાનથી જોવા જેવાં છે. સંસારચક્ર, મધુબિન્દુ, શરીર તથા ઈન્દ્રિયો, શ્રીપાળ મયણા કથા, વગેરેનાં દ્દશ્યો આરસમાં કોતરી ઉપર ચિત્રકામ કરેલું છે. બાજુના દેરાસરમાં આરસની જાળીઓ, આરસનું કોતરકામ અને ચાંદીના જડતરનું કામકાજ વખાણવાલાયક છે. નીચે જમીન ઉપર ફૂલોની કલાકારીગરી આરસમાં જોવા જેવી છે. શિખરબંધ દેરાસર આરસથી જડેલું છે. બની શકે તો આ સ્થળની મુલાકાત જરૂર લેવી.

તખતગઢથી સાંડેરાવ જવાય છે. સાંડેરાવથી ઘણા રસ્તાઓ છે. પ્રવાસીઓએ પોતાના સમય અને સગવડ મુજબ પ્લાન નક્કી કરીને યાત્રા કરતાં સુગમતા અને વધુ આનંદ આવે છે. તખતગઢ આહોરથી ૨૫ કિ.મી. અને સાંડેરાવથી ૨૦ કિ.મી. છે.

## ૨૦. શ્રી રાતા મહાવીર તીર્થ

(હથુંડી)

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, રાતો વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બાલીથી નાણા જતા માર્ગે સેવાડી થઈ બીજાપુર ગામથી ૩ કિ.મી. દૂર આવેલા હથુંડી ગામે આ તીર્થ એકાંતમાં પહાડોની ગોદમાં રમણીય સ્થળે છે. આ મંદિરનું નિર્માણ વિ. સં. ૩૭૦માં શ્રી વીરદેવ શ્રેષ્ઠી દ્વારા થયેલ છે. કાળક્રમે મંદિરનો જીર્ણોદ્ધાર જૈન ધર્મ પ્રતિબોધ પામેલા શૂરવીર રજપૂત રાજાઓ દ્વારા થતો રહ્યો છે. એક સમયે જાહોજલાલી ભરેલી નગરી હશે અને પાંચેક હજાર હાથીઓની વસ્તી હશે એવું માનવામાં આવે છે. ભગવાનની મૂર્તિનું લાંછન અભ્યાસયોગ્ય છે. સિંહ દેહ ઉપર હાથીનું મસ્તક બનાવેલ છે. આ પ્રકારનું લાંછન અન્યત્ર જોવામાં આવતું નથી. આ એક વિશિષ્ટતા છે. ભગવાનની રાતા રંગની વિશાળ મૂર્તિ વિશેષ ડિઝાઈનની છે. નીચે ભોંયરામાં ગુલાબી આરસપહાણમાંથી કંડારેલી શ્રી મહાવીર સ્વામી ભગવાનની મૂર્તિ બહુ જ સુંદર છે. મંદિરની બહાર અધિષ્ઠાયક દેવની મૂર્તિ છે. આ સ્થળ બહુ જ શાંત છે. રહેવા ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૨૧. શ્રી સિવેરા તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આઠસોથી વધુ વર્ષ પ્રાચીન તીર્થ શિરોહી રોડથી ૮ કિ.મી. છે. સિવેરા

ગામની નજીક ઝાડોલી ૫ કિ.મી. છે. રહેવા નાની ધર્મશાળા છે.

## ૨૨. શ્રી બાલી તીર્થ

**મૂળનાયક :** શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બાલી ગામની મધ્યમાં આવેલ આ તીર્થસ્થાન ચમત્કારિક છે. પ્રતિમાજી ઉપર વિ. સં. ૧૧૬૧ ના લેખ ઉત્કીર્ણ છે. આ એક પ્રાચીન અને મહત્ત્વનું ગામ હતું. પ્રતિમાજી, બાજુમાં આવેલા સેલ ગામના, તળાવમાંથી દેવીસંકેત દ્વારા દર્શન થયેલાં છે. એક માન્યતા અનુસાર સેલા ગામના શ્રાવકોને ત્યાં દેરાસર બનાવી પ્રતિમાજી પધરાવવાની ઈચ્છા હતી. છેવટે ગાડું જ્યાં લઈ જાય ત્યાં એવો તોડ કરતાં ગાડું બાલી ગામે પ્રતિમાજી લઈ આવતાં અહીં તીર્થસ્થાન બનેલ છે. ફાલનાથી ૭ કિ.મી. છે. અહીંથી નાણા જતી સડક છે. વચ્ચે સેવાડી વગેરે ગામો આવે છે. બાલી ફાલના અને સાદડી વચ્ચે આવેલું છે.

## ૨૩. શ્રી જાખોડા તીર્થ

**મૂળનાયક :** શ્રી શાંતિનાથ ભગવાન, પ્રવાલ (રાતો) વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જાખોડા ગામના પહાડોની ગોદમાં આવેલું આ સ્થળ 'જવાઈબંધથી ૧૩ કિ.મી., શિવગંજથી ૮ કિ.મી. અને સુમેરપુરથી ૬ કિ.મી. દૂર છે. આ તીર્થ પ્રાચીન તેમજ ચમત્કારિક છે. તીર્થની પ્રાચીનતા જાણી શકાતી નથી. એક લેખ વિ. સં. ૧૫૦૪નો મળેલ છે પણ દેરાસર એનાથી પણ પ્રાચીન હશે. અહીં પાણીની મોટી સમસ્યા હતી. પથરાળ પહાડોમાં પાણી મળવાની કોઈ શક્યતા ન હોવા છતાં અધિષ્ઠાયક દેવના સંકેતથી એક જગ્યાએ ખોદકામ કરવાથી મોટા પ્રમાણમાં નિર્મળ, સ્વાસ્થ્યવર્ધક પાણી મળી આવ્યું. પ્રભુપ્રતિમાની કલા દર્શનીય છે.

## ૨૪. શ્રી કોરટા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ મંદિરની સ્થાપના લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વેની જણાય છે. કોરંઠકગચ્છની સ્થાપના અહીં ત્યારે થયેલ છે. મંદિરની પ્રતિષ્ઠા ઓસ વંશના સ્થાપક આચાર્ય શ્રી રત્નપ્રભસુરીજીએ પોતાની અલૌકિક વિદ્યાથી બે રૂપ ધારણ કરીને એક જ મુહૂર્તે ઓસિયા અને કોરટામાં કરાવેલ. આ ઉપરાંત અહીં આદીશ્વર ભગવાનનું દેરાસર છે. અહીં ભંડારમાં પ્રાચીન કલાત્મક ચીજોનો સંગ્રહ છે. આ ગામ શિવગંજથી ૮ કિ.મી. અને જવાઈબંધથી ૨૪ કિ.મી. દૂર છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૨૫. શ્રી લાજ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** નાણા, પીન્ડવાડા વિસ્તારમાં આવેલા ચામુન્ડેરી ગામથી ૨૩ કિ.મી. દૂર

વેલાર ગામે પહાડોની ગોદમાં આવેલ આ તીર્થ પ્રાચીન છે. અહીં નાણાકીયગચ્છની ગાદી હોવાનો ઉલ્લેખ છે. આ તીર્થ એકાંતમાં છે. નાણા, પીન્ડવાડાથી જઈ શકાય છે. થોડો રસ્તો કાચો છે.

## ૨૬. શ્રી ખુડાલા તીર્થ

**મૂળનાયક :** શ્રી ધર્મનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** વિ. સં. ૧૨૪૩માં આ દેરાસરની પ્રતિષ્ઠા થયેલ છે. આ ઉપરાંત અહીં બીજું પણ એક દેરાસર છે. ખુડાલ ગામ ફાલનાથી ફક્ત ૩ કિ.મી. છે. દેરાસરમાં મીનાકારીનું સુંદર કામ છે.

## ૨૭. શ્રી સેવાડી તીર્થ :

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ,પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થની સ્થાપના લગભગ વિ. સં. ૧૧૭૨માં થઈ હોવાનો સંભવ છે. અહીંની બધી પ્રતિમાઓ પ્રાચીન અને ૧૩મી સદીની હોવાનો સંભવ છે. પ્રતિમાજી ઉપર લેખ નથી. આવી પ્રતિમાઓનાં દર્શન બીજે દુર્લભ છે. મૂળ ગંભારાના દ્વાર ઉપર ૧૬ વિદ્યાદેવીઓની મૂર્તિઓ, યક્ષ-કુબેરની મૂર્તિઓ વગેરે ઉલ્લેખનીય છે. ગંભારામાં ગજલક્ષ્મીની મૂર્તિ સ્વયં અપૂર્વ છે. તીર્થ પ્રાચીન છે. બાલીથી નાણા જતી સડક ઉપર ૧૬ કિ.મી.ના અંતરે છે. રાતા મહાવીર આ જ રસ્તા ઉપર જવાય છે. એટલે આ તીર્થનાં જરૂરથી દર્શન કરવાં. અહીં શ્રી સરસ્વતીદેવીની પ્રતિમા કલાત્મક અને આકર્ષક છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૨૮. શ્રી ગોહીલી તીર્થ

**મૂળનાયક :** શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થક્ષેત્ર ૭૦૦ વર્ષ પહેલાંનું છે. શીરોહીથી ફક્ત ૩ કિ.મી. છે. શીરોહી રોડ ૨૮ કિ.મી. છે. દેરાસરની નિર્માણશૈલી આકર્ષક છે. ગોહીલી ગામની મધ્યમાં આ સ્થળ છે.

## ૨૯. શ્રી અજારી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અજારી ગામની મધ્યમાં આવેલ આ તીર્થસ્થળની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે પણ પ્રતિમાઓ સંપ્રતિ રાજાના સમયની હશે એવું અનુમાન થાય છે. એક પ્રતિમા ઉપર વિ. સં. ૧૨નો લેખ છે. (લગભગ ૨૦૦૦ વર્ષ પૌરાણિક). દરેક પ્રતિમા સુંદર છે. ઘણી પ્રતિમાઓની આજુબાજુ કલ્પવૃક્ષની રચના છે જે બહુ જ નિરાળી છે અને બીજી જગ્યાએ જોવી દુર્લભ છે. કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે આ ગામની પાસે માર્કંડેશ્વરમાં શ્રી સરસ્વતી દેવીની આરાધના કરી હતી અને આ જિનમંદિરમાં સરસ્વતી દેવીએ પ્રસન્ન થઈ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં. કવિ કાલિદાસની

આ જન્મભૂમિ છે. આ દેરાસરમાં શ્રી સરસ્વતી દેવીની પ્રતિમા છે. નાન્દિયાથી ૧૦ કિ.મી. દૂર છે. પીન્ડવાડાથી બે કિલોમીટરના અંતરે છે. શ્રી સરસ્વતી દેવીની આટલી પ્રાચીન પ્રતિમાનાં દર્શન દુર્લભ છે. નાની મારવાડ પંચતીર્થીનું આ એક સ્થળ ગણાય છે.

## ૩૦. શ્રી ઉથમણ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ઉથમણ ગામ, પહાડની તળેટીમાં, જવાઈબંધથી ૨૦ કિ.મી., શિરોહીથી ૨૨ કિ.મી. અને શિવગંજથી ૧૦ કિ.મી. દૂર છે. અહીં પ્રભુપ્રતિમાની ગાદી નીચેનું શિલ્પકામ જોવાલાયક છે.

## ૩૧. શ્રી સાંડેરાવ તીર્થ

**મૂળનાયક :** શ્રી શાંતિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીંનાં પ્રભુપ્રતિમાજી અત્યંત ભવ્ય અને કલાત્મક છે. કોઈ કોઈ વખત શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયક શ્રી ધરણેન્દ્ર દેવ મંદિરમાં નાગદેવના સ્વરૂપમાં પ્રગટ થાય છે. અહીં સામે ઉપાશ્રયમાં શ્રી મણિભદ્ર યક્ષનું સ્થાન છે જ્યાં અનેક ચમત્કારિક ઘટનાઓ બને છે. આ ઉપરાંત અહીં કેસરિયાનાથનું દેરાસર છે. ફાલનાથી જાલોર-આહોર રસ્તેના ૧૧ કિ.મી.નું અંતર છે. પ્રતિમાજીના પરિકરની કારીગરી ખૂબ જ સુંદર છે.

## ૩૨. શ્રી શિરોહી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** વિ. સં. ૧૩૩૯માં આ તીર્થની સ્થાપના થયેલી છે. આદીશ્વર ભગવાનના દેરાસર ઉપરાંત અહીં બીજાં ૧૯ દેરાસરો છે. અહીં એકીસાથે પહાડની ઓટમાં મંદિરોના શિખરસમૂહનું દૃશ્ય ઘણું જ મનોરમ છે. અહીંના દરેક મંદિરમાં પ્રતિમાઓ, તોરણો અને ગુંબજોમાં અભૂતપૂર્વ કલાનાં દર્શન થાય છે. અચલગચ્છના મંદિર પાસે ઔષધશાળામાં શ્રી સરસ્વતી દેવીની પ્રતિમા, શ્રી સંભવનાથ ભગવાનના મંદિરમાં મૂળનાયક ભગવાનની પ્રતિમા, શ્રી અજીતનાથ ભગવાનના દેરાસરમાં આભૂષણોથી સુસજ્જિત કાઉસગ્ગ મુદ્રામાં બે પ્રતિમાઓ ઘણી જ સુંદર અને કલાત્મક છે. શ્રી આદિનાથ ભગવાનના બાવન જિનાલય દેરાસરમાં મૂળનાયક ભગવાનની પ્રતિમાની શિલ્પકલા અતિ મનોહર છે. મૂર્તિ ઉપર મોતીનું વિલેપન છે. આ જ મંદિરમાં એક હજાર પંચધાતુની પ્રાચીન પ્રતિમાઓ, મરૂદેવી માતા, રાજર્ષિ શ્રી ભરત વગેરેની અતિ સુંદર પ્રાચીન મૂર્તિઓ છે. આ દેરાસરમાં પાછળના ગંભારાના રંગમંડપના દ્વારથી રાજમહેલ સુધી સુરંગ છે જે કદાચ રાજરાણીઓનાં દર્શનાર્થે બનાવી હશે. અહીંના રાજાઓ જૈન ધર્મકાર્યોમાં ભાગ લેતા હતા અને જૈન ધર્મ પ્રત્યે તેમને અખૂટ શ્રદ્ધા હતી. શિરોહી રોડથી ૨૫ કિ.મી.ના અંતરે શિરોહી આવેલું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ

છે.

શિરોહી, આબુ, ફાલના નજીકમાં સૌથી વધુ દેરાસરો હશે. આ તીર્થસ્થાનોમાં ઘણાં પ્રાચીન સમયનાં છે. જૈન ધર્મનો અહીં સારો એવો પ્રભાવ રહ્યો છે.

## ૩૩. શ્રી મીરપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ મંદિર સંપ્રતિ રાજા દ્વારા નિર્મિત થયું હોવાનું મનાય છે. અહીંના સ્તંભો, ગુંબજો, શિખર ઉપરની કલા હજાર-બારસો વર્ષથી પણ જૂની છે. અહીંની કલા જોતાં આબુ, દેલવાડા કુંભારિયાજીનું સ્મરણ થઈ આવે છે. આ તીર્થ એની પ્રાચીનતા, કલા અને અદ્વિતીય શાંત વાતાવરણમાં હોવાથી પોતાનું આગવું સ્થાન ધરાવે છે. છૂટાછવાયા અવશેષો ઉપરથી આ એક પ્રાચીન, વિરાટ નગરી હશે એવું અનુમાન થાય છે. પ્રભુજીની પ્રતિમા ભવ્ય અને રુવાબવાળી છે. આજુબાજુ જીર્ણ મંદિરોના અવશેષ છે. આચાર્ય શ્રી પાર્શ્વચન્દ્રસુરી મહારાજની (પાર્શ્વચન્દ્ર ગચ્છ) આ જન્મભૂમિ છે. શીરોહીથી ૨૦ કિ.મી. મન્ડાર જતા રસ્તે ડાબી બાજુ ૩ કિ.મી. વળવાનું છે. સુંદર સ્થળ છે. શિરોહી રોડ ૩૭ કિ.મી. અને આબુ રોડ ૬૦ કિ.મી. છે. શિરોહીથી આબુ જતાં વચ્ચે આવે છે.

## ૩૪. શ્રી વીરવાડા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ગામની બહાર પહાડોની છાયામાં નિર્મિત આ મંદિરનું દશ્ય સુંદર લાગે છે. પ્રભુવીરનાં પ્રતિમાજી અતિ પ્રભાવશાળી, સુંદર અને ગંભીર છે. એક કલાત્મક પ્રતિમાજીનું પરિકર જોવા જેવું છે. ગામમાં શ્રી વિમલનાથ ભગવાનનું દેરાસર છે. આસપાસમાં વિસલનગર, કોરટા, વિરોલી વગેરે ગામોમાંથી પ્રાચીન જૈન મંદિરોના અવશેષો મળી આવ્યા છે. આ બધું સમજતાં વીરવાડાનો ઈતિહાસ અતિ પ્રાચીન હશે. ભગવાન શ્રી મહાવીર સ્વામી આ સ્થાનોમાં વિચર્યા છે. બ્રાહ્મણવાડાથી આ સ્થાન ૧ કિ.મી.ના અંતરે છે.

## ૩૫. શ્રી બામનવાડા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, પ્રવાલ (રાતો) વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમાજી જીવિત સ્વામીના નામથી પ્રસિદ્ધ છે. સંપ્રતિ રાજાએ અહીં દેરાસર બંધાવ્યું હતું. સંપ્રતિ રાજાને પ્રતિવર્ષે પાંચ તીર્થોની ચાર વારયાત્રા કરવાનો નિયમ હતો. બ્રાહ્મણવાડા એમાંનું એક તીર્થ છે. શ્રી મહાવીર સ્વામીના કાનમાં ખીલા લગાવવાનો ઉપસર્ગ અહીં થયો હતો. અહીં ભગવાનની ચરણપાદુકાઓ છે. અહીં શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં

૨૭ ભવનો પટ્ટ આરસ પથ્થરમાં બનાવેલ છે. શ્રી સકલ તીર્થ યાત્રાનો પટ્ટ અભ્યાસ કરવાલાયક છે. અહીં પહાડ ઉપર શ્રી સમેતશિખર તીર્થની રચના અત્યંત સુંદર રીતે કરવામાં આવી છે. જરૂરથી દર્શન કરવાં. ઉપર જઈને આવતાં અડધો કલાક લાગે છે.

આ સ્થળ પીન્ડવાડાથી ૮ કિ.મી., શિરોહીથી ૧૬ કિ.મી. શિરોહી રોડ અને શિરોહી વચ્ચે આવેલું છે.

## ૩૬. શ્રી નાન્દિયા તીર્થ

**મૂળનાયક:** શ્રી જીવિત સ્વામી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** શ્રી ભગવાન મહાવીરના જ્યેષ્ઠ બંધુ નંદીવર્ધને આ ગામ વસાવ્યું હતું એવી એક માન્યતા છે. ભગવાન મહાવીરે ચંડકોશિયા નાગને અહીં પ્રતિબોધિત કર્યો હતો. અહીં એક દેરીમાં ચંડકોશિયા નાગની આકૃતિ અને ભગવાનનાં પગલાં છે. મૂળનાયકજીની પ્રતિમા પ્રભુવીરના સમયની છે. "નાણા, દીયાણા, નાન્દીયા, જીવિત સ્વામી જુહારિયા એવી એક ઉક્તિ પ્રચલિત છે. પ્રભુવીરના સમયની આટલી તેજસ્વી અને કલાત્મક પ્રતિમાનાં દર્શન દુર્લભ છે. પ્રતિમા બહુ પ્રભાવશાળી છે અને ભગવાન સાક્ષાત્ બિરાજેલા હોય એવું અનુમાન થાય છે. વિશ્વવિખ્યાત રાણકપુરના નિર્માતા ધરણા શાહ અને બંધુ રત્નાશાહ આ નગરીના રહેવાસી હતા. આ સ્થળ બ્રાહ્મણવાડાથી ૬ કિ.મી. અને શિરોહી રોડથી ૧૦ કિ.મી. છે. કોજરા ગામ થઈને આવવું પડે છે. ધર્મશાળા છે. ભોજનશાળા નથી. શિરોહીથી અથવા આબુથી આ તીર્થો થઈ રાણકપુર બાજુ જવાય અથવા રાણકપુર-રાતા મહાવીર, નાણા બાજુથી થઈને બામનવાડા થઈ આબુ જઈ શકાય.

## ૩૭. શ્રી દિયાણા તીર્થ

**મૂળનાયક:** શ્રી જીવિત સ્વામી મહાવીર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ તીર્થસ્થાન પ્રભુના સમયનું તેમના જ્યેષ્ઠ બંધુ નંદીવર્ધને નિર્માણ કરેલું છે. પ્રભુ અહીં વિચરીને કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. મારવાડ પંચતીર્થનું એક સ્થળ છે. સરૂપગંજથી ૧૮ કિ.મી. છે. નિતોડા, કેર થઈ અવાય છે. સરૂપગંજ મહાવીરભુવનમાંથી જીપની વ્યવસ્થા છે. કાચો રસ્તો છે.

## ૩૮. શ્રી લોટાણા તીર્થ

**મૂળનાયક:** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ તીર્થની પ્રાચીનતાને કારણે તેની ખાસ વિશેષતા છે. અહીંના શ્રી આદીશ્વર ભગવાનની ભવ્ય અને અદ્વિતીય પ્રતિમા શ્રી શત્રુંજય શાશ્વત તીર્થના તેરમા ઉદ્ધારની હોવાનું માનવામાં આવે છે. પ્રભુની પ્રતિમાજી ખૂબ જ પ્રભાવશાળી છે. નાન્દિયાથી કાચી સડકમાર્ગે સાત કિ.મી. છે.

## ૩૯. શ્રી કોલરગઢ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીંની પ્રાચીનતાનો ઈતિહાસ મળવો મુશ્કેલ છે. આ પ્રતિમાજી શ્રી સંપ્રતિ રાજા દ્વારા ભરાવ્યા હોવાનો ઉલ્લેખ છે. આ તીર્થની પ્રાચીનતા સાથે અહીંનું વિશિષ્ટ, અનોખું, કુદરતી સૌંદર્ય તેમજ પ્રભુપ્રતિમાની કલા અહીંની વિશેષતા છે. તીર્થનું અવલોકન કરવાથી પ્રતીત થાય છે કે એક જમાનામાં આ એક સમૃદ્ધિશીલ મહાન તીર્થ હશે. આ તીર્થે પહોંચતાં જ રાતા મહાવીર, દીયાણા, મુછાળા મહાવીર વગેરેનું સ્મરણ થાય છે. શીરોહી-શિવગંજ માર્ગ ઉપર શિરોહીથી ૧૨ કિ.મી. છે. શિરોહી રોડથી ૩૨ કિ.મી. છે.

## ૪૦. શ્રી સેસલી તીર્થ

**મૂળનાયક :** શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થની સ્થાપના વિ. સં. ૧૧૮૭માં થયેલ છે. પ્રભુપ્રતિમાની કલા મનમોહક અને પ્રભાવશાળી છે. ફાલનાથી ૧૦ કિ.મી. અને બાલીથી ૩ કિ.મી. નજીક આવેલા પુનડિયા ગામની નજીક મીઠડી નદીના કિનારે વસેલા સેસલી ગામની મધ્યમાં છે.

## ૪૧. શ્રી રાડબર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ ૧૪૦૦ વર્ષ જૂનું મનાય છે. રાડબર ગામે પહાડોની ગોદમાં આવેલ છે. જવાઈ બંધ ૩૨ કિ.મી. છે. પોસલિયા ગામ ૬.૫ કિ.મી. દૂર છે. રસ્તો પંચદેવલ (૧.૫ કિ.મી.) સુધી જ જાય છે. ત્યાંથી રાડબર ગામ સુધી પગપાળા જવું પડે એવું છે. રહેવા માટે કોઈ સગવડ નથી.

## ૪૨. શ્રી નિતોડા તીર્થ


**મૂળનાયક :** શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ નાની મારવાડ પંચતીર્થનું એક સ્થાન ગણાય છે. આ સ્થળ બારમી સદીની પૂર્વેનું મનાય છે. મંદિરમાં શ્રી બાબેશ્વરજી યક્ષની મૂર્તિ છે. સરૂપગંજથી ૫ કિ.મી.ના અંતરે તથા દીયાણાથી ૮ કિ.મી. રસ્તે છે.

## ૪૩. શ્રી દેલવાડા (આબુ) તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આબુ ઉપર આવેલા પર્વતોની ગોદમાં, સમુદ્રસપાટીથી ૪૦૦૦' જેટલી ઊંચાઈએ આવેલા આ તીર્થનાં દર્શન લગભગ દરેક જૈન વ્યક્તિ કરે છે. જૈન શાસ્ત્રાનુસાર આ એક પ્રાચીન તીર્થ મનાય છે. અહીં શ્રી


જાલોર તરફ
તખતગઢ
સાંડેરાવ
ફાલના
સાદડી
ઘાણેરાવ તરફ
બાલી
રાણકપુર
ઉદેપુર તરફ
એરનપુરા
શીવગંજ
સીવાડી
બીજાપુર
હથુંડી રાતામહાવીર
કોલરગઢ
બેડા
નાણા
જાલોર તરફ
બામનવાડા
પીન્ડવાડા
શીરોહી
શીરોહીરોડ
અજારી, કોજરા
નાન્દિયા
મીરપુર
સ્વરૂપગંજ
ભીમાણા
કીવરલી
અચલગઢ
દેલવાડા
મંડાર
વરમાણ
રેવદર
આર
ઈશ્વાલ-ઉદેપુર
માઉન્ટ આબુ
ધાનેરા તરફ
જીરાવલ્લા પાર્શ્વનાથજી
આબુરોડ
પાલનપુર, સિદ્ધપુર મહેસાણા, અમદાવાદ
કુંભારીયા, અંબાજી, ઈડર હિંમતનગર, અમદાવાદ

ભરત ચક્રવર્તીએ શ્રી આદીશ્વર ભગવાનનું ચતુર્મુખ તીર્થ બનાવેલું. અહીં વિશ્વવિખ્યાત વિમલવસહી (નિર્માતા-મંત્રી શ્રી વિમળશાહ) તથા લાવણ્યસહી (શ્રી વસ્તુપાળ-તેજપાળ નિર્મિત) દેરાસરોનાં દર્શન કરી મન પ્રફુલ્લિત થઈ જાય છે. અભ્યાસની દૃષ્ટિએ આ તીર્થનું અવલોકન કરતાં દરરોજ નવું જાણવા મળે એટલી કલાનો ભંડાર અહીં છે.

મંત્રી શ્રી વિમળશાહ ગુર્જરનરેશ ભીમદેવના મંત્રી અને સેનાપતિ હતા. અંતિમ વર્ષોમાં મહાન આચાર્ય શ્રી ધર્મઘોષસુરીજીએ વિમળશાહને સમરાંગણમાં કરેલ અનેક દુષ્કાર્યોના પ્રાયશ્ચિત્તરૂપે અર્બુદાચલ પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કરવાની પ્રેરણા આપી. તેમનાં પત્ની શ્રીદત્તા ધર્મપરાયણ શ્રાવિકા હતાં. આ પ્રેરણાથી રાજાની સાથે વિચારવિમર્શ કરી આ સ્થાન નક્કી કર્યું. કેટલાક બ્રાહ્મણો દ્વારા અહીં જૈન તીર્થ બનાવવાનો વિરોધ કરવામાં આવ્યો. મંત્રી ધારત તો પોતાની સત્તા વાપરી પોતાની ઇચ્છા પૂરી કરી શકત, પરંતુ તેમણે અઠ્ઠમતપ કરી શ્રી અંબાજીદેવીની આરાધના કરતાં તેમને ચંપકવૃક્ષ નીચેથી શ્રી આદીશ્વર પ્રભુની શ્યામવર્ણ પ્રતિમાજી પ્રાપ્ત થયાં જે અહીં પ્રાચીન જૈન તીર્થ હોવાના સબળ પુરાવારૂપ હતું. આ પ્રતિમાજી હજારો વર્ષ પ્રાચીન છે અને વિમલવસહીમાં એક જગ્યાએ બિરાજમાન છે. વિ. સં. ૧૦૮૮માં (લગભગ હજાર વર્ષ પૂર્વે) અઢાર કરોડ, ત્રેપન લાખ રૂ.ના ખર્ચે, ચૌદ વર્ષની મહેનતથી, પંદરસો કારીગરો અને બારસો મજૂરોની મદદથી આ ભવ્ય મંદિરનું નિર્માણ થયું. આરસપહાણ અંબાજી પાસેથી આરાસણ ટેકરીઓમાંથી હાથીઓ દ્વારા લવાતો હતો. આ યાદમાં હસ્તીશાળા પણ બનાવાઈ છે. કહેવાય છે કે આ મંદિરમાં પ્રદર્શિત આટલી બારીક કોતરણીનું કારણ ચૂકવેલી મજૂરી છે. દરેક કારીગરને સંપૂર્ણ અખંડિત કામ માટે નીકળેલી રજ બરોબર વજનતુલ્ય સોનું અને ખંડિત બગડેલા કામ માટે રૂપું (ચાંદી) અપાતાં હતાં. વધુ રજ માટે વધુ બારીકાઈ ભરેલું કાર્ય કરવા ઇચ્છતા કારીગરોએ અદ્વિતીય શિલ્પ કંડાર્યાં છે જે વર્ષોથી અને વર્ષો સુધી લોકોને પ્રેરણા આપતાં રહેશે. અહીંનાં તોરણો, કમાનો તથા ભમતીમાં દરેક જગ્યાએ બે છતોનું નકશી કામ જોતાં તેનું વર્ણન ન કરી શકાય એટલું સુંદર છે. વિમલવસહીમાં ભમતીમાં વિરાજમાન પરિકરની કલાકારીગરી જોવા જેવી છે. જે ખંડમાં શ્રી આદીશ્વર ભગવાનની પૌરાણિક ભૂગર્ભમાંથી નીકળેલાં પ્રતિમાજી છે ત્યાં અંદર ખંડોમાં પ્રતિમાઓનો સંગ્રહ જોવા જેવો છે. આ ઉપરાંત હસ્તીશાળાની બાજુમાં ભગવાન(૭૨ તીર્થંકરો)ની માતાઓનું શિલ્પદર્શન કરતાં અનેરો આનંદ થાય છે. વિમલવસહીનું વર્ણન કરતાં કરતાં નજર સામે અદ્દભુત દૃશ્યો ઊભાં થાય છે.

વિ. સં. ૧૨૮૭ના પ્રતિષ્ઠા થયેલા અને વસ્તુપાલ-તેજપાલ દ્વારા નિર્મિત 'લાવણ્યવસહી'માં શ્રી નેમીનાથ ભગવાનનાં પ્રતિમાજી બિરાજમાન

છે. અહીંનાં તોરણો, સ્તંભો, દેરાણી-જેઠાણીના ગોખલા, ભમતીમાં છતોની કોતરણી જોવા જેવાં છે. છતો ઉપર નેમીનાથ-રાજુલ કથા, નાગદમન, દેવદેવીઓનાં શિલ્પ જોવા જેવાં છે.

આ ઉપરાંત અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું એક દેરાસર છે. એક બીજું (કુલ્લે પાંચ) દેરાસર શ્રી ભામાશાહ દ્વારા નિર્મિત છે. કહેવાય છે કે ભામાશાહને અહીં બહુ જ ભવ્ય દેરાસર બંધાવવાની ઇચ્છા હતી પરંતુ રાણા પ્રતાપને ધનની જરૂર પડતાં ભામાશાહે બધું ધન રાણાને અર્પણ કર્યું. દેરાસરનું કામકાજ ટૂંકાણમાં પૂર્ણ કરવામાં આવ્યું હોય એવું જરૂર લાગે છે. કહેવાય છે કે ભામાશાહની પત્નીએ બાકી વધેલાં ઘરેણાં ધાતુઓ જોડે સમાવી પંચધાતુની પ્રતિમા ભરાવી છે જેમાં સોનાનો અંશ વધુ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર મજૂરોએ પોતાના ફુરસદના સમયનો સદ્ઉપયોગ કરીને સ્વેચ્છાએ બનાવ્યું છે.

આબુ-દેલવાડા ઉપર રહેવા માટે વિશાળ બ્લોકો બની રહ્યા છે. માઉન્ટ આબુમાં નખી તળાવ, સનસેટ પોઇન્ટ જોવા જેવાં છે. આવો સનસેટ હિન્દુસ્તાનમાં બીજે ભાગ્યે જ દેખાય છે. આવા કોતરણીવાળાં દેરાસરો, શિલ્પો હિન્દુસ્તાન અને વિશ્વમાં ભાગ્યે જ ક્યાંક છે.

આબુ રોડ—અંઢાર ૫૦ કિ.મી.
આબુ રોડ—આબુ (માઉન્ટ) ૨૧/૨૨ કિ.મી.
માઉન્ટ આબુ—દેલવાડા ૪/૫ કિ.મી.
દેલવાડા—અચલગઢ ૩/૪ કિ.મી.
આબુ-માઉન્ટ આબુ ચઢાણવાળો રસ્તો છે. બે કલાક જેટલો સમય લાગે છે.

## ૪૪. શ્રી અચલગઢ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, સુવર્ણ ધાતુ પ્રતિમા, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અચલગઢ પણ અર્બુદગિરિ (આબુ)નો જ એક ભાગ હોવાને કારણે તેની પ્રાચીનતા પણ આબુ જેટલી જ છે. વર્તમાન મંદિરોમાં અચલગઢની તળેટી પાસે એક નાની ટેકરી ઉપર આવેલું શ્રી શાન્તિનાથ ભગવાનનું દેરાસર સૌથી પ્રાચીન છે. પહાડ ઉપરના ઊંચા શિખર ઉપર શ્રી આદિનાથ ભગવાનનું દેરાસર (ચૌમુખી) જગવિખ્યાત છે. એનું નિર્માણ રાણકપુર તીર્થના નિર્માતા ધરણાશાહના મોટા ભાઈ રત્નાશાહના પૌત્ર શ્રી સહસાશાહે વિ. સં. ૧૫૬૬માં કરાવ્યું હતું. ભગવાનનાં વિશાળકાય પંચધાતુનાં પ્રતિમાજી (૧૨૦ મણ) ભવ્ય છે. આ ઉપરાંત ચૌમુખીમાં અલગ અલગ સમયે બીજી ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે પરંતુ બધી પ્રતિમાઓની કલા સરખી લાગે છે. કુલ્લે અહીં ધાતુનાં ૧૮ પ્રતિમાજી છે જેનું

કુલ્લ વજન ૧૪૪૪ મણ જેટલું બતાવવામાં આવે છે. આ પ્રતિમાઓની ચમક ઉપરથી આ પ્રતિમાઓમાં સોનાનો અંશ વધુ હોવાનું અનુમાન થાય છે. અહીં આ મંદિરના બીજા માળે સર્વ ધાતુની ચૌમુખી ઉપર પૂર્વ દિશામાં અલૌકિક પ્રતિમાજી બિરાજમાન છે. આદીશ્વર ભગવાનની આ પ્રતિમાના ભાવોનું વર્ણન કરીએ એટલું ઓછું છે. આટલું શાંત, સૌમ્ય અને સ્મિત દર્શાવતાં પ્રતિમાજી અદ્વિતીય છે. આ પ્રતિમા ઉપર કોઈ લેખ ઉત્કીર્ણ નથી એટલે પ્રાચીનતાનો અંશ મળવો મુશ્કેલ છે. આવી સુંદર ભાવાત્મક પ્રાચીન પ્રતિમાઓ વિશ્વમાં મળવી મુશ્કેલ છે. પ્રતિમાનું કદ પણ બહુ જ સપ્રમાણ છે અને નિર્મળ શાંત સ્મિત વેરતા હોય એવું લાગે છે. આ સિવાય અહીં બીજાં ત્રણ દેરાસરો છે. શ્રી આદિનાથ ભગવાન, શ્રી શાન્તિનાથ ભગવાન અને શ્રી કુન્થુનાથ ભગવાનનું દેરાસર છે. અહીં આબુના યોગીરાજ વિજયશાંન્તિસુરીશ્વરજીના સ્વર્ગસ્થળમાં પાટ ઉપર વિશાલ ફોટો દર્શન માટે રાખેલ છે. સૌથી ઊંચા શિખરમાં એક દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનના ચરણ સ્થાપિત છે. મુખ્ય મંદિરનો રંગમંડપ બહુ જ વિશાળ છે. પર્વત ઉપર ચઢતાં પંદરેક મિનિટ જ લાગે છે. સુંદર સ્થળ છે. દેલવાડાથી ૫ કિ.મી.ના અંતરે છે.

## ૪૫. શ્રી ઓર તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આબુ રોડથી ૬ કિ.મી.ના અંતરે આવેલા આ પ્રાચીન તીર્થની પ્રતિમાઓ કલાત્મક અને દર્શનીય છે.

## ૪૬. શ્રી મુંડસ્થલ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેતવર્ણ, કાયોત્સર્ગ મુદ્રા.

**તીર્થસ્થળ :** આ તીર્થ મુંગથલા ગામની બહાર આવેલું છે. ભગવાન શ્રી મહાવીર છદ્માસ્થાકાળમાં અહીં પદાર્પણ કરી કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. એટલે આ તીર્થ એમના સમયનું છે. અહીં ભગવાનના જન્મ બાદ ૩૭ વર્ષે પ્રતિમાજીની પ્રતિષ્ઠા થયેલી. આબુ રોડથી ૧૦ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે ધર્મશાળા છે પણ કોઈ સગવડ નથી. આબુ રોડ રહીને આવી શકાય છે.

## ૪૭. શ્રી દેલદર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થળ ૧૦૦૦ થી વધુ વર્ષ પ્રાચીન છે. અહીંની કેટલીક પ્રાચીન પ્રતિમાઓ સાબરમતી લઈ જવામાં આવી છે. આબુ રોડ સ્ટેશનથી ૧૧ કિ.મી. છે. રહેવાની કોઈ સગવડ નથી.

## ૪૮. શ્રી ડેરણા તીર્થ

**મૂળનાયક :** શ્રી સંભવનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ બારમી સદી પહેલાંનું છે. અહીં પ્રાચીન કલાત્મક પ્રતિમા, કાઉસગ્ગ મુદ્રાની પ્રતિમા વગેરે દર્શનીય છે. આબુ રોડથી ૮ કિ.મી.ના અંતરે છે. રહેવાની કોઈ સગવડ નથી.

## ૪૯. શ્રી કાસીન્દ્રા તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રાચીન તીર્થ ૧૦૦૦ વર્ષ પહેલાંનું છે. શિરોહી આબુમાર્ગ ઉપર આવેલા ભારજાથી અઢી કિ.મી. દૂર છે. આબુરોડ ૧૬ કિ.મી. દૂર છે.

## ૫૦. શ્રી મન્ડાર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ એક પ્રાચીન તીર્થ છે. અહીં ખોદકામ કરતાં મળી આવેલી કાયોત્સર્ગ મુદ્રામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની અને વિમલનાથ ભગવાનની પ્રતિમાઓ દર્શનીય છે. આ ઉપરાંત પ્રભુની પ્રતિમા પણ બહુ જ સુંદર છે. અહીં શ્રી ધર્મનાથ ભગવાનનું એક દેરાસર છે. આબુ રોડથી ૫૦ કિ.મી. નું અંતર છે.

## ૫૧. શ્રી વરમાણ તીર્થ :

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન ૮૦૦ થી વધુ વર્ષ પ્રાચીન છે. મંદિરમાં છત અને ઘુમ્મટની કલા અપૂર્વ છે. અહીંનું સૂર્યમંદિર ભારતભરમાં પ્રખ્યાત છે. (૧૩૦૦ વર્ષ જૂનું.) મન્ડારથી ૧૦ કિ.મી., રેવદરથી ૩ કિ.મી. અને આબુથી ૪૪ કિ.મી.ના અંતરે છે.

## ૫૨. શ્રી જીરાવલ્લા તીર્થ

**મૂળનાયક :** શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભગવાનનાં આ પ્રતિમાજી ઘણાં જ પ્રાચીન છે અને એક માન્યતા અનુસાર રેતીનાં બનેલાં આ પ્રતિમાજીનાં દર્શન શ્રી મહાવીર સ્વામી ભગવાને કરેલાં છે. કાળક્રમે વિ. સં. ૩૦૦ની આસપાસ ભૂગર્ભમાંથી આ પ્રતિમાજી મળેલ છે અને આ તીર્થની સ્થાપના થયેલ છે. હમણાં મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ ભગવાનનાં પ્રતિમાજી છે. આ જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી બાજુની એક દેરીમાં છે. આ દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮ નામની પ્રતિમાઓ વિભિન્ન દેરીઓમાં સ્થાપિત છે. આજે પણ જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનના મહિમાનું જૈન શાસ્ત્રોમાં સ્થાન સ્થાન પર વર્ણન છે. હજી પણ જ્યાં પ્રતિષ્ઠા વગેરે ધાર્મિક

કાર્યો થાય છે ત્યાં પ્રારંભમાં "ॐ શ્રી શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમ:"નું પવિત્ર મંત્રાક્ષરરૂપે આ તીર્થાધિરાજનું સ્મરણ કરવામાં આવે છે.

## ૫૩. શ્રી કીંવરલી તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** પ્રભુપ્રતિમાની કલા અતિ સુંદર છે. આ તીર્થ ૯૦૦ વર્ષથી વધુ પ્રાચીન છે. આબુ રોડથી ૧૦ કિ.મી. અને આમથલ ગામથી દોઢ કિ.મી.ના અંતરે કીંવરલી ગામે આવેલું છે.

## ૫૪. શ્રી કાછોલી તીર્થ

**મૂળનાયક :** શ્રી કછુલિકા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ સાડા છસો વર્ષ પૂર્વેનું હોવાનું મનાય છે. સરૂપગંજથી ૫ કિ.મી. અને ઉડાવાડિયા ગામથી ૧.૫ કિ.મી.ના અંતરે છે.

## ૫૫. શ્રી નાણા તીર્થ

**મૂળનાયક :** શ્રી જીવિત સ્વામી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન શ્રી મહાવીર સ્વામીના સમયનું કહેવામાં આવે છે. "નાણા, દીયાણા, નાન્દીયા"ની કહેવતમાંનું એક સ્થાન છે. મંદિરનું પ્રવેશદ્વાર અનેરા ઢંગનું છે. ભગવાનની પ્રતિમાના પરિકરની કલા જોવા જેવી છે. અહીંથી ૩ કિ.મી. દૂર આવેલા બીશનગઢ ગામે ખોદકામ કરતાં ભોંયરામાંથી ધાતુની પ્રાચીન પ્રતિમાઓનો સંગ્રહ મળેલ છે. આ ધાતુઓની પ્રતિમાઓનો સંગ્રહ પીન્ડવાડા દેરાસરમાં રાખેલ છે. નાણાના આ દેરાસરમાં ભમતીની પ્રદક્ષિણાની જગ્યામાં છતમાં ચિત્રકામ કરેલ સુવાક્યો વાંચીને વિચાર કરવા જેવા છે. અહીં નંદીશ્વરદીપનું પાષાણપટ્ટ કલાત્મક છે. પ્રભુની પ્રતિમા ખૂબ જ પ્રભાવશાળી છે. બામનવાડાથી ૨૫ કિ.મી. દૂર છે. પીન્ડવાડાથી નજીક છે. રાતા મહાવીરથી લગભગ ૨૫ કિ.મી. દૂર છે.

## ૫૬. શ્રી ધન્નારી તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બનાસ નદીના કિનારે વસેલા ધનારી ગામના પુરોહિત મહોલ્લામાં વસેલું આ તીર્થ ૭૫૦ વર્ષ પહેલાંનું છે. નજીકનું રેલવે સ્ટેશન સરૂપગંજ ૨ કિ.મી. છે. આબુ શિરોહી રોડ માર્ગ મુખ્ય સડક ઉપરથી ફક્ત ૧ કિ.મી.ના અંતરે છે.

## ૫૭. શ્રી લાજ તીર્થ :

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ સાડા સાતસો વર્ષ પૂર્વેનું છે. શિરોહી રોડથી ૧૧ કિ.મી. અને કોજરાથી ૩ કિ.મી. દૂર છે.

## ૫૮. શ્રી વાટેરા તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન (પ્રાચીન મૂળનાયક), શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લગભગ સાડા આઠસો વર્ષ જૂના આ તીર્થમાં પ્રભુજીની પ્રતિમા અને બીજી પ્રતિમાઓ પ્રાચીન અને કલાત્મક છે. હાલમાં શ્રી સંભવનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રાચીન મૂળનાયક મહાવીર સ્વામી ભગવાન હોવાનો ઈતિહાસ છે. સરૂપગંજથી આઠ કિ.મી., રોહિડા ગામથી ત્રણ કિ.મી.ના અંતરે છે. રહેવાની કોઈ સગવડ નથી.

## ૫૯. શ્રી ઝાડોલી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ આઠસો વર્ષ પહેલાંનું નિર્માણ થયેલું છે. એક સમૃધ્ધ શહેર હતું. મંદિરનાં તોરણો, સ્તંભો ઉપર કોતરેલી પ્રાચીન શિલ્પકલા જોવાલાયક છે. શિરોહી રોડથી ૩ કિ.મી. અને બ્રાહ્મણવાડાજીથી ૪ કિ.મી.ના અંતરે છે.

## ૬૦. શ્રી પીન્ડવાડા તીર્થ :

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાને ત્રણ દેરાસરોનાં સાથે દર્શન થાય છે. શ્રી મહાવીર સ્વામી ભગવાનનું આ દેરાસર આઠસો વર્ષથી પણ વધુ પ્રાચીન છે. બિસનગઢ (વસંતગઢ)માંથી મળેલી ધાતુની પ્રાચીન પ્રતિમાઓનો સંગ્રહ જોવા જેવો છે. આ પ્રતિમાઓ લગભગ બારસો- તેરસો વર્ષ પહેલાંની છે. આ તીર્થની યાત્રાનો અવસર ચૂકવો નહીં. અહીં પાર્શ્વનાથ ભગવાનની સુંદર મૂર્તિઓ છે. શિરોહી રોડથી ૧ કિ.મી.ના અંતરે છે.

## ૬૧. શ્રી કોજરા તીર્થ

**મૂળનાયક :** શ્રી સંભવનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન વિ. સં. ૧૨૨૪ પહેલાંનું મનાય છે. પ્રભુની પ્રતિમા શાંત અને સૌમ્ય છે. એક કાઉસગ્ગ ધ્યાન ધરેલી શ્વેતાંબર પ્રતિમાનાં દર્શન થાય છે. આ સ્થળ શિરોહી રોડથી ૮ કિ.મી.ના રસ્તે છે. દેરાસરનું નિર્માણકાર્ય સુંદર રીતે થયું છે.

## ૬૨. શ્રી ભાન્ડવાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ ૧૨૦૦ વર્ષ પ્રાચીન અને ચમત્કારિક છે. જાલોર ૫૬ કિ.મી. બિશનગઢ ૪૦ કિ.મી. અને મોદરા ૩૦ કિ.મી. છે.

## ૬૩. શ્રી ભિન્નમાલ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, પદ્માસનસ્થ, સુવર્ણ વર્ણ-પંચધાતુ પ્રતિમા.

**તીર્થસ્થળ :** ભિન્નમાલ એક સમયે ગુજરાતની પ્રાચીન રાજધાનીનું શહેર હતું. અહીં હમણાં બાર દેરાસર છે. આબુ દેલવાડાના મંત્રી શ્રી વિમલશાહના પૂર્વજો આ ગામના હતા. તે ઉપરાંત અહીંના રાજવીઓએ શ્રેષ્ઠીઓએ ભારતભરમાં ધાર્મિક કાર્યો કરેલ છે. એક પ્રાચીન તીર્થ છે. આખું શહેર કલાપૂર્ણ અવશેષોના ખંડેરોથી ભરેલું છે અને દરેક મંદિર ૪૦૦ થી ૬૦૦ વર્ષ પૌરાણિક છે. પ્રતિમાઓજી પ્રાચીન અને કલાપૂર્ણ છે.

## ૬૪. શ્રી સત્યપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ પ્રભુવીરના સમયનું ગણાય છે. "જગ ચિન્તામણિ" સ્તોત્ર જે ગૌતમ સ્વામીજીએ રચ્યું છે તેમાં આ તીર્થનું વર્ણન છે. એક "તીર્થકલ્પ"માં કરાયેલ ઉલ્લેખ પ્રમાણે પરાક્રમી શ્રી નાહડ રાજાએ વિ. સં. ૧૩૦ (ઓગણીસસો વર્ષ પહેલાં) અહીં સુવર્ણમયી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવડાવી હતી. આ તીર્થસ્થાનનું મહત્ત્વ વધતાં મોગલો તરફથી અવારનવાર હુમલાઓ થતાં ઘણી ક્ષતિઓ પહોંચી છે. આ સુવર્ણમયી પ્રતિમા અલ્લાઉદ્દીન ખિલજી લઈ ગયેલ છે એવો ઈતિહાસ છે. સાંચોર એક પ્રાચીન તીર્થસ્થાન છે.

## ૬૫. શ્રી સ્વર્ણગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જાલોર શહેરની નજીક સ્વર્ણ ગીરી પર્વત ઉપર આવેલા આ અતિ પૌરાણિક, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળ ઉપર ૧૨ દેરાસરો છે. આ સ્થળ પ્રાચીન તીર્થધામ છે. અનેક રાજાઓ, શ્રેષ્ઠીઓ, આચાર્યોએ અહીં આગમન કરી ધાર્મિક કાર્યોમાં ભાગ લીધેલ છે. શ્રી કુમારપાળ રાજાએ અહીં દેરાસર નિર્માણ કરાવ્યાનો ઈતિહાસ છે. આ સ્થળ પર્વત ઉપર થોડીક ઊંચાઈએ આવેલું છે. અડધા એક કલાક જેટલું ચઢવાનું છે. ડોળીઓનું સાધન મળી રહે છે. તળેટીમાં નંદીશ્વરદ્વીપની રચના, નવું બંધાયેલ કીર્તિસ્તંભ વગેરે જોવા જેવાં છે. રહેવા ધર્મશાળા તથા ભોજનશાળા છે. નાકોડાજીથી જાલોર લગભગ ૯૦ કિ.મી. છે.

જાલોરથી આહોર થઈને સાંડેરાવ જતાં વચમાં ઉમેદપુર અને તખતગઢ આવે છે. ઉમેદપુર સુંદર ચમત્કારિક સ્થળ છે. હમણાં ભગવાનનાં અમીઝરણાં થયેલાં. સાંડેરાવ પછી ફાલના અને બાલી આવે છે. જાલોરથી સીધું શિરોહી બાજુ જવું હોય તો જઈ શકાય છે.

## ૬૬. શ્રી નાકોડા તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બારમેડથી બાલોત્રા અથવા જાલોરથી બાલોત્રા તરફના માર્ગે જસોલ નામના ગામે થઈને ત્રણ કિ.મી. દૂર પહાડોની ગોદમાં આવેલું આ સ્થળ રમણીય અને ભવ્ય છે. જાલોરથી ઉત્તર-પશ્ચિમ દિશામાં આ સ્થળ આવેલું છે.

ગામનું નામ મેવાનગર છે.

કહેવાય છે કે વિક્રમ સદી પૂર્વે ત્રીજી સદીમાં (૨૩૦૦ વર્ષ પહેલાં) વીરસેન અને નાકોરસેન વીરબંધુઓએ વીરમપુર અને નાકોરનગર ગામ વસાવ્યાં હતાં. બન્ને બંધુઓએ આ ગામોમાં વિશાળ દેરાસરો બંધાવ્યાં હતાં. નાકોરનગરની મુલાકાતે પ્રકાંડ વિદ્વાન આચાર્યોએ મુલાકાત લીધી હોવાનો અને સંપ્રતિ રાજા, વિક્રમાદિત્ય રાજા જેવા રાજાઓને પ્રતિબોધ આપી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યા હોવાનો અપૂર્વ ઈતિહાસ છે. નાકોર નગર વિ. સં. ૧૩૦૦ સુધી સમૃદ્ધ રહ્યું. મુસલમાન રાજા આલમશાહે આ શહેર પર ચઢાઈ કરી એનો વિનાશ કર્યો. ત્યાર બાદ આ પ્રતિમાજી કાલીદહમાં આવેલી ૧૨૪ પ્રતિમાઓ જોડે લાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. અત્યારે ત્રણ સુંદર દેરાસરો છે. મુખ્ય દેરાસરમાં અહીંના અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજી મહારાજજી પણ બિરાજમાન છે. હમેશાં સેંકડો યાત્રીઓ પોતાની મનોભાવના પૂર્ણ કરવા અહીં આવે છે. આ દેરાસરના વિશાળ કમ્પાઉન્ડમાં જ આવેલા બીજા શ્રી શાન્તિનાથ ભગવાનના દેરાસરમાં ભમતીમાં શ્રી શાન્તિનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં જીવનચરિત્ર વૃત્તાંતના દૃશ્યો ખરેખર બહુ જ સુંદર છે. એકંદરે આ સ્થળ સુંદર, શાંત અને ભવ્ય છે. વિશાળતા ઘણી છે. રહેવાની અને જમવાની સગવડ છે. રહેવા માટે બ્લોકો તૈયાર થઈ રહેલા છે. અહીં ભોંયરામાં આવેલી પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન કરવા જેવાં છે. બાજુમાં ટેકરી ઉપર દાદાવાડી તથા ભગવાનોનાં પગલાં છે.

## ૬૭. શ્રી બારમેડ તીર્થ

**મૂળનાયક :** શ્રી. ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન.

**તીર્થસ્થળ :** અહીં બારમેડ ગામે, ગામની બજારમાંથી થઈને જતાં સાત દેરાસરોનાં દર્શન કરી શકાય છે. શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર સુંદર છે. દાદાવાડી પણ છે. ઉપર ઊંચાઈએથી બારમેડ શહેરનું અવલોકન થઈ શકે છે. જેસલમેર, બારમેડ વગેરે પાકિસ્તાન સરહદથી બહુ નજીક હોવાને કારણે ભારતીય મિલિટરીની ઘણી આવજાવ છે.

## ૬૮. શ્રી જેસલમેર તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** રાણા જેસલજીએ પોતાના નામથી જેસલમેર શહેર વસાવીને કિલ્લાનું નિર્માણકાર્ય વિ. સં. ૧૨૧૨માં કરેલ હતું. તેમના ભત્રીજા ભોજદેવ રાવળની રાજધાની લોદ્રવા હતી. કાકા ભત્રીજા વચ્ચે અણબનાવ બનતાં જેસલજીએ લોદ્રવા ઉપર ચઢાઈ કરી ભોજદેવને સખત હાર આપી. ત્યારે લોદ્રવામાં બિરાજિત આ પ્રતિમાજીને જેસલજીએ પોતાની સાથે લાવી અહીં જેસલમેરમાં કિલ્લા ઉપરના દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવી બિરાજમાન

કરેલ છે. વિ. સં. ૨(૨૦૫૦ વર્ષ)ની મોતીના લેપની આ પ્રતિમા દૂરથી જોતાં અત્યંત ભવ્ય અને પ્રભાવશાળી લાગે છે. આ અહીંનું મુખ્ય મંદિર મનાય છે. આ ઉપરાંત કિલ્લા ઉપર બીજાં ઘણાં મંદિરો છે. નીચે મહાવીર ભુવનમાં પણ દેરાસર છે. મુખ્ય મંદિરમાં કોતરણી જોવા જેવી છે. આ સ્થળને આજની ભાષામાં "મીની પાલીતાણા" પણ કહેવાય છે. શ્રી શેત્રુંજય તીર્થ પછી એકીસાથે નજીકમાં વધુમાં વધુ પ્રતિષ્ઠિત પ્રતિમાઓ જેસલમેરમાં છે. કુલ્લે ૬૬૦૦ પ્રતિમાઓજી અહીં છે. અહીં વિવિધ પ્રકારની પ્રતિમાઓનાં દર્શન થાય છે. જેસલમેર, જૈન ગ્રંથભંડારો માટે દેશવિદેશોમાં પ્રખ્યાત છે. અહીંના જ્ઞાનભંડારો પ્રાચીનતાની રીતે ભારતમાં મોટામાં મોટા ગણાય છે. તાડપત્રો ઉપર અને કાગળ ઉપર લખાયેલ પ્રાચીન ગ્રંથો વગેરેનો મોટો સંગ્રહ છે. વિજ્ઞાન, કાગળની શોધ ૧૩મી ૧૪મી સદીમાં ગણે છે, પરંતુ અહીં ૧૧મી સદીમાં લખાયેલા કાગળના ગ્રંથો છે. તાડપત્રના ગ્રંથો સારી રીતે ભંડારોમાં સાચવી રાખવામાં આવ્યા છે. અહીં બૃહત્ ગ્રંથભંડારમાં પ્રથમ દાદા શ્રી જિનદત્તસુરીશ્વરજીનાં ૮૦૦ વર્ષોથી પણ પ્રાચીન ચાદર, મુહપત્તી અને ચૌલપટ્ટો સુરક્ષિત છે. એમ માનવામાં આવે છે કે ગુરુ દેવના અગ્નિસંસ્કાર વખતે આ વસ્તુઓ દિવ્ય શક્તિને લીધે અગ્નિસાત ન થવાથી ગુરુભક્તોએ સુરક્ષિત રાખી છે. સંવત ૧૪૬૧માં જિનવર્ધન સુરીશ્વરજી જ્યારે જેસલમેર આવ્યા ત્યારે મૂળનાયક શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ પાસે ભૈરવજીની મૂર્તિ હતી. તેમણે સ્વામી અને સેવકને એકસરખા બેસાડવાનું ઉચિત ન સમજીને ભૈરવજીને બહાર વિરાજમાન કર્યા. બીજે દિવસે જોતાં ભૈરવજીની મૂર્તિ ફરીથી અંદર એ જ જગ્યા ઉપર હતી. આખરે સુરીજીએ હઠીદેવ સમજીને ગર્જના સાથે મંત્રોચ્ચાર કર્યા, જેથી મૂર્તિ જાતે જ બહાર વિરાજિત થઈ ગઈ ત્યારે સૂરીજીએ તાંબાની બે મેખ લગાવી. ભૈરવજીની મૂર્તિ અતિ ચમત્કારિક છે. અહીં હજારો પૂજિત જિનપ્રતિમાઓનાં દર્શન થાય છે. જ્ઞાનભંડારમાં પન્ના અને સ્ફટિકની મૂર્તિઓ, સોના-ચાંદી ભરેલાં ચિત્રો વગેરે જરૂરથી જોવા. એક પાષાણપટ્ટમાં જવ જેટલા મંદિરમાં તલ જેટલી પ્રતિમાજી કોતરેલાં છે. અહીંના શ્રેષ્ઠીઓએ અનેક જીર્ણોદ્ધાર અને ધર્મકાર્યો કરેલ છે. એક માન્યતા અનુસાર જ્ઞાનભંડારમાંના એક થાંભલામાં અતિ પ્રાચીન મૂલ્યવાન ગ્રંથ છે. આ ગ્રંથ સમજી શકનાર વ્યક્તિ દિવ્ય શક્તિ ધરાવતી હશે. તેમના હાજર થતાં થાંભલો ફાટી ગ્રંથનાં દર્શન થશે. આજના આચાર્યોના કહેવા પ્રમાણે યુગપુરુષનો જન્મ થઈ ચૂકેલ છે. આ ઉપરાંત એક સરસ્વતીયંત્રના દર્શન થાય છે જેનો ઉકેલ હજી સુધી સંભવિત નથી. વર્ણન કરતાં અને સમજતાં કોઈ પણ સમય અધૂરો પડે એવું ઐતિહાસિક સ્થળ છે. અહીં બીજાં પણ સુંદર મંદિરો છે. મુખ્ય મંદિરમાં મહાવિદેહક્ષેત્રે વિહરતા ૨૦ તીર્થંકર ભગવાનનું

ઋષિમંડલ જોવા જેવું છે. આવી સુંદર રચનાઓ નજીક પસાર થઈ દર્શન કરતાં મન વિચારે ચઢી શાંતિ અનુભવે છે. અહીં બાજુના એક દેરાસરમાં શ્રી અષ્ટાપદ તીર્થની અનેરી રચના જોવા મળે છે. સાધારણ રીતે અષ્ટાપદ તીર્થની રચનામાં ચાર દિશાઓમાં અનુક્રમે બે, ચાર, આઠ અને દશ તીર્થંકરો બિરાજમાન હોય છે. અહીંની રચનામાં સાત, પાંચ, સાત, પાંચ તીર્થંકરો બિરાજમાન છે. આ વણઉકેલી રચના વિચાર માંગી લે છે. કિલ્લા ઉપર જીપથી પણ જવાય છે. આ તીર્થના ઈતિહાસનાં પુસ્તકો ઉપલબ્ધ છે. વિસ્તારપૂર્વકની માહિતી માટે આ પુસ્તક વાંચી લેવું જરૂરી છે. જૈન ધર્મનું આ પ્રાચીન અને અત્યંત મહત્ત્વનું સ્થળ છે. કલા-કારીગરી અને ગ્રન્થભંડારોનાં દર્શન જરૂર કરવા જેવાં છે.

જેસલમેર શહેર પોકરણથી ૧૧૦ કિ.મી. છે. રજાઓના દિવસે કિલ્લો બંધ રહેતાં જાહેર રજાઓનો ખ્યાલ કરવો. રહેવા માટે કિલ્લા બહાર નીચે મોટી વિશાળ ધર્મશાળા છે.


જેસલમેરમાં પીળા પથ્થર ઉપર અત્યંત બારીક કોતરણી જોવા મળે છે. અહીં પટવાઓની હવેલીઓ જોવા જેવી છે. જેસલમેર એક પ્રાચીન, મહત્ત્વનું સ્થળ છે. વિદેશી પર્યટકો આ હવેલીઓની કલાત્મકતા જોવા આવે છે. જેસલમેર ભારતનું પીતવર્ણું શહેર છે.

## ૬૯. શ્રી લોદ્રવપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી સહસ્રફણા ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ.

**તીર્થસ્થળ :** કહેવાય છે કે પ્રાચીનકાળમાં આ લોદ્રવપુર રાજપૂતોની રાજધાનીનું એક મોટું વૈભવશાળી શહેર હતું. ભારતનું પ્રાચીન વિશ્વવિદ્યાલય અહીં હતું. આ સ્થળની વિશ્વમાં પ્રતિષ્ઠા હતી. એક સમયે આ રાજ્ય સગર રાજાને આધીન હતું. તેમના શ્રીધર અને રાજધર નામે સુપુત્રો હતા. તેઓએ જૈન ધર્મ અંગીકાર કરીને અહીં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. જૈન આચાર્ય પાસે પ્રતિબોધ પામ્યા હતા. કાળક્રમે અહીંના રાજા રાવળ ભોજદેવ અને જેસલમેરના જેસલજી વચ્ચે અણબનાવ થઈ, યુદ્ધ થતાં આ શહેરનો નાશ થયો. અહીંની બિરાજમાન પ્રતિમાજીને અહીંથી જેસલમેર લઈ જઈને નવા નિર્માણ થયેલા દેરાસરમાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી જે આજે જેસલમેરના મુખ્ય મંદિરમાં બિરાજમાન છે.

દાનવીર ધર્મનિષ્ઠ શેઠ શ્રી ધીરુશાહે આ પ્રાચીન મંદિરનો પુનઃજીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેઓ આ દેરાસર માટે અલૌકિક તેમજ ખાસ વિશિષ્ટતા ધરાવતી પ્રતિમાજીની શોધમાં હતા. તે સમયે દૈવયોગે પાટણથી બે પ્રભુભક્ત કારીગરો (બાપદીકરો) પોતાના જીવનકાળમાં નિર્માણ કરેલી સહસ્રફણા



લોદ્રવાજી
બ્રહ્મસાગર
અમરસાગર
જેસલમેર
પોકરણ
રેણુજા
ફલોદી
બીકાનેર તરફ
જયપુર તરફ
નાગોર
મેડતા રોડ
ઓસીયા
કાપરડાજી
જોધપુર
બાલોત્રા
નાકોડાજી
બારમેર
ધરાદ થઈ રાધનપુર તરફ
જાલોર
શીહોરી થઈ આબુરોડ
સાંડેરાવ
ફાલના થઈ રાણકપુર
પાલી

પાર્શ્વનાથ ભગવાનની અલૌકિક તેમજ કસોટી–પાષાણમાંથી બનાવેલી બે પ્રતિમાઓ લઈને પસાર થઈ રહ્યાં હતાં. રાત્રે તેમને દૈવિક સ્વપ્ન સંકેત થયો કે આ પ્રતિમાઓ શેઠજીને આપવી.આ બાજુ શેઠને પણ સ્વપ્નમાં આ પ્રતિમાઓ લઈ લેવાની પ્રેરણા મળી. શેઠે બન્ને પ્રતિમાઓના વજન તુલ્ય સોનું આપી આ પ્રતિમાઓ ખરીદી. જે લાકડાના રથમાં આ પ્રતિમાઓ આવી હતી એ જ રથ હમણાં પણ જોવા મળે છે. એક માન્યતા અનુસાર ધીરુશાહ શેત્રુંજય સંઘ લઈને ગયા હતા અને પાછા ફરતાં પાટણથી પ્રતિમાઓજી લાવ્યા હતા. ત્યારે સંઘ સાથે વિચરેલ એ રથ છે. આ વિશિષ્ટ પ્રતિમાઓની વિ. સં. ૧૬૭૩માં પ્રતિષ્ઠા કરવામાં આવી. સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની કસોટી–પાષાણમાંથી બનેલી આવી કલાત્મક અને ચમત્કારિક પ્રતિમાજીનાં દર્શન બીજે દુર્લભ છે. અહીંના અધિષ્ઠાયક દેવ ધરણેન્દ્ર ભક્તજનોને સાક્ષાત દર્શન આપે છે. જૈન ધર્મના અધિષ્ઠાયક આજે પણ જાગ્રત છે. ઈ. સ. ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે અન્યધર્મીઓને આ વાતની પ્રતીતિ થઈ હતી. આ ચમત્કારિક અને ધાર્મિક સ્થળની મુલાકાત અવશ્ય લેવી. અહીં કલ્પવૃક્ષ તથા પ્રવેશદ્વાર જોવા જેવું છે.

આ સ્થળ જેસલમેરથી ૧૧-૧૨ કિ.મી. દૂર આવેલું છે. રહેવા માટે ધર્મશાળા, અને ભોજનશાળા છે.

## ૭૦. શ્રી બ્રહ્મસર-(સાગર) તીર્થ

**મૂળનાયક :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જેસલમેરથી ૧૩ કિ.મી. દૂર બાગસા માર્ગે આ તીર્થ આવેલું છે. લોદ્રવાથી પણ જઈ શકાય છે. ૭ કિ.મી. પાકી, ૬ કિ.મી. કાચી સડક છે. જેસલમેર પંચતીર્થીનું એક સ્થળ છે. જનશ્રુતિ અનુસાર દેરાઉર ગામમાં લૂણિયા ગોત્રના એક શેઠને યવન લોકો ખૂબ જ હેરાન કરતા. દાદાશ્રી જિનકુશલસુરીશ્વરજી ગુરુદેવે શેઠને રાજસ્થાન પ્રસ્થાન કરવાનું કહ્યું અને પાછળ જોવાની ના કહી. લૂણિયા પરિવાર ઊંટો ઉપર સામાન મૂકીને ચાલ્યા. આ સ્થળે પહોંચ્યા ત્યારે અજવાળું થતાં શેઠજીએ પાછળ ફરીને જોયું અને ગુરુદેવ તરત જ ત્યાં રોકાઈ ગયા અને આશીર્વાદ આપી કહ્યું, હવે હું જાઉં છું, તમે ડરશો નહી. નજીકમાં બ્રહ્મસર ગામ છે ત્યાં જજો. જે પથ્થર ઉપર ઊભા રહી ગુરુદેવે દર્શન આપ્યાં એ જ પથ્થર પર ગુરુદેવના ચરણો ઉત્કીર્ણ કરાવીને છત્રીની સ્થાપના કરાવી હતી. આ ચરણો આજે પણ છે. દાદાવાડી પણ છે. આ દાદાવાડીમાં એક કુંડ છે જેમાં દુકાળના સમયમાં હમેશાં નિર્મળ પાણી ભરેલું રહે છે. આ સ્થળ ખૂબ જ ચમત્કારિક અને જોવાલાયક છે. મંદિર પાસેના ઉપાશ્રયના દરવાજા ઉપરના કલાના નમૂના જોવા જેવા છે.

# ૭૧. શ્રી અમરસાગર તીર્થ

**મૂળનાયક:** શ્રી આદિનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** જેસલમેરથી ૩ કિ.મી. લોદ્રવા જતાં માર્ગ ઉપર આ સ્થળ આવેલું છે. પ્રતિમાજી ખૂબ જ પ્રાચીન અને શ્રી સંપ્રતિ રાજાના સમયના માનવામાં આવે છે. આ ઉપરાંત તળાવકિનારે બીજાં બે દેરાસરો છે. આ દેરાસરોમાં જેસલમેરનો પીળો પથ્થર વપરાયો છે. બારીક જાળીનું કામકાજ જોવા જેવું છે. આ પથ્થર શરૂઆતમાં કાચો હોવાથી ઘણી જ બારીક જાળી કોતરી શકાય છે. પાણી પડીને સુકાતાં આ પથ્થર બહુ જ સખત બનતો જાય છે. સુંદર સ્થળ છે. આદિનાથ ભગવાનના મંદિર બહાર ઠંડા પાણીની પરબ છે. એકંદરે સુંદર સ્થળ છે.

# ૭૨. શ્રી પોખરણ તીર્થ

**મૂળનાયક:** શ્રી પાર્શ્વનાથ ભગવાન.

**તીર્થસ્થળ:** આ મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૪૮માં થયેલ છે. આ ઉપરાંત અહીં બીજાં બે દેરાસરો છે. રામદેવરાથી ૧૧ કિ.મી. છે.

**રેણુજા:** રામદેવરા - રામદેવપીર.
ફલોદીથી ૪૭ કિ.મી.ના અંતરે આવેલા રામદેવરા ગામમાં શ્રી રામદેવપીરનું સ્થાનક છે. અહીં ભક્તજનો દર્શન કરવા, માનતા પૂરી કરવા પધારે છે.

# ૭૩. ફલોદી

**મૂળનાયક:** ગોડીજી પાર્શ્વના ા.

**તીર્થસ્થળ:** આ ગામે શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું ચાર મજલાનું દેરાસર છે. આ દેરાસરમાં શ્રી ધરણેન્દ્રદેવ અને શ્રી પદ્માવતીદેવીની નાગસ્વરૂપની પ્રતિમાઓ સુંદર છે. ત્રીજા મજલે શ્રી સંભવનાથ ભગવાન અને ચોથા મજલે શ્રી આદેશ્વર ભગવાન બિરાજિત છે. આ ઉપરાંત અહીં બીજાં દેરાસરો છે. ઓસિયાથી ફલોદી આવતાં રસ્તામાં હરણોનાં ઘણાં ટોળાં જોવા મળે છે.

# ૭૪ શ્રી ઓસિયા તીર્થ

**મૂળનાયક:** શ્રી મહાવીર સ્વામી ભગવાન, સુવર્ણ વર્ણ. પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** ભગવાન મહાવીરનાં ૭૦ વર્ષ પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનના સાતમા પાટેશ્વર આચાર્ય શ્રી રત્નપ્રભસુરીશ્વરજીએ અહીંના રાજા ઉપલદેવ, મંત્રી ઉહડ અને અનેક શૂરવીર રજપૂતોને મદિરા-માંસ ત્યાગ કરાવીને જૈન ધર્મ અંગીકાર કરાવ્યો હતો અને ઓશવાલ વંશની સ્થાપના અહીં જ કરી તેમને ઓશ વંશમાં પરિવર્તિત કર્યા હતા. મંદિરમાં શ્રી પુનિયા

બાબાના નામથી પ્રખ્યાત અતિ ચમત્કારી શ્રી અધિષ્ઠાયક દેવની પ્રતિમા નાગ-નાગણીના રૂપમાં વિરાજિત છે. આ પ્રતિમા પણ મૂળ પ્રતિમાના સમયની જ છે. કહેવાય છે કે શ્રી ચામુંડીદેવીને આચાર્યશ્રી રત્નસુરીશ્વરજીએ પ્રતિબોધિત કરીને સમ્યકત્વી બનાવી અને શ્રી સચ્ચાઈયા માતાના નામથી અલંકૃત કરેલ હતી, જેમની દિવ્ય શક્તિથી ગૌદુગ્ધ અને રેતીની ભગવાન મહાવીરની પ્રતિમા બની અને આચાર્ય શ્રી દ્વારા પ્રતિષ્ઠિત થઈ. ગામમાં ટેકરી ઉપર શ્રી સચ્ચાઈયા માતાજીનું ભવ્ય મંદિર છે. મંદિરમાં ઘણી પૌરાણિક મૂર્તિઓ દેખાય છે. ગાઈડ મળતાં ઈતિહાસ જાણી શકાય એનો પ્રયત્ન કરવો જોઈએ. ભગવાન મહાવીર સ્વામીના દેરાસરમાં કારીગરી, કલા, સૌંદર્ય અને ચિત્રકામ બહુ જ સુંદર રીતે અંકિત થયેલ છે. ઓસિયા ગામ જોધપુરથી ૬૫ કિ.મી. અને ફલોદીથી ૬૫ કિ.મી.ના અંતરે છે. રહેવા., જમવાની સાધારણ સગવડ છે. અહીં જૈન પરિવારનો ખાસ નિવાસ નથી, પણ જૈન વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ છે.

## ૭૫. શ્રી ગંગાણી તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ગંગાણી ગામે આવેલા આ તીર્થસ્થાને વિ. સં. ૧૬૬૨ના જેઠ સુદ ૧૨ના દિવસે અહીં દૂધેલા તળાવની પાસે ખોખર નામક મંદિરના એક તલઘરમાંથી ૬૫ પ્રાચીન પ્રતિમાઓ મળી હતી. આ પ્રકારનો ઉલ્લેખ વિ. સં. ૧૬૬૨માં રચાયેલા શ્રી ગાંગાણી મંડનમાં વિસ્તારથી કરેલો છે. આમાંની એક પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી અને એક સમ્રાટ ચન્દ્રગુપ્તની ભરાવેલી હતી. આ બધી પ્રતિમાઓ આજે ઉપલબ્ધ નથી. શક્ય છે કે પુન:આક્રમણના ભયને કારણે તેમને પુન:ભૂમિગત કરવામાં આવી હોય. આ પ્રકારની ઐતિહાસિક માહિતીના આધારે જાણી શકાય છે કે એક પ્રાચીન ભવ્ય તીર્થધામ હોવાની શક્યતા છે. આ જિનાલય ત્રણ માળનું છે. જોધપુરથી ૩૬ કિ.મી. અને ઉમ્મેદથી ૧૦ કિ.મી. છે. જોધપુરથી બનાડના રસ્તે ૮ કિ.મી. અને ભવાદના રસ્તે પાંચેક કિ.મી. કાચી સડક છે. જોધપુરથી અહીં થઈને ઓસિયા જઈ શકાય છે. કાપરડાજી તીર્થ પણ જોધપુરની નજીક છે.

## ૭૬. શ્રી પાલી તીર્થ

**મૂળનાયક :** શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** વિ. સં. ૯૭૦માં સાંડેરાવ તીર્થે પ્રતિષ્ઠાના મહોત્સવ સમયે માંત્રિક પ્રકાંડ વિદ્વાન આચાર્ય શ્રી યશોભદ્રસુરીશ્વરજી દ્વારા માંત્રિક શક્તિથી પાલીથી ઘી મંગાવવામાં આવ્યું હતું જેની પાલીના વેપારીને ખબર ન પડી. સાંડેરાવના શ્રાવક જનો જ્યારે ઘીના પૈસા ચૂકવવા આવ્યા ત્યારે અહીંના

વેપારીએ ધાર્મિક કાર્યમાં વપરાયેલા પૈસા પાછા લેવાની ના પાડી. આખરે નવ લાખ રૂ.ની કિંમત આ નવા મંદિરના નિર્માણ પાછળ ખર્ચવાની યોજના થઈ અને શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાનના દેરાસરનું નિર્માણ થયું. આ ઉપરાંત આ શહેરમાં બીજાં દસેક જેટલાં દેરાસરો છે. દેરાસર ગુજરાતી કટલા વિસ્તારમાં છે. પાલી-જોધપુર અને ફાલના વચ્ચે આવેલું છે.

## ૭૭. શ્રી કાપરડાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન, કથ્થાઈ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** કાપરડા ગામે. આ ગામની સ્થાપના ક્યારે થઈ એ જાણવું મુશ્કેલ છે ચમત્કારિક ઘટનાઓ સાથે વિ. સં. ૧૬૭૪ માગસર વદ ૧૦ ને પ્રભુના જન્મ કલ્યાણક દિવસના શુભ અવસરે ભૂગર્ભમાંથી આ પ્રતિમા પ્રગટ થઈ હતી. આ ચાર મજલાનું ચૌમુખી દેરાસરનું બાંધકામ, શિલ્પ અનેરી ભાતનું છે. આજુબાજુ નાનાં ગામડાં હોવાથી આ દેરાસરના શિખરનાં દર્શન ખૂબ જ દૂરથી થઈ શકે છે. ભંડારી ગોત્રના શ્રી ભાનાજી ઉપર રાજા કોઈ કારણસર કોપાયમાન થતાં તેમને જોધપુર આવવાનો આદેશ આપ્યો. ભંડારીજી ભયભીત હોવા છતાં જવા તૈયાર થયા. વચ્ચે કાપરડામાં મુકામ કર્યો. પ્રભુપ્રતિમાનાં દર્શન કર્યા પછી જ ભોજન કરવાનો નિર્ણય હોવાને કારણે તપાસ કરતાં ઉપાશ્રયમાં એક યતિવર્ય પાસે પ્રતિમા હોવાનું જાણી ત્યાં ગયા. યતિજીએ ભંડારીનું જોધપુર જવાનું કારણ સમજતાં જણાવ્યું કે આ તમારી કસોટીનો સમય છે પણ તમે નિર્દોષ હોવાને કારણે હિંમત હારશો નહીં. ભંડારીજી પહોંચે એ પહેલાં જ જોધપુરના રાજાને પોતાની ભૂલ સમજાઈ, સાંભળેલી વાત ખોટી જણાઈ અને ભાનાજી નિર્દોષ જણાયા. ભાનાજી આવતાં જ રાજાએ એમનું સન્માન કર્યું. સાથે ૫૦૦ રજતમુદ્રા ઉપહાર તરીકે ધરી. પાછા ફરતાં ભાનાજી યતિજીને મળ્યા અને ૫૦૦ રજતમુદ્રા યતિજીની સેવામાં અર્પણ કરી. યતિજીએ પ્રસન્ન થઈ આ મુદ્રાઓ થેલીમાં નાખી ઉપર વર્ધમાન વિદ્યાસિદ્ધ વાક્ષેપ નાખી ભંડારીને પાછી સોંપી એ થેલીને ઊંધી ન કરવા જણાવી. મંદિરનું નિર્માણકાર્ય તથા બધી આવશ્યકતાઓ પૂરી થશે એવું જણાવ્યું. ભંડારીજીની ઈચ્છા મુજબ ભવ્ય મંદિરનો નકશો તૈયાર થયો અને નિર્માણ શરૂ થયું. કાર્ય સંપૂર્ણ થવાની નજીક હોવા પહેલાં ભંડારીજીના પુત્રે એ થેલીને ઊંધી કરતાં મુદ્રાઓ બહાર આવી ગઈ અને ભંડારીજીને દુઃખ થયું. પરંતુ થવાનું બનવાકાળ સમજી મંદિરની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કર્યો. પ્રાચીન પ્રતિમા માટે પ.પૂ. આચાર્ય શ્રી જીનચન્દ્રસુરીશ્વરજીને પ્રાર્થના કરવામાં આવી. આ બાજુ આચાર્યને કાપરડા ગામે બાવળની ઝાડીમાં ભગવાનની મૂર્તિ હોવાનો સંકેત થયો. આખરે પ્રભુના જન્મ કલ્યાણક દિવસે પ્રતિમાજી પ્રગટ થતાં પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારથી ભક્તજનો પ્રભુને શ્રી સ્વયંભૂ

પાર્શ્વનાથ કહેવા લાગ્યા. ભગવાનની પ્રતિમા ઉપર ફણાની બે ફળાઓ છે. અહીંનું શિખર લગભગ ૯૫ ફૂટ ઊંચું છે. જોધપુર ૫૦ કિ.મી. છે. રહેવા ભોજનશાળાની સગવડ સાધારણ છે.

## જોધપુર

જોધપુરમાં ઉમેદસિંહ પેલેસનું સંગ્રહસ્થાન જોવા જેવું છે. ઘડિયાળો, શસ્ત્રો, પેઈન્ટીંગ્ઝ (રોમન, દેશી જરી-ભરતકામવાળા) વગેરેનો સારો સંગ્રહ છે. જોધપુર કિલ્લા ઉપર પેલેસ જોવા જેવો છે. પેલેસ જોતાં બે-ત્રણ કલાક લાગે એવું છે. અહીંની સાડી, બાંધણી, મોજડી તથા કુંજાઓ વખણાય છે. અહીંનાં પેઈન્ટીંગ્ઝ પણ વખણાય છે. શહેરમાં રહેવાનાં ઘણાં સ્થળો છે. જમવા માટે ઘણી હોટલો છે. સુંદર જિનાલયો પણ છે.

## ૭૮. શ્રી નાગોર તીર્થ

મૂળનાયક : શ્રી આદીશ્વર ભગવાન.

તીર્થસ્થળ : નાગોર ગામે. પ્રાચીન સમયમાં આ સ્થળ જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું. કળિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને આચાર્યપદ પર અહીં વિભૂષિત કરવામાં આવ્યા હતાં. શ્રી પાર્શ્વચન્દ્રસુરિ ગચ્છની સ્થાપના અહીં થયેલ છે. વિક્રમની બારમી સદીમાં અહીં વરદેવ પલ્લીવાલ નામના ધર્મશ્રદ્ધાળુ શ્રાવક થયા જેમના પુત્ર આસધર અને લક્ષ્મીધર બંધુઓએ અને તેમના પુત્ર નેમડ, આભ માણિક, સલખણ અને થિરદેવ, ગુણધર, જગદેવ, ભુવણા દ્વારા શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર, આબુ, દેલવાડા, જાલોર, તારંગા, પ્રહ્લાદનપુર પાટણ, ચારૂપ આદિ સ્થળોએ જીર્ણોદ્ધાર વગેરેનાં પ્રશંસનીય કાર્યો કરેલ છે. અહીંથી ઘણાં ધર્મપ્રભાવનાનાં કાર્યો સંપન્ન થયાં છે. ઘણા પ્રકાંડ આચાર્યોનાં પદાર્પણ થયેલાં છે. એક પ્રાચીન તીર્થસ્થળ છે. નાગોર જોધપુરની ઉત્તર દિશામાં આવેલું સ્થળ છે. જોધપુરથી ૧૩૮ કિ.મી.ના અંતરે છે.

## ૭૯. શ્રી ખીંવસર તીર્થ

મૂળનાયક : શ્રી મહાવીર સ્વામી ભગવાન ચરણપાદુકા, ચંદન વર્ણ.

તીર્થસ્થળ : ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનનો અહીં ચાતુર્માસ થયો હોવાની શક્યતા છે. નાગોરથી ૪૪ કિ.મી.ના અંતરે એક તળાવના કિનારે આ શાંત સ્થળ નાગોર-જોધપુર માર્ગ વચ્ચે આવેલ છે.

## ૮૦. શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ

મૂળનાયક : શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

તીર્થસ્થળ : અહીંના પ્રતિમાજી સાથે ઈતિહાસ સંકળાયેલો છે. આ જગ્યાએ હમેશાં એક ગાયનું દૂધ ઝરી જતું હોવાની વાત ગોવાળે એક શેઠને કરતાં, શેઠને એ જગ્યાએ શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ હોવાનું સ્વપ્ન આવેલ.

પ્રયત્ન કરવાથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં અને દેરાસરનું નિર્માણ શરૂ થયું. ધનના અભાવને કારણે કાર્ય થોડું રોકાતાં અધિષ્ઠાયક દેવે ઘણી સહાય કરેલ અને સારા એવા ધનની મદદ મળી રહી. આ સ્થળને મુસલમાનોના વખતમાં ક્ષતિ પહોંચાડવાના પ્રયાસ પછી મુસલમાન સરદાર અત્યંત વ્યાધિથી પિડાતાં આ સ્થળને અખંડિત રહેવા દેવાનો આદેશ અપાયો હતો. આ સ્થળ ખૂબ જ ચમત્કારિક અને ભવ્ય છે. મેડતા રોડ ગામે, મેડતા શહેરથી ૧૫ કિ.મી. દૂર છે. જોધપુર, નાગોર, મેડતા વચ્ચે સડક રસ્તાઓ છે. રહેવાની વ્યવસ્થા છે. જોધપુરથી ઉત્તરપૂર્વ દિશામાં મેડતા રોડ આવેલું છે.

## ૮૧. શ્રી પદ્મપ્રભુજી તીર્થ

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, ગુલાબી વર્ણ, કમળના ફૂલ પર સુશોભિત.

**તીર્થસ્થળ :** આ ગામનો ઈતિહાસ પ્રાચીન નથી. પરંતુ પ્રતિમાજીના ભૂગર્ભમાંથી પ્રગટ થવાને કારણે અહીં પ્રાચીન મંદિરો જરૂર હશે. આ પ્રભુપ્રતિમાના વિ. સં. ૨૦૦૧ના વૈશાખ સુદ પાંચમના શુભ દિને શુભ પ્રભાતે એક ખેડૂત કુટુંબનાં માતા-પુત્રને ખોદકામ કરતાં દર્શન થયાં હતાં. ત્યારે એક નાનું મંદિર બનાવ્યા બાદ ૧૮ વર્ષ પછી વિ. સં. ૨૦૧૯માં વિશાળ મંદિરનું નિર્માણ થયું. આ મંદિરની બનાવટ અને વિશાળતા આખા ભારતમાં પ્રથમ સ્થાને છે. આ શૈલીનું નિર્માણ થયેલ મંદિર બીજે ક્યાંય ખ્યાલમાં નથી. આ સ્થળ બાડા ગામે, શિવદાસપુરા(પદ્મપુરા)થી ૬ કિ.મી., જયપુર સવાઈ માધોપુર લાઈન ઉપર છે. જયપુરથી ૩૬ કિ.મી. છે. ધર્મશાળા છે. ભોજનશાળાની સગવડ નથી. પ્રભુપ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે અને મેલી વિદ્યાથી કષ્ટ ભોગવતા ઉપદ્રવથી છુટકારો મળે છે એવી ભક્તજનોની શ્રદ્ધા છે. મંદિરની અંદર વર્તુળાકાર વિશાળ સભામંડપ છે. આવો વિશાળ સભામંડપ બીજે ક્યાંય જોવા મળતો નથી.

## ૮૨. શ્રી મહાવીરજી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, તામ્ર વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી મહાવીરજી (ચાંદનપુર) ગામે, દિલ્હી-મુંબઈ રેલવેમાર્ગ ઉપર ગંગાપુર અને હીન્ડોન વચ્ચે મહાવીરજી રેલવે સ્ટેશન છે. ભગવાન શ્રી મહાવીરની આ પ્રતિમા ચમત્કારિક રીતે પ્રગટ થયેલી છે. એક ગાય એક ટેકરી ઉપર જઈને ઊભી રહેતી અને બધું દૂધ ઝરી જતું હતું. ગાયને રોકવાના ઘણા પ્રયાસો છતાં ગાય રોકાતી ન હતી. વધુ તપાસ કરતાં અને ટેકરીનું ખોદકામ કરતાં એ સ્થાનેથી પ્રભુની પ્રતિમાનાં દર્શન થયાં. આ પ્રતિમાજીને અહીં મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવવામાં આવી. ત્યાર બાદ અનેક ચમત્કારો થતા રહે છે.

# બિહાર

## ૧. શ્રી સમેતશિખરજી તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ. ૯૨ સે.મી.

**તીર્થસ્થળ :** મધુબન ગામ પાસે લગભગ ૪૫૦૦ ફીટની ઊંચાઇ ઉપર-પાર્શ્વનાથ પહાડ ઉપર-સમેતશિખર પહાડ કહેવાય છે. પૂર્વ ચોવીસીઓમાં કેટલાય તીર્થંકરો અહીં મોક્ષ પામ્યા હોવાની જનશ્રુતિ છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો અહીં મોક્ષપદ-નિર્વાણ પામ્યા છે. ગામમાં તળેટીમાં શ્રી ભોમિયાજીનું મંદિર છે જે અહીંના રક્ષક છે. પહાડ ઉપર ચઢતાં ૬ માઈલ, ઉપર જુદી જુદી ટૂકોની યાત્રા કરતાં ૬ માઈલ અને નીચે ઊતરતાં ૬ માઈલ એમ કુલ્લે ૧૮ માઈલનું અંતર છે. શ્રી ભોમિયાજીનાં દર્શન કર્યા બાદ બે માઈલ ચાલતાં ગાંધર્વ-નાળું આવે છે. ત્યાંથી થોડું આગળ જતાં બે રસ્તા આવે છે. ડાબા હાથે શ્રી ગૌતમ સ્વામીની ટૂકથી થઈ જલમંદિર ઉપર પહોંચાય છે. જમણા હાથે ડાકબંગલા થઈ શ્રી પાર્શ્વનાથજીની ટૂક ઉપર પહોંચી શકાય છે. સામાન્ય રીતે પહેલી વખત અને બધી ટૂકો પર જવા માટે જલમંદિરના રસ્તે જવાય છે. જલમંદિરના રસ્તા ઉપર આગળ વધતાં સીતા-નાળું આવે છે. ત્યાંથી ઉપર ચઢાણ છે. ત્યાર બાદ શ્રી મહાવીર ભગવાનના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીની ટૂક આવે છે. લગભગ બધી ટૂકો ઉપર દર્શનાર્થે ચરણપાદુકાઓ સ્થાપિત છે. બીજી ટૂક સતરમા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાનની છે. ત્રીજી ટૂક શ્રી ઋષભાનની, ચોથી ટૂક શ્રી ચંદ્રાનન શાશ્વત જિનની, પાંચમી ટૂક એકવીસમા તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનની છે. છઠ્ઠી ટૂક અઢારમા તીર્થંકર શ્રી અરનાથની, સાતમી ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાનની છે. આઠમી ટૂક અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ ભગવાનની છે. નવમી ટૂક નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ ભગવાનની છે. દશમી ટૂક છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુની છે. અગિયારમી ટૂક વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની છે. બારમી ટૂક આઠમા શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની છે. આ ચઢાણ કઠિન છે. તેરમી ટૂક શ્રી આદીશ્વર ભગવાનની છે. (શ્રી આદીશ્વર ભગવાન અષ્ટાપદથી મોક્ષપદ પામ્યા છે.) ચૌદમી ટૂક ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનની છે. પંદરમી ટૂક દસમા શ્રી શીતલનાથ ભગવાનની છે. સોળમી ટૂક ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવાનની છે. સત્તરમી ટૂક બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનની છે. (મોક્ષસ્થાન-ચંપાપુરી). અઢારમી ટૂક ચોથા શ્રી અભીનંદન સ્વામી ભગવાનની છે. ઓગણીસમી ટૂક પ્રમુખ જલમંદિર છે. અહીં શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. વિશ્રામ માટે ધર્મશાળા છે. સેવાપૂજા માટે નહાવાની વ્યવસ્થા છે. આગળ જતાં શ્રી શુભગણધર સ્વામીની વીસમી ટૂક આવે છે. એકવીસમી

ટૂક પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથ ભગવાનની છે. બાવીસમી ટૂક શ્રી વારિષેણ શાશ્વતા જિનની છે. તેવીસમી ટૂક શ્રી વર્ધમાન શાશ્વતજિન ટૂક છે. ચોવીસમી ટૂક શ્રી સુમતિનાથ ભગવાન પાંચમા તીર્થંકરની છે. પચીસમી ટૂક સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનની છે. છવીસમી ટૂક શ્રી મહાવીર સ્વામી (મોક્ષસ્થાન-પાવાપુરી) ભગવાનની છે. સતાવીસમી ટૂક સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની છે. અઠ્ઠાવીસમી ટૂક ઓગણત્રીસમી બીજા તીર્થંકર શ્રી અજીતનાથ ભગવાનની છે ત્રીસમી ટૂક બાવીસમા તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનની છે. (ગિરનારજી મોક્ષસ્થાન) અને એકત્રીસમી ટૂક શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. અહીં ભગવાનનું સમાધિસ્થાન પણ છે. આ પહાડ વનરાઈઓથી ભરેલો પહાડ છે. શાંત રમણીય સ્થળ છે. ધાર્મિક રીતે આ સ્થળની મહાનતાનું વર્ણન કરવું અશક્ય છે. અહીંથી પહેલાં કેટલાય તીર્થંકરો, સાધુસમુદાય, વર્તમાન ચોવીસીના ૨૦ તીર્થંકરો અને અગ્રગણ્ય સાધુસમુદાય નિર્વાણ પામેલ છે. મધુબન ગામમાં તળેટીમાં આઠ શ્વેતાંબર, પંદરથી વધુ દિગંબર, બે દાદાવાડી ઉપરાંત શ્રી ભોમિયાજી બાબાનું મંદિર છે.

મધુબનથી નજીકનું રેલવે સ્ટેશન ગીરડીહ લગભગ ૨૫ કિ.મી. છે. હવે નવું નજીકનું સ્ટેશન પાર્શ્વનાથજી થયેલ છે. રહેવા માટે ઘણી ધર્મશાળાઓ-ભોજનશાળાની વ્યવસ્થા છે. આ દાયકામાં મુંબઈથી નીકળેલા છરી પાળતા સંઘની સ્મૃતિમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં અહીં વીસ જિનાલયનું નિર્માણ થયું છે. નવી બનેલી કચ્છી ધર્મશાળા સારી સગવડો ધરાવે છે.

## ૨. શ્રી ઋજુબાલુકા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, ચતુર્મુખ ચરણપાદુકાઓ, શ્વેત વર્ણ.

**તીર્થસ્થળ :** બારકર ગામની નજીક બારકર નદીનું પ્રાચીન નામ ઋજુબાલુકા કહેવાતું. અહીં નદીના તટ પર શાલિવૃક્ષ નીચે વૈશાખ સુદ ૧૦ના વિજય મુહૂર્તે શ્રી મહાવીર સ્વામી ભગવાને કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. નજીકનું ગામ જનમ ૪ કિ.મી. છે. ગીરડીહ ૧૨ કિ.મી. અને મધુબન ૧૮ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૩. શ્રી વૈશાલી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ ગામને બસાઢ અથવા વૈશાલી કહે છે. દિગંબર માન્યતા અનુસાર શ્રી મહાવીર સ્વામી ભગવાનના ત્રણ કલ્યાણક અહીં થયા હતા. આ નગરી જોડે અભૂતપૂર્વ ઈતિહાસ જોડાયેલો છે. આ ઈતિહાસ શ્રી ચેટક રાજા ઉપરાંત ઘણા જૈન ક્ષત્રિય રાજાઓ જોડે સંકળાયેલો છે. એક મહત્ત્વનું અંગ એ છે કે અહીં બિહાર સરકાર દ્વારા પ્રાકૃત જૈનશાસ્ત્ર

અને અહિંસા શોધ-સંસ્થાનની સ્થાપના થયેલ છે.જ્યાં જૈન શાસ્ત્રમાં એમ. એ., પી.એચ.ડી.નો અભ્યાસ થઈ શકે છે. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ સંશોધન અર્થે અહીં અભ્યાસ કરે છે. અહીં અશોકસ્તંભ ઉપરાંત પૌરાત્મક વિભાગમાં ઘણી ચીજો જોવાલાયક છે. જૈન ધર્મના ઈતિહાસમાં વૈશાલી, કાકન્દી, પાટલીપુત્ર, રાજગૃહ, ચંપાપુરી વગેરે મહત્ત્વની રાજનગરીઓ હતી. નજીકનું રેલવે સ્ટેશન મુજફ્ફરપુર-હાજીપુર ૩૫ કિ.મી. છે. બિહાર સરકારના પર્યટન વિભાગને આધિન એક ટૂરિસ્ટ માહિતી સેન્ટર છે. રહેવાની સાધારણ વ્યવસ્થા છે.

## ૪. શ્રી પાટલીપુત્ર તીર્થ :

**મૂળનાયક :** શ્રી વિશાલનાથ સ્વામી-શ્વેત પદ્માસનસ્થ. (વીસ વિહરમાન)

**તીર્થસ્થળ :** પટના શહેર બાડકી ગલીમાં. શ્રી શ્રેણિક રાજાના પૌત્ર ઉદયને આ શહેર વસાવ્યું હોવાનો ઈતિહાસ છે. ઉદયન પછી અહીંની રાજસત્તા મહાપદ્માનંદના હસ્તકે આવી. શ્રી પદ્માનંદ રાજા જૈન ધર્મના અનુયાયી હતા અને એ સમયમાં જૈન ધર્મે અહીં ઘણો જ વિકાસ કરેલ હતો. પટના પહેલાં પાટલિપુત્ર કહેવાતું હતું અને એક મહત્ત્વની રાજનગરી હતી. શ્રી સ્થુલિભદ્રસ્વામીનો ઈતિહાસ પણ આ શહેર જોડે જ સંકળાયેલો છે. એમણે અહીં જૈન આગમોનું વાચન કરાવીને અગિયાર અંગોમાં સુવ્યવસ્થિત કર્યાં હતાં. આ ઉપરાંત અહીં એક શ્વેતાંબર તથા પાંચ દિગંબર મંદિરો, તળાવકિનારે શેઠ શ્રી સુદર્શનનું સ્મારક, આર્યસ્થૂલિભદ્રનું સ્મારક ઉપરાંત ગુલજરબાગ, વગેરે જોવા જેવાં છે. અહીંના સ્ટેટ મ્યુઝિયમ, જાલાન સંગ્રહાલય, કાનોડિયા સંગ્રહાલયમાં અનેક પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન કરવા મળે છે. પટના રેલવે સ્ટેશનથી ગામ લગભગ ૧૦ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે સાધારણ કોઠી છે.

## ૫. શ્રી રાજગૃહી તીર્થ

**મૂળનાયક :** શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** (૧) વિપુલાચલ પર્વત ઉપર : શ્રી મુનિસુવ્રત સ્વામી. શ્વેતાંબર મંદિર. શ્રી ચંદ્રપ્રભુ-દિગંબર મંદિર.


(૨) રત્નગિરિ પર્વત : શ્રી ચન્દ્રપ્રભુ (શ્વેતાંબર), શ્રી મુનિસુવ્રત સ્વામી (દિગંબર) મંદિર

(૩) ઉદયગિરિ પર્વત : શ્રી પાર્શ્વનાથ ભગવાન ચરણપાદુકા, શ્રી મહાવીર સ્વામી (શ્વેતાંબર) (દિગંબર)

(૪) સ્વર્ણગિરિ પર્વત : શ્રી આદિનાથ ભગવાન, ચરણપાદુકા, શ્રીશાન્તિનાથ ભગવાન (શ્વેતાંબર) શ્યામ-દિગંબર

(૫) વૈભારગિરિ પર્વત : શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી મહાવીર સ્વામી પદ્માસનસ્થ (શ્વેત-શ્વેતાંબર) (દિગંબર)

# બિહાર




શ્રી સમેતશીખરજી - શ્રી પાર્શ્વનાથ પહાડ - આ સ્થળે વર્તમાન સમયના વીસ તીર્થંકરો નીર્વાણ-મોક્ષ પામેલ છે. આ અતિ મહાન મંગલકારી કલ્યાણક ભૂમિ છે. શ્રી પાવાપુરી તીર્થે શ્રી મહાવીરસ્વામિનું મોક્ષ કલ્યાણક, શ્રી ચંપાપુરી તીર્થે શ્રી વાસુપુજ્ય સ્વામિનું મોક્ષ કલ્યાણક થયેલ છે. શ્રી ક્ષત્રીયકુંડ તીર્થે શ્રી મહાવીરસ્વામિનો જન્મ તથા શ્રી ઋજુવાલિકા તીર્થે શ્રી મહાવીરસ્વામિ કેવલજ્ઞાન પામેલ છે. વૈશાલિ તથા રાજગૃહી પ્રાચિન મહત્વના શહેરો-નગરીઓ હતી. પટણાનું જુનું નામ પાટલિપુત્ર છે. ગયા-બુદ્ધગયા બુદ્ધ-હિંદુ ધર્મના મહત્વના સ્થળો છે. રાજગૃહીમાં શ્રી મુનિસુવ્રતસ્વામિના ચાર કલ્યાણક થયેલ છે.

મંદિરોના આ પાંચેય પર્વતો ઉપર દર્શન થાય છે. છઠ્ઠા પર્વત ઉપર બૌદ્ધમંદિર છે. અહીંની પ્રાચીનતા વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયની છે. શ્રી મુનિસુવ્રત સ્વામીના ચાર કલ્યાણક (ચ્યવન, જન્મ, દિક્ષા, કેવળજ્ઞાન) અહીં થયેલ છે. પ્રાચીન કાળથી આ રાજ્ય-શહેર સમૃદ્ધ રહેલ છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીના પરમભક્ત શ્રી શ્રેણિક મહારાજા અહીં રાજગૃહી નગરે રહેતા હતા. શ્રી શ્રેણિક રાજાએ પોતાની ધર્મભાવનાથી તીર્થંકર ગોત્ર ઉપાર્જિત કરેલ છે અને શાસ્રો અનુસાર આવતી ચોવીસીમાં શ્રી પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે. ભગવાન બુદ્ધ પણ અહીં આવેલ છે. જાપાનના લોકોની સહાયથી બનેલ બૌદ્ધ મંદિર તેની ભવ્યતા-કલાત્મકતાની દૃષ્ટિએ જોવાલાયક છે. આ ઉપરાંત શ્રી મેતાર્ય, અંર્હભુતા, ધન્ના, શાલિભદ્ર, મેઘકુમાર, અભયકુમાર, નંદિષેણ, કયવન્ના શેઠ, અર્જુનમાલિ, જમ્બુસ્વામી પ્રભાષ, શયંભ્યુસુરી, પુણિયા શ્રાવક આદિ મહાન આત્માઓની જન્મભૂમિ છે. આ પહાડો પરનાં દર્શન ઉપરાંત બીજી ઘણી જગ્યાઓ સ્પતપર્ણી ગુફા, જરાસંઘનો અખાડો વગેરે જોવાલાયક છે. ઘણા મઠો છે. વીરાયતન, શ્રેણિક-બિંબિસાર બંદીગૃહ વગેરે જોવાલાયક છે. પીવા તથા પૂજાના પાણી માટે તળેટીથી જ બંદોબસ્ત કરી લેવો. જરૂરી સૂચનાઓ નીચે તળેટી ઓફિસમાંથી મેળવી લેવી. પાંચ પહાડોની યાત્રા સગવડતાથી કરવા બે દિવસ જરૂરી છે. નજીકનું સ્ટેશન રાજગિરિ ૨ કિ.મી. છે. સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી અમરમુનિજી દ્વારા સ્થાપિત "વીરાયતન" સંસ્થા દ્વારા અહીં લોકસેવાની પ્રવૃત્તિઓ નીરખવા યોગ્ય છે.

## ૬. શ્રી પાવાપુરી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી-ચરણપાદુકા-શ્યામ-જલમંદિર.

**તીર્થસ્થળ :** પ્રાચીન મગધ દેશનું શહેર પાવાઅપાપા અત્યારે પાવાપુરી તરીકે ઓળખાય છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન અહીં નિર્વાણ પામી મોક્ષપદ પામ્યા છે. ભગવાનની પ્રથમ દેશના પણ અહીં જ થઈ હોવાનું મનાય છે. એ સ્થળે નવીન મંદિરનું નિર્માણ થયેલ છે. આ જલમંદિર અતિ સુંદર સરોવર વચ્ચે છે. જ્યારે સરોવર કમળોથી ભરાયેલું હોય ત્યારે દૃશ્ય બહુ જ સુંદર લાગે છે. જલમંદિર પાસે વિશાળ દિગંબર મંદિર છે. ઉપરાંત ગામમાં થોડાં મંદિરો છે. રેલવે સ્ટેશનથી પાવાપુરી રોડ ૧૦ કિ.મી. છે. બખ્તિયારપુર ૪૪ કિ.મી. છે. નવાદા ૨૩ કિ.મી. છે. બિહાર શેરીફ ૧૫ કિ.મી. છે. હાઈવેથી મંદિર ૧ કિ.મી.ના અંતર છે. રહેવા માટે ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. પ્રભુ મહાવીર સ્વામીનું આ નિર્વાણ કલ્યાણકનું તીર્થ હોવાથી બહુધા, સમેતશિખરજીની યાત્રાએ પધારતા, દિવાળીના દિવસે યાત્રાળુઓ અહીં યાત્રાએ પધારે છે.

## ૭. શ્રી કુંડલપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી ગૌતમ સ્વામી-શ્યામ-ચરણપાદુકાઓ.

**તીર્થસ્થળ :** નાલંદા ગામથી ૩ કિ.મી.ના અંતરે લબ્ધિના દાતાર, પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીની જન્મભૂમિ છે. ત્રણ ગણધરો ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિની જન્મભૂમિ છે. અહીંથી નજીક આવેલા નાલંદા ગામનું વિશ્વવિદ્યાલય પ્રાચીન ભારતીય ઈતિહાસના સુવર્ણકાળનાં સંસ્મરણો કરાવે છે. નાલંદા વિશ્વવિખ્યાત છે. વિદેશોથી ઘણા યાત્રિકો—ખાસ કરીને બૌદ્ધલોકો અહીં આવે છે. પાવાપુરી ૨૧ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે. નાલંદા જરૂર જોવા જેવું છે.

## ૮. શ્રી ગુણીયાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી ગૌતમ સ્વામી મહારાજ સાહેબ.

**તીર્થસ્થળ :** નવાદા સ્ટેશનથી લગભગ ૩ કિ.મી. દૂર ગુણાયાજી ગામે—ગુણાયાજી ગુણશીલનું અપભ્રંશ મનાય છે. શ્રી ભગવાન મહાવીર ગુણશીલ ચૈત્યમાં ઘણી વખત વિચર્યાનું અને સમવસરણ રચાયાનું ઉલ્લેખન શાસ્ત્રોમાં છે. એક મત અનુસાર ગણધર શ્રી ગૌતમ સ્વામીએ અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ છે. પટના-રાંચી માર્ગ ઉપર નવાદાથી ૩ કિ.મી. છે. પાવાપુરીથી ૨૦ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૯. શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્યામવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી ક્ષત્રિયકુંડ શ્રી મહાવીર સ્વામી ભગવાનનું જન્મસ્થળ છે. આ ઉપરાંત ચ્યવન અને દીક્ષા મળીને ભગવાનના ત્રણ કલ્યાણક અહીં થયેલ છે. પ્રભુએ પોતાના જીવનકાળનાં ત્રીસ વર્ષ આ ભૂમિ ઉપર પસાર કર્યા હતાં. પહાડ ઉપર આ એક જ મંદિર છે. તળેટી-કુંડઘાટમાં બે મંદિરો છે. લછવાડ ગામેથી તળેટી પાંચ કિલો મીટર છે. લછવાડ ગામ—સિકંદરાથી ૧૦ કિ.મી. છે. લછવાડથી નજીકના રેલવે સ્ટેશન લખીસરાય, જમુઈ અને કિયુલએ ત્રણે લગભગ ૩૦ કિ.મી. છે. લછવાડમાં ધર્મશાળા, ભોજનશાળાની સગવડો છે. પહાડ ઉપર નહાવાની સગવડ છે. પહાડનું ચઢાણ લગભગ ૫ કિ.મી. છે પણ સરળ છે. ઉપર પહાડ પર પટાંગણમાં સુંદર બગીચા છે. મંદિરને અડીને ઝરણું વહે છે.

## ૧૦. શ્રી કાકન્દી તીર્થ

**મૂળનાયક :** શ્રી સુવિધિનાથ ભગવાન-શ્યામ ચરણપાદુકા.

**તીર્થસ્થળ :** કાકન્દી ગામની મધ્ય આવેલા આ સ્થળનું વિશેષ મહત્ત્વ છે. અહીં નવમા તીર્થંકર ભગવાન શ્રી સુવિધિનાથના ચાર કલ્યાણક (ચ્યવન, જન્મ,

દીક્ષા અને કેવળજ્ઞાન) થયાનું ઈતિહાસ કહે છે. અહીંનું નજીકનું સ્ટેશન કિયુલ ૧૯ કિ.મી., જમુઈ ૧૯ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે. મંદિરનું નવનિર્માણ થઈ રહેલ છે.

## ૧૧. શ્રી ચંપાપુરી તીર્થ

**મૂળનાયક :** શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભાગલપુર ગામે-ચંપાનાલા પાસે ગંગા નદીના કિનારે-ચંપાનગરે, જૈન શાસ્ત્રો પ્રમાણે શ્રી આદિનાથ ભગવાન આ સ્થળે વિચર્યા છે. આ નગરીએ વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીના પાંચ કલ્યાણક (ચ્યવન, જન્મ, દિક્ષા, કેવલજ્ઞાન, મોક્ષ) અહીં થયેલ છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન અહીં વિચરેલ છે. આ ઉપરાંત શ્રી સુદર્શન શેઠ, મહારાજા શ્રીપાલ, સતી ચંદનબાલા, વગેરેની જન્મભૂમિ છે. આ મંદિર ઉપરાંત નાથનગર, ભાગલપુર, મંદારગિરિ પર્વત ઉપર દિગંબર જૈન મંદિરો છે. ભાગલપુર સ્ટેશન અહીંથી ૬ કિ.મી. છે મંદિરના ચોગાનમાં ધર્મશાળા છે.

(બિહાર રાજ્યમાં આવેલ સ્થળો અને ઈતિહાસનો .અભ્યાસ કરતાં જૈન ધર્મનાં વિકાસનું રાજ્ય બની રહે છે. અહીં જૈન ધર્મનો ફેલાવો ક્ષત્રિય રાજાઓના સમયમાં અધિક રહેલ છે. કેટલાંય સ્થળોએ વર્તમાન ચોવીસીના તીર્થંકરોનાં કલ્યાણક થયેલાં છે. કાળક્રમે જૂની નગરીઓનો નાશ થયેલ છે. તે છતાં આ બધાં સ્થળો પૂજનીય છે. અહીંનો વધુ અભ્યાસ કરતાં ભારતની જાહોજલાલી, ક્ષત્રિય રાજાઓ વખતનો સુવર્ણયુગ, જૈન ધર્મનો પ્રભાવ વગેરે જાણી શકાય છે.)

# ઓરિસા

## ૧. શ્રી ખંડગિરિ-ઉદયગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, પદ્માસનસ્થ, શ્વેત વર્ણ.

**તીર્થસ્થળ :** ભુવનેશ્વરથી ૬ કિ.મી. દૂર આવેલા ખંડગિરિ પર્વત ઉપર આવેલ રમણીય સ્થળે આ મંદિર સહિત બીજાં ત્રણ મંદિરો છે. આ પર્વતની સામે જ આવેલા ઉદયગિરિ પર્વત ઉપર પ્રાચીન ગુફાઓમાં, ઘણી જ કલાત્મક ચીજો જોવા મળે છે. અહીંની હાથીગુફા લગભગ ૨૨૦૦ વર્ષ જૂની ગણાય છે. કલિંગ રાજાઓનો આ પ્રદેશ હતો. અહીં ધર્મશાળા વગેરેની સગવડો છે. કલિંગ રાજા ખારવેલ જૈન ધર્મપ્રેમી હતો.

# હિમાચલપ્રદેશ

## ૧. શ્રી કાંગડા તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** રાવી અને સતલજ નદી વચ્ચે વસેલા અતિ નયનરમ્ય કાંગડા ગામે આ તીર્થ આવેલું છે. આ તીર્થસ્થાનની પ્રાચીનતા બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના સમયની છે. પ્રાચીન સમયમાં આ એક વૈભવશાળી જૈન શહેર હતું. ઘણી સદીઓ સુધી આ સ્થળ અદૃશ્ય રહ્યા પછી પાટણ ભંડારમાં ઉપલબ્ધ "વિજ્ઞપ્તિ ત્રિવેણી" નામના ગ્રંથમાંથી આ તીર્થનો ઉલ્લેખ શોધી મુનિશ્રી પુણ્યવિજયજીએ આચાર્ય શ્રી વિજયવલ્લભ સુરીશ્વરજી પાસેથી વધુ માહિતી મેળવીને આ તીર્થની શોધ કરી. સંવત ૧૯૪૭થી ફરી આ તીર્થ પ્રકાશમાં આવેલ છે. આ સ્થળ હરિયાળી ખીણો, હિમાચ્છાદિત શિખરો, નદી, ઝરણાંઓ વગેરે પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. હોશિયારપુરથી આ સ્થાન ૧૦૨ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા શહેર કાંગડાની નજીક આવેલું છે. પઠાણકોટ રેલવે સ્ટેશનથી ૯૦ કિ.મી. છે. આ વર્ષે (૧૯૯૦માં) અહીં જિનાલયનો જિર્ણોદ્ધાર થયો. મૂળનાયક શ્રી આદેશ્વર પ્રભુની રાણકપુરથી પ્રતિમા લઈ અહીં તેમની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. શ્રી આત્માનંદ જૈન સભા દ્વારા આ તીર્થનો વહીવટ કરવામાં આવે છે. આ તીર્થ પંજાબનું પાલીતાણા બની ગયું છે. અહીંથી હિમાચલ પ્રદેશના જુદાં જુદાં ફરવાલાયક સ્થળો જ્વાળામુખી, પાલમપુર, વૈજનાથ વગેરે સ્થળોએ જઈ શકાય છે. ભોજનાલય તથા ધર્મશાળાની સગવડ છે.

# પશ્ચિમ બંગાળ

## ૧. શ્રી જિયાગંજ તીર્થ

**મૂળનાયક:** શ્રી સંભવનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** જિયાગંજ ગામે ઓસવાલ પટ્ટીમાં; મંદિરની નિર્માણ શૈલી તથા પ્રભુપ્રતિમાની કલા દર્શનીય છે. અહીં બીજાં ત્રણ મંદિરો છે. અહીંના શ્રીવાસુપૂજ્ય સ્વામી ભગવાનના મંદિરમાં દોરેલાં ચિત્રો પ્રાચીન કલાનાં દર્શન કરાવે છે. અજિમગંજ જવા માટે અહીં રહેવું અને અહીંથી જવું સગવડભર્યું છે. જિયાગંજ રેલવે સ્ટેશન ૨ કિ.મી. મુર્શીદાબાદ ૪ કિ.મી. છે. બરહમપુર ૨૦ કિ.મી. છે. અહીંથી મહિમાપુર તથા કઠગોલા પણ જવાય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

## ૨. શ્રી અઝિમગંજ તીર્થ

**મૂળનાયક:** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન, તામ્ર વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** ભાગીરથી ગંગા નદીને કિનારે વસેલા આ રમણીય તીર્થમાં કલાના નમૂનાઓ જોવા મળે છે. રત્નોની બનેલી પ્રતિમાઓનો સંગ્રહ જરૂર જોવાલાયક છે જે અહીંની જાહોજલાલીનો ખ્યાલ આપે છે. આ ઉપરાંત અહીં બીજાં સાત મંદિરો છે. જિયાગંજ રહી, ત્યાંથી અહીં હોડીમાં નદી પાર કરીને સહેલાઈથી અવાય છે. અહીં એક કસોટીના પથ્થરમાંથી બનેલું મંદિર જોવાલાયક છે. કસોટીનો પથ્થર સોનાની ચકાસણી માટે વપરાય છે. અહીંની નવરત્ન પ્રતિમાઓનાં દર્શન કરવાં એ એક યાદગાર પ્રસંગ બની રહે છે.

## ૩. શ્રી કઠગોલા તીર્થ


**મૂળનાયક:** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** જિયાગંજથી લગભગ ચાર કિ.મી.ના અંતરે-બરહમપુર માર્ગે, નસીપુર ગામમાં આ સ્થળ આવેલું છે. સુંદર સરોવર સામે આવેલા આ વિશાળ મંદિરમાં વિભિન્ન પ્રકારની કલાત્મક ચીજો જોવા મળે છે. નસીપુરને નરસિંહપુર પણ કહે છે.

## ૪. શ્રી મહિમાપુર તીર્થ

**મૂળનાયક:** શ્રી પાર્શ્વનાથ ભગવાન-શ્યામ વર્ણ-પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** કસોટી–પાષાણમાંથી નિર્મિત પ્રભુપ્રતિમા, પદ્માસન ઘણાં જ સૌમ્ય છે. જૈન શ્રેષ્ઠીઓનો ઇતિહાસ આ સ્થળ જોડે સંકળાયેલો છે. જિયાગંજ, મુર્શીદાબાદ ૪ કિ.મી. છે.


ફરક્કા
સાહેબગંજ તરફ
ભાગલપુર તરફ
મહિમાપુર
કઠગોલા
અજીમગંજ
જીયાગંજ
દુમકા
મુર્શિદાબાદ
બરહામપુર
સુરી
કુલી
શ્રી સમેતશિખરજી
શાંતિનિકેતન
કૃષ્ણનગર
શાંતિપુર
ધનબાદ
બર્દવાન
પાંડવા
ચીનસુરા
કલકત્તા

# ૫. શ્રી કલકત્તા તીર્થ

(શ્રી. બદ્રીદાસ ટેમ્પલ)

**મૂળનાયક :** શ્રી શીતલનાથ ભગવાન, શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** કલકત્તા શહેર શામ બજારમાં, માણકતલ્લામાં આવેલા આ ભવ્ય મંદિરની નિર્માણ શૈલી અદભુત છે. અહીંની કલા થોડી વિભિન્ન પ્રકારની છે એવો જાણકારોનો મત છે. આ ઉપરાંત અહીં બીજાં છ શ્વેતાંબર, ત્રણ દિગંબર મંદિરો છે. એક ભવ્ય દાદાવાડી ઉપરાંત બીજાં દેરાસરો છે. કલકત્તા શહેરમાં બીજાં પણ ઘણાં જોવાનાં સ્થળો છે. આ શહેરનું મહત્ત્વ ધંધાકીય રીતે વધારવામાં ઘણા જૈન શ્રેષ્ઠીઓનો ફાળો રહેલો છે. કલકત્તાના હાવડા સ્ટેશનથી મંદિર ૫ કિ.મી. છે.

# ઉત્તર પ્રદેશ

દિલ્હીથી ૨૦ કી.મી.ના અંતરે દીલ્હી કરનાલ રાષ્ટ્રીય માર્ગ ઉપર શ્રી વિજય વલ્લભ સ્મારકનું નિર્માણ થયેલ છે. સાધ્વી મહતરા શ્રી મૃગાવતી, શ્રીજીના માર્ગદર્શન નીચે આ સંસ્થાનનું નિર્માણ થયેલ છે. પ્રાચિન જિનાલયો ધર્મસ્થાનો અને અન્ય જગ્યાઓએ પૂરતી સંભાળ વિના સંગ્રાયેલા પ્રાચિન ગ્રંથોને અહિંયા લાવી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા રક્ષીત કરેલ છે. આ સંસ્થાન દ્વારા અન્ય ઉપયોગી સામાજિક કાર્યો થઈ રહેલ છે.

## ૧. શ્રી હસ્તિનાપુર તીર્થ

**મૂળનાયક:** શ્રી શાંતિનાથ ભગવાન, શ્વેત ગુલાબી, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ મહાન તીર્થસ્થાનનો ઈતિહાસ આદિનાથ ભગવાનના સમયથી શરૂ થાય છે. ત્યાર પછી શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન, શ્રી અરનાથ ભગવાનના ચાર કલ્યાણક ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અહીં થયા હતા. શ્રી આદીશ્વર ભગવાન દીક્ષા પછી નિર્જલ અને નિરાહાર વિચરતાં અહીં પધારેલ અને શ્રી શ્રેયાંસકુમારને હાથે ઈક્ષુરસનાં પારણાં કરેલ જે પ્રથા આજે પણ પ્રચલિત છે. અહીં ભગવાન શ્રી મલ્લિનાથનું સમવસરણ રચાયાનો પણ ઉલ્લેખ છે. અહીં શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર સ્વામી ભગવાનના પદાપર્ણના ઉલ્લેખો છે. આ સ્થળનો મહિમા શબ્દોમાં વર્ણવવો અશક્ય છે. મેરઠ સ્ટેશનથી ૩૭ કિ.મી. છે, જ્યારે દિલ્હીથી લગભગ ૧૦૦ કિ.મી. છે રહેવા માટે ધર્મશાળાઓ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે. વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા)ના દિવસે વરસીતપના પારણાં કરવા હજારો યાત્રાળુઓ અહીં પધારે છે. આ તીર્થનો વહીવટ દિલ્હીની શ્રી આત્માનંદ જૈન સભા કરે છે.

## ૨. શ્રી કમ્પિલાજી તીર્થ

**મૂળનાયક:** શ્રી વિમલનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.


**તીર્થસ્થળ:** તેરમા તીર્થંકર શ્રી વિમલનાથ ભગવાનના ચાર કલ્યાણક, ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન આ પાવન ભૂમિમાં થયેલ છે. નજીકનું રેલવે સ્ટેશન કાયમગંજ ૧૦ કિ.મી. છે. ગામનું નામ કમ્પિલપુર છે. અહીં ધર્મશાળામાં રહેવાની સગવડ છે.

## ૩. શ્રી અહિચ્છત્ર તીર્થ

**મૂળનાયક:** શ્રી પાર્શ્વનાથ ભગવાન, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** યુગાધિદેવ શ્રી આદિનાથ ભગવાન પછીના તીર્થંકરોની પણ આ વિહારભૂમિ અને અગિયાર રાજાઓની આ અધિકારભૂમિ છે. સંકટ હરનાર ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ તપોભૂમિ છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુને

# "ઉત્તર - પ્રદેશ :-"




પુરિમતાલ :- શ્રી આદીશ્વર ભગવાન- કેવલજ્ઞાન.

ચન્દ્રપુરિ :- શ્રી ચન્દ્રપ્રભુજીના ચાર કલ્યાણક.

સીંહપુરી :- શ્રી શ્રેયાંસનાથના ચાર કલ્યાણક

ભદૈની :- શ્રી સુપાર્શ્વનાથના ચાર કલ્યાણક

પભોષા :- શ્રી પદ્મપ્રભુજીના દીક્ષા, કેવલજ્ઞાન

ભેલુપુર :- શ્રી પાર્શ્વનાથજીના ચાર કલ્યાણક

કૌશામ્બિ :- શ્રી પદ્મપ્રભુજીના ચ્યવન તથા જન્મ.

શ્રાવસ્તિ :- શ્રી સંભવનાથજીના ચાર કલ્યાણક

રત્નપુરિ :- શ્રી ધર્મનાથજીના ચાર કલ્યાણક

કમ્પિલા :- શ્રી વિમલનાથના ચાર કલ્યાણક

શૌરીપુર :- શ્રી નેમનાથજીના ચ્યવન તથા જન્મ.

અયોધ્યા :- શ્રી આદીશ્વર ભગવાનના ચ્યવન,જન્મ, દીક્ષા તથા શ્રી અજીતનાથ, શ્રી સુમતીનાથ, શ્રી અનંતનાથ, શ્રી અભિનંદન સ્વામિના ચાર કલ્યાણક

હસ્તિનાપુર :- શ્રી શાંતિનાથ, શ્રી અરનાથ, શ્રી કુન્થુનાથજીના ચાર કલ્યાણક.

કમઠ દ્વારા ઉપસર્ગ થતી વખતે શ્રી ધરણેન્દ્રદેવ અને શ્રી પદ્માવતીદેવી દ્વારા અહીં ફેણમંડપની રચના થઈ હોવાને કારણે આ નગરીનું નામ અહિચ્છત્ર પડ્યું હોવાની ધારણા છે. નજીકનું સ્ટેશન ઓવલા ૧૩ કિ.મી. રામનગર કિલ્લા નજીક આવેલું આ સ્થળ બરેલી જિલ્લાના ઓવલા-શાહબાદ સડકમાર્ગ ઉપર છે. ધર્મશાળા છે.

## ૪. શ્રી શ્રાવસ્તિ તીર્થ

**મૂળનાયક :** શ્રી સંભવનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવાનના ચાર કલ્યાણક ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન આ પાવનભૂમિમાં થયેલ છે. અહીં સહેતમહેત નામથી વિખ્યાત અનેક પ્રાચીન ખંડેરો જોવા મળે છે. બલરામપુર, બહરાઇમ સડક માર્ગ ઉપર અયોધ્યાથી ૧૦૯ કિ.મી. દૂર છે. અયોધ્યાથી ગોંડા, બલરામપુર થઇ જવાય છે. બલરામપુર ગોન્ડા-ગોરખપુર માર્ગ ઉપર રેલવે સ્ટેશન છે, જે શ્રાવસ્તિ ગામથી ૧૭ કિ.મી. છે. અહીં દિગંબર ધર્મશાળા છે.

## ૫. શ્રી મથુરા તીર્થ

**મૂળનાયક :** ભગવાન શ્રી મહાવીર સ્વામીના દ્વિતીય પટ્ટધર અંતિમ કેવલી શ્રી જમ્બુસ્વામીજીની ચરણપાદુકાઓ.

**તીર્થસ્થળ :** આ તીર્થ સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સમયનું ગણાય છે. અહીં એક રત્નજડિત સ્તૂપનું સ્થાપન થયેલ છે જે વર્તમાન સમયમાં ઈંટોથી ઢંકાયેલ છે. આ ઉપરાંત અહીં ઘણા સ્તૂપો છે. અહીં ભૂગર્ભમાંથી ઘણા જૈન ગ્રંથો, તામ્રપત્રો વગેરે ઉપલબ્ધ થયાં છે. મથુરા સ્ટેશનથી ૪ કિ.મી.ના અંતરે છે. દિલ્હીથી ૧૪૫, આગ્રાથી ૫૪ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે. ઉપરાંત બીજાં થોડાં મંદિરો છે. મહાન હિન્દુ તીર્થ છે.

## ૬. શ્રી આગ્રા તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** જગપ્રસિદ્ધ આગ્રા શહેરે, યમુના નદીને કિનારે રોશન મહોલ્લામાં આવેલ આ મંદિરમાં ભગવાનની અલૌકિક પ્રતિમા યસવ નામના કીમતી પાષાણમાંથી નિર્મિત થયેલ છે. સમ્રાટ અકબરના સમયના જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજીનાં અહીં પદાર્પણ થયાં અને એ વખતે અનેક જૈન મંદિરોમાં પ્રતિષ્ઠા થયાના ઉલ્લેખ મળી આવે છે. અકબર બાદશાહે આચાર્યશ્રીના ઉપદેશથી જૈન તત્ત્વ ઉપર પ્રભાવિત થઈ અનેક શુભ કાર્યોના ફરમાન કરેલ હતાં. અકબર પછી જહાંગીર અને શાહનજહાંના સમયમાં પણ જૈનોનું અહીં સન્માન થયેલ હતું. આજે અહીં બાર શ્વેતાંબર અને ઘણાં દિગમ્બર મંદિરો છે. અકબર બાદશાહ દ્વારા ભેટ અપાયેલ ગ્રંથભંડાર પણ અહીંના ઉપાશ્રયમાં

છે. આગ્રા ફોર્ટથી આ મંદિર એકાદ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે ગામમાં ધર્મશાળાઓ છે.

## ૭. શ્રી સૌરીપુર તીર્થ

**મૂળનાયક:** શ્રી નેમિનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** યમુના નદીને કિનારે વસેલા સૌરીપુર ગામે-બટેશ્વરથી ૨ કિ.મી.ના પહાડી રસ્તે આવેલા આ સ્થળે રાજા શ્રી સમુદ્રવિજયની પટ્ટરાણી શિવાદેવીની કુખે શ્રી અરિષ્ટનેમી અથવા શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ થયેલ છે. ભગવાનના ચ્યવન અને જન્મ કલ્યાણક અહીં થયેલ છે. અહીંથી ઘણા પ્રાચીન અવશેષો મળી આવે છે. શિકોહાબાદ ૨૫ કિ.મી., આગ્રા ૭૫ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૮. શ્રી દેવગઢ તીર્થ

**મૂળનાયક:** શ્રી શાન્તિનાથ ભગવાન, કાયોત્સર્ગ મુદ્રામાં.

**તીર્થસ્થળ:** બેતવા નદીને કિનારે વસેલા દેવગઢ ગામથી ૩ કિ.મી. દૂર આવેલ પહાડોની ઉપર ૪૦ મંદિરોનો સમૂહ છે. દરેક મંદિરમાં ભિન્નભિન્ન કલાઓનાં દર્શન થાય છે. પહાડ ઉપર ગીચ જંગલ છે. ધર્મશાળામાંથી હથિયારબંધ માણસ સાથે આવે છે. લલિતપુર ૩૧ કિ.મી. છે જ્યાંથી જિરોન, જાખલોન, રોપુરા થઈને આવી શકાય છે. દેવગઢની આજુબાજુ બીજાં ઘણાં તીર્થો છે જેનો અભ્યાસ કરવો જરૂરી છે.

## ૯. શ્રી અયોધ્યા તીર્થ

**મૂળનાયક:** શ્રી અજીતનાથ ભગવાન, તામ્ર વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ સ્થળે શ્રી આદીશ્વર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા કલ્યાણક તથા શ્રી અજીતનાથ ભગવાન, શ્રી અભિનંદન સ્વામી, શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન, એમ કુલ્લે ૧૯ જેટલા કલ્યાણકોની આ મહાન ભૂમિ છે. શ્રી ભરત ચક્રવર્તીએ અહીં રહી સમગ્ર દેશ ઉપર સામ્રાજ્ય સ્થાપિત કર્યું, ત્યારથી આ દેશ ભારતવર્ષ કહેવાયો. આ સ્થળે અનેક મહાપુરુષોએ જન્મ લીધેલ છે. અયોધ્યા રેલવે સ્ટેશનથી કટરા મહોલ્લો ૨ કિ.મી. દૂર છે રાયગંજ મહોલ્લો ૨ કિ.મી. દૂર છે. જ્યાં આવેલા દિગંબર મંદિરમાં લગભગ ૩૦' ઊંચા શ્રી આદીશ્વર ભગવાનનાં પ્રતિમાજી છે. ફેઝાબાદ ૫ કિ.મી. છે. ભગવાન રામચંદ્રજી સાથે આ સ્થળ સંકળાયેલું છે. મહાન હિન્દુ તીર્થ છે.

## ૧૦ શ્રી રત્નપુરી તીર્થ

**મૂળનાયક:** શ્રી ધર્મનાથ ભગવાન, શ્યામ વર્ણ, ચરણપાદુકા.

**તીર્થસ્થળ:** આજનું રોનાહી ગામ, અહીં શ્રી ધર્મનાથ ભગવાનના ચાર કલ્યાણક

ચ્યવન, જન્મ, દીક્ષા કેવલજ્ઞાન થયેલ છે. અહીં નજીકનું રેલવે સ્ટેશન સોહાવલ ૨ કિ.મી. છે. અયોધ્યાથી બારાબંકી માર્ગ ઉપર આ સ્થળ ૨૪ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે.

## ૧૧. શ્રી ભેલુપુર તીર્થ :

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** બનારસ શહેરના ભેલુપુર મહોલ્લામાં આ તીર્થસ્થળ આવેલું છે. આ સ્થળ જોડે આદીશ્વર ભગવાનના સમયનો ઈતિહાસ જોડાયેલો છે. ત્યાર બાદ શ્રી રાજા અશ્વસેનનાં રાણી વામાદેવીની કૂખે ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનો અહીં જન્મ થયેલ છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણક થયેલ છે. આ ઉપરાંત અહીં ૧૨ શ્વેતાંબર અને ૧૨ દિગંબર મંદિરો છે. અહીંથી વારાણસી સ્ટેશન ૩ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળાઓ છે.

## ૧૨. શ્રી ચન્દ્રપુરી તીર્થ

**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આઠમા તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનથી આ સ્થળનો ઈતિહાસ શરૂ થાય છે. પોષ વદ બારશના શુભ દિવસે શ્રી મહાસેન રાજા અને રાણી લક્ષ્મીમતિની કૂખે શ્રી ચન્દ્રપ્રભુનો જન્મ થયો. તેમણે દીક્ષા તથા કેવળજ્ઞાન પણ અહીં જ પ્રાપ્ત કરેલ છે. આ પ્રમાણે ભગવાનના ચાર કલ્યાણક (ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન) આ પવિત્ર ભૂમિમાં થયેલ છે. બનારસ(હાલનું વારાણસી)થી ૨૩ કિ.મી. અને કાદીપુરથી ૫ કિ.મી. ચન્દ્રપુરી ગામે આ સ્થળ છે. રહેવા માટે ધર્મશાળાઓ છે.

## ૧૩. શ્રી સિંહપુરી તીર્થ

**મૂળનાયક :** શ્રી શ્રેયાંસનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** હીરાવણપુર ગામે આવેલા આ સ્થળે તત્કાલીન રાજા શ્રી વિષ્ણુદેવની રાણી વિષ્ણુદેવીની કૂખે અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથ ભગવાનનો જન્મ થયેલ છે. ભગવાનના ચાર કલ્યાણક ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવળજ્ઞાન આ ભૂમિમાં થયેલા છે. આ ઉપરાંત અહીં ૨૨૦૦ વર્ષ જૂનો ૧૦૩ ફૂટ ઊંચો અષ્ટકોણ આકારનો સ્તૂપ છે. શ્રી ગૌતમબુદ્ધ જોડે પણ આ સ્થળનો ઈતિહાસ સંકળાયેલો છે. બનારસ છાવણી સ્ટેશનથી ૮ કિ.મી., સારનાથથી ૨ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૧૪. શ્રી ભદૈની તીર્થ

**મૂળનાયક :** શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભેલપુર(બનારસ, વારાણસી)થી ૨ કિ.મી. દૂર ગંગા નદીના કિનારે જૈન ઘાટના સ્થળે, શ્રી પ્રતિષ્ઠ રાજાની પૃથ્વી રાણીની કૂખે સાતમા તીર્થંકર

શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો જન્મ થયેલ છે. આ સ્થળે ભગવાનના ચાર કલ્યાણક થયેલ છે. રહેવા માટે ભેલુપુર રહેવું સગવડભર્યું છે.

## ૧૫. શ્રી પુરિમતાલ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અલ્હાબાદ શહેરમાં આવેલ આ સ્થળે ભગવાન શ્રી આદીશ્વરને અહીં કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલ હતું. માતા મરૂદેવી અહીં કેવલજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યાં. વર્તમાન અવસર્પિણી કાળમાં મોક્ષ પામનાર મરૂદેવીમાતાજી પ્રથમ હતાં. આ પ્રાચીન નગરીનું ઘણું મહત્ત્વ છે. અહીં ગંગા, જમુના તથા સરસ્વતીનો ત્રિવેણી સંગમ છે. નગરપાલિકા સંચાલિત સંગ્રહાલયમાં પ્રાચીન જૈન કલાકૃતિઓનો સંગ્રહ જોવા મળે છે. રેલવે સ્ટેશનથી ૪ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે.

## ૧૬. શ્રી પભોષા તીર્થ

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, બદામી વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** દિગંબર માન્યતા અનુસાર શ્રી પદ્મપ્રભું ભગવાનની દીક્ષા તથા કેવલજ્ઞાન અહીં થયેલ છે. આ પ્રતિમાજી કૂવામાંથી પ્રાપ્ત થયાં હતાં અને અતિ પ્રાચીન તથા ચમત્કારિક છે. પ્રભુપ્રતિમાનો રંગ સવારથી સાંજ સુધી બદલાતો રહે છે. નજીકનું રેલવે સ્ટેશન અલ્હાબાદ ૮૦ કિ.મી. છે. મનોરી, મંજનપુર, ટેવા થઈ પભોષા ગામે જઈ શકાય છે. કૌશામ્બીથી પાલી થઈ ૮ કિ.મી. દૂર બિલકુલ કાચો રસ્તો છે. આ સ્થળ પહાડ ઉપર છે અને થોડાં પગથિયાં ચઢીને જવું પડે છે.

## ૧૭. શ્રી કૌશામ્બી તીર્થ

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્વેતાંબર માન્યતા અનુસાર છઠ્ઠા શ્રી પદ્મપ્રભુ ભગવાનના ચાર કલ્યાણક ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન અહીં થયેલ છે. ભગવાન મહાવીર સ્વામીનો આ નગરી જોડે સંબંધ રહેલો છે. ભગવાને અહીં સતી ચંદનબાલા પાસેથી કઠિન અભિગ્રહ પૂર્ણ થતાં પારણાં કર્યાં હતા. આ એક વિરાટ પ્રાચીન નગરી હતી અને આજે પણ ઘણા અવશેષો મળી આવે છે. અલ્હાબાદ ૬૪ કિ.મી. છે. કોશલ ગામે આવેલું આ સ્થળ સરાયઅકીલથી ૪૨ કિ.મી. કૌશામ્બી ગેસ્ટહાઉસથી ૨૦ કિ.મી. જેટલા અંતરે છે. ધર્મશાળા છે.

# મધ્યપ્રદેશ

## ૧. શ્રી ગ્વાલિયર તીર્થ

**તીર્થસ્થળ :** ગ્વાલિયરમાં લગભગ ૧૫૦૦ જેટલી જૈન પ્રતિમાઓ અહીંનાં તીર્થસ્થાનોમાં પ્રતિષ્ઠિત છે. એક વાવમાં સ્થાપિત શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પદ્માસનસ્થ ૩૪ ફૂટ ઊંચી અને ૩૦ ફૂટ પહોળી પ્રતિમા આખા ભારતમાં સૌથી વિશાળ છે.

## ૨. શ્રી ખજૂરાહો તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, કાયોત્સર્ગ, ૧૪ ફૂટ.

**તીર્થસ્થળ :** ખજૂરાહો ગામથી લગભગ ૧ કિલોમીટરના અંતરે ખુડર નદીના કિનારે, નવમી અને બારમી સદી વચ્ચે ચંદેલ રાજાઓ દ્વારા અહીં જૈન મંદિરોનું નિર્માણ થયેલ છે. અહીં લગભગ ૩૩ મંદિરો છે અને એનું શિલ્પ કાર્ય વિશ્વવિખ્યાત થયેલ છે. ભારત સરકાર દ્વારા આ સ્થાનનો ઘણો પ્રચાર થયેલ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-શિષ્યમાં આલેખાયેલી આ ચારે વિભાવનાઓનું મોહક દર્શન છે. અને પ્રાચીન કલાનો સુંદર અનુભવ થાય છે. પન્નાથી ૪૩ અને છત્તરપુરથી ૪૬ કિ.મી.ના અંતરે છે. મંદિર પાસે ધર્મશાળા છે. ખજુરાહો આજે આંતરાષ્ટ્રીય પર્યટન કેન્દ્ર બની ગયું છે. એ દ્રષ્ટિએ ત્યાં બધી જ સગવડો ઉપલબ્ધ છે.

## ૩. શ્રી કુંડલપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, રાતો વર્ણ, પદ્માસનસ્થ, ૧૫ ફૂટ.

**તીર્થસ્થળ :** આ વિશાળ પ્રતિમાજી કુંડલાકાર પર્વત ઉપર આવેલ કોટમાં ૪૬ મંદિરોના સમૂહમાં આવેલ છે. અહીં બીજાં ૧૬ મંદિરો તળેટીમાં છે. હટ્ટાથી ૧૬ કિ.મી. અને હમોહથી ૩૫ કિ.મી. ના અંતરે આવેલ છે. આ પ્રતિમાજી બડેબાબા તરીકે પ્રખ્યાત છે. આ તીર્થ ઘણું જ પ્રાચીન છે. ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૪. શ્રી દ્રોણગીરી તીર્થ :

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** એક નાના પહાડ ઉપર આ પ્રાચીન તીર્થ આવેલ છે. યુદ્ધમાં ઘાયલ થયેલ લક્ષ્મણ માટે હનુમાનજી આ પહાડ ઉપરથી સંજીવની લઈ ગયા હોવાનું મનાય છે. આ પહાડ સુગંધી વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓથી ભરપૂર છે. નજીકનું ગામ બડા મલહરા છે જે છત્તર પુર-સાગર રોડ ઉપર આવેલ છે. હરવાલપુર ૯૬ તથા સાગર ૧૦૩ કિ.મી. ના અંતરે છે. ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૫. શ્રી રેષન્દીગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, કાયોત્સર્ગ, બદામી વર્ણ, ૧૨ ફૂટ.

**તીર્થસ્થળ :** એક સાધારણ ઊંચાં પહાડ ઉપર ૩૫ મંદિરોનો સમૂહ અત્યંત રમણીય છે. એક જલમંદિર છે. તળેટીમાં બીજાં ૧૫ મંદિરો છે. નદીના વહેણ વચ્ચે એક પાષાણશિલા છે, જેના ઉપર અનેક મુનિઓ તપશ્ચર્યા કરી મુક્તિ પામેલ છે. આ શિલાને "સિદ્ધશિલા" ક્હેવાય છે. સાગર ૫૬ કિ.મી., શાહગઢ ૧૩ કિ.મી. અને વકસવા ૨૪ કિ.મી.ના અંતરે છે. તળેટીમાં ત્રણ ધર્મશાળાઓ છે.

## ૬. શ્રી આહારજી તીર્થ

**મૂળનાયક :** શ્રી શાંતિનાથ ભગવાન, કાયોત્સર્ગ, ૧૮ ફૂટ.

**તીર્થસ્થળ :** અહીં કોટમાં આઠ મંદિરોનો સમૂહ છે. નજીક મદનેશર પહાડ ઉપર અનેક મુનિઓએ તપ કરી મોક્ષ પ્રાપ્ત કરેલ છે. મદનકુમાર કેવલી, શ્રી મલ્લિનાથ ભગવાનના સમયમાં કેવલજ્ઞાન પામ્યા હતા. ટીકમગઢથી ૨૪ કિ.મી.ના અંતરે લલિતપુર ૮૨ કિ.મી., નિપાડી ૯૨ કિ.મી.ના અંતરે છે. બળદેવગઢ-છત્તરપુર સડકમાર્ગ ઉપર છે. ધર્મશાળા છે.

## ૭. શ્રી પપોરાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** મધ્યપ્રદેશમાં ટીકમગઢથી ૫ કિ.મી.ના અંતરે ૧૦૮ મંદિરોના સમૂહમાં એક ભોંયરામાં આ પ્રતિમાજી છે. આ એક પ્રાચીન જાહોજલાલીપૂર્ણ શહેર (પમ્પાપુર) હોવાની ધારણા છે. શ્રી રામચન્દ્રજીએ અહીંનાં જંગલોમાં વનવાસ કરેલ છે. ઝાંસી ૯૬ અને લલિતપુર ૫૮ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળાઓ છે. દરેક મંદિરમાં કલાકૃતિઓના નયનરમ્ય નમૂના જોવા મળે છે.

## ૮. શ્રી સોનગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, કાયોત્સર્ગ, લગભગ ૧૨ ફૂટ.

**તીર્થસ્થળ :** આ સ્થળ પર પહાડ ઉપર ૮૩ અને તળેટીમાં ૧૬ મંદિરો છે. કલાકૃતિઓ ભરેલ અનેક મંદિરોનાં દર્શન આ રમણીય સ્થળે થાય છે. સોનગિરિ ગામ દન્તીય(દાતિયા)થી ૫ કિ.મી. તથા ગ્વાલિયરથી ૬૩ કિ.મી.ના અંતરે છે. ઘણી ધર્મશાળાઓ છે. દિગમ્બર સંપ્રદાયનું એક મુખ્ય સ્થળ ગણાય છે.

## ૯. શ્રી થુવૌનજી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર, ભગવાન, કાયોત્સર્ગ, લગભગ ૩૦ ફૂટ.

**તીર્થસ્થળ :** આ સ્થળ જંગલ, પહાડોની વચ્ચે લિલટ નદીના કિનારે રમણીય સ્થળે આવેલ છે. અહીં લગભગ ૨૫ મંદિરોનો સમુદાય છે. ભગવાનનાં પ્રતિમાજીનો

અડધો ભાગ પ્રવેશદ્વારથી નીચે છે. પહેલાં સ્થાપના થયા પછી શિખરો બંધાયાં હશે એવું અનુમાન થાય છે. અશોકનગરથી ૨૦ કિ.મી.ના અંતરે છે. એકાંત જંગલોમાંથી રસ્તો પસાર થતો હોવાને કારણે દિવસે મુસાફરી કરવાનું ઉચિત છે. ધર્મશાળાની વ્યવસ્થા છે. લલિતપુર ૫૦ કિ.મી.ના અંતરે છે. અશોકનગર પછીનો રસ્તો રેતાળ છે.

## ૧૦. શ્રી મક્ષી તીર્થ

**મૂળનાયક :** શ્રી મક્ષી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમાજી સાતમી સદીની હોવાનું મનાય છે. આ ચમત્કારિક સ્થળ છે. મહમદગઝનીએ ક્ષતિ પહોંચાડવાનો અસફળ પ્રયાસ કરેલ. મુંબઈ-આગ્રા માર્ગ ઉપર ઉજ્જૈનથી ૪૦ અને દેવાસથી ૪૦ કિ.મી.ના અંતરે છે. ભોજનશાળા તથા ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૧૧. શ્રી અવન્તી પાર્શ્વનાથ તીર્થ

**મૂળનાયક :** શ્રી અવન્તિ પાશ્વનાથજી, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન અતિ પ્રાચીન છે. અહીં જૈન ધર્મના ઈતિહાસને લગતા અનેક પ્રસંગો બનેલા છે. અને હિન્દુ રાજાઓના જૈન ધર્મ પ્રત્યેના દ્વેષને સારી લાગણીમાં ફેરવતા ઘણા અચાર્યોના સફળ પ્રસાસોના બનાવો બનેલા છે. ઉજ્જૈન શહેર ફક્ત ૨ કિ.મી.ના અંતરે છે. ઈંદોર ૫૬ કિ.મી. છે. વિશાળ ધર્મશાળા છે. આ મંદિર ઉપરાંત અહીં ૨૨ મંદિરો છે.

## ૧૨. શ્રી અલૌકિક પાર્શ્વનાથ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી ભગવાનનાં પ્રતિમાજીમાં હસ્તમુદ્રા નીચે બે સર્પ છે. વિક્રમની દસમી સદી પહેલાંનું તીર્થ છે. બારમી સદીમાં બનેલ ધાતુના ચોવીસી આ મંદિરમાં છે. મુસલમાનો દ્વારા ઘણી જ ક્ષતિ પહોંચેલ છે. ગામનું નામ હાસમપુરા છે, જે ઉજ્જૈનથી ૧૧ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળાની સગવડ છે.

## ૧૩. શ્રી બદનાવર તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લગભગ ૨૨૫૦ વર્ષ પહેલાં સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠા થયેલ છે. અહીં ઘણા પ્રાચીન અવશેષો જોવા મળે છે. બાજુમાં એક મંદિરમાં શ્રી વીર મણિભદ્ર સ્વામીની પ્રતિમા છે. બદનાવર ગામ બડનગરથી ૨૪ કિ.મી., રતલામથી ૪૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે.

## ૧૪. શ્રી ઉન્હેલ તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ ગામનું પ્રાચીન નામ નોરણ છે. પ્રાચીન સ્થળ છે. ઘણા ચમત્કારિક બનાવો થતા રહેલ છે. ઉજ્જૈનથી ૪૦ કિ.મી., રતલામથી દસેક કિ.મી. છે. નાગદા શહેર પણ નજીકમાં છે. ધર્મશાળાની સગવડ છે.

## ૧૫. શ્રી અમીઝરા પાર્શ્વનાથ તીર્થ

**મૂળનાયક :** શ્રી અમીઝરા પાર્શ્વનાથ, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લગભગ ૫૦૦ વર્ષ જૂના આ તીર્થસ્થાને આ પ્રતિમાજીમાંથી ઘણા સમય સુધી અમીધારા થતી રહેલી છે. ગામનું પ્રાચીન નામ કુન્દનપુર અને હાલનું અમીઝરા છે. ઇંદોર ૮૮ અને ધાર ૩૫ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે. મંદિર સુધી પાકો રસ્તો છે.

## ૧૬. શ્રી બિમ્બદોડ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** રતલામથી આ સ્થળ ૮ કિ.મી.ના અંતરે છે. આ પ્રતિમા રેતીનાં બનેલાં છે. વિશાળ ચોકમાં પાંચ મંદિરો છે. વિશાળ ધર્મશાળા છે.

## ૧૭. શ્રી પરાસલી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લગભગ ૧૩૦૦ વર્ષ પ્રાચીન આ તીર્થમાં અનેક ચમત્કારિક બનાવો બનેલ છે. રતલામ કોટા રેલવેલાઈન ઉપર આવેલ શ્યામગઢથી આ તીર્થ બહુ જ નજીકના સ્થળે ૧૧ કિ.મી.ના અંતરે છે. શ્યામગઢથી પરાસલીનો રસ્તો કાચો છે. શ્યામગઢમાં ધર્મશાળા છે.

## ૧૮. શ્રી ભોપાવર તીર્થ


**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, શ્યામ વર્ણ, કાયોત્સર્ગ, ૧૨ ફૂટ ઊંચી.

**તીર્થસ્થળ :** શ્રી શાન્તિનાથ ભગવાનનાં પ્રતિમાજી અતિ સુંદર અને પ્રાચીન છે. પ્રાચીનતા લગભગ શ્રી નેમીનાથ ભગવાનના સમયની ગણાય છે. કાચ, સીપ, મીનાકારીનું ઘણું કામ આ મંદિરમાં થયેલું છે. ધાર ૩૫ કિ.મી., સરદારપુર ૫ કિ.મી., ઇન્દોર ૮૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા અને ભોજનશાળા છે.

## ૧૯. શ્રી મોહનખેડા તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** રાજગઢ ગામથી ૨ કિ.મી. દૂર એકાંતમાં વિશાળ કોટની અંદર એકંદરે શાંત અને સૌમ્ય સ્થળે છે. મેઘનગર ૬૪ કિ.મી. ધાર ૨૪ કિ.મી. તથા ઇન્દોર ૧૧૨ કિ.મી. છે. ધર્મશાળા તથા ભોજનાલય છે.




## મધ્યપ્રદેશમાં મહત્વપૂર્ણ દિગમ્બર જૈન તીર્થો છે.

દક્ષીણ M.P. માં બડવાની નજીક સાતપુડા પર્વતોમાં ચુલગીરી નજીક બાવનગજા તીર્થસ્થાને શ્રી આદિશ્વર ભગવાનના કાઉસ્સગ્ગ મુદ્રામાં ૮૪ ફૂટ ઊંચા પ્રતિમાજી છે. ઉત્તર M. P. માં ગ્વાલીયરમાં એક કીલ્લાની વાવમાં પદ્માસન મુદ્રામાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ૩૫ ફૂટ ઊંચા અને ૩૦ ફૂટ પહોળા વિશાળ પ્રતિમાજી છે. આ પ્રતિમાઓ ભારતવર્ષમાં હાલ સૌથી વિશાળ પ્રતિમાઓ હોવાની સંભવ છે. ગ્વાલિયરમાં ૧૫૦૦ પ્રતિમાઓનો સંગ્રહ છે.

સોનગીરી સ્થાને ૧૦૦ જેટલા, થુવોનજી તીર્થસ્થાને ૩૨, પપૌરાજી તીર્થસ્થાને ૧૦૨ દ્રોણગીરી સ્થાને ૨૭, ખજુરાહોમાં ૧૯ જેટલા જિનાલયો એતિહાસીક છે. ખજુરાહોનું સ્થાપત્ય, કલા વિશ્વવિખ્યાત છે. ઉજ્જૈન, ઇંદોર, માંડુ, નાગેશ્વર (રાજસ્થાન) જેવા પ્રાચિન તીર્થસ્થાનો છે. લલીતપુર-ઝાંસી (U.P.)માં દેવગઢ નજીક મહત્વના ૧૨ જૈન દિગમ્બર તીર્થસ્થાનો છે.

## ૨૦. શ્રી તાલનપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, પીરોજી વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ સ્થળ અતિ પ્રાચીન છે. અહીંની પ્રતિમાઓ જેવા રંગની મજબૂત પ્રતિમાઓનાં દર્શન દુર્લભ છે. અહીં બીજું એક શ્વેતાંબર અને એક દિગંબર મંદિર છે. ધર્મશાળા છે પણ ખાસ સગવડ નથી. કુક્ષી ગામે આવેલા આ સ્થળેથી મહુ ૧૬૦ કિ.મી. દૂર છે.

## ૨૧. શ્રી લક્ષ્મણી તીર્થ

**મૂળનાયક :** શ્રી પદ્મપ્રભુ ભગવાન, શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ ૨૦૦૦ વર્ષ પ્રાચીન હશે. મંદિરના અંદરના ભાગમાં ૧૩૧ કલાપૂર્ણ રંગબેરંગી પટ્ટોનાં દર્શન જરૂર કરવા જેવાં છે. નજીકનું મોટું ગામ અલીરાજપુર ૮ કિ.મી. દૂર છે. ખંડવા-વડોદરા માર્ગ ઉપર આ સ્થળ આવેલું છે. ધર્મશાળા અને ભોજનાલયની સગવડ છે.

## ૨૨. શ્રી બાવનગજાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીનાથ ભગવાન, ભૂરો વર્ણ, ૮૪' ઊંચા પ્રતિમાજી.

**તીર્થસ્થળ :** શ્રી આદિનાથ ભગવાનની આટલા ભવ્ય, ઉંચાં પ્રતિમાજીનાં દર્શન દુર્લભ છે. સાતપુડા પર્વતોમાંના ચુલગિરિ નામના પર્વત ઉપર આ પ્રતિમાજી સ્થાપિત છે. અહીં પર્વત ઉપર ૧૦ અને તળેટીમાં ૨૧ મંદિરો છે જ્યાં અનેક પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન થાય છે. નજીકનું ગામ બડવાની ૮ કિ.મી. છે જે ખંડવા-વડોદરા માર્ગ ઉપર આવેલું છે. તળેટીમાં રહેવાની સગવડ છે. આ અત્યંત રમણીય સ્થળ નર્મદા નદીને કિનારે આવેલ છે.

## ૨૩. શ્રી માંડવગઢ તીર્થ

**મૂળનાયક :** શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, શ્વેતવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** માંડુ નામના ગામે (માંડવગઢ), વિંધ્યાચલ પર્વતના એક ઊંચા શિખર પર આવેલા કોટની અંદર આ પ્રાચીન મંદિર આવેલું છે. એક માન્યતા અનુસાર માંડવગઢ એક સમૃદ્ધ જૈન નગરી હતી અને અહીં ૭૦૦ જૈન મંદિરો હતાં. આજે અહીં બે મંદિરો છે. ધાર ૩૩ કિ.મી. તથા ઇંદોર ૮૮ કિ.મી. છે. ધર્મશાળા તથા ભોજનાલયની સગવડ છે. માંડવગઢ ઉપર બીજી ઘણી કલાકૃતિઓના અવશેષો જોવા મળે છે.

## ૨૪. શ્રી સિદ્ધવરકુટજી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્યામ વર્ણ, કાયોત્સર્ગ.

**તીર્થસ્થળ :** નર્મદા નદીને કિનારે આવેલા ઓંકારેશ્વર ગામે આ મંદિર સાથે બીજાં દસ મંદિરો છે. ઓંકારેશ્વર ગામને માંધાતા પણ કહે છે. નર્મદા-કાવેરી સંગમ નજીકમાં જ છે. ખંડવા-ઈંદોર લાઇન ઉપર આવેલું મોરટક્કા

સ્ટેશન પર ઓંકારેશ્વર કહેવાય છે. સિદ્ધવરકુટ આવવા માટે ઓંકારેશ્વર આવી હોડી વાટે નદી પસાર કરવી પડે છે. અત્યંત રમણીય સ્થળ છે. ધર્મશાળાની સગવડ છે.

# મહારાષ્ટ્ર

## મુંબઈ

**તીર્થસ્થળ :** આ શહેરનાં વિવિધ પરાંઓમાં સુંદર મંદિરો દર્શનીય છે. સંખ્યા લગભગ ૧૨૫. આર્થિક દ્રષ્ટિએ ભારતનું પાટનગર મુંબઈ શહેર છે. આ શહેરનાં ઉત્થાનમાં જૈનોનો અમૂલ્ય ફાળો રહેલો છે. અનેક જિનાલયો, ઉપાશ્રયો, સ્થાનકો વગેરેથી ઊભરાતું મુંબઈ, જૈન સમાજ માટે એક મહત્ત્વનું કેન્દ્ર છે. પોતાનું વતન છોડી વ્યાપારધંધા અર્થે વસેલા લાખો જૈનો આ શહેરને પોતાનું વતન માની એની પ્રવૃતિ અને પ્રગતિમાં અનન્ય ફાળો આપી રહ્યા છે. મુંબઈના કેટલાય વિસ્તારોને જિનમંદિર, આચાર્ય ભગવંતો અને જૈન શ્રેષ્ઠીઓનાં નામ આપવામાં આવ્યાં છે.

અહીંનાં મુખ્ય જિનમંદિરોમાં પાયધુનીમાં, આચાર્ય વિજયવલ્લભ ચોક વિસ્તારનું શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલય, ભાયખલા સ્થિત શ્રી આદેશ્વર ભગવાનનું દેરાસર, બોરા બજાર-ફોર્ટ વિસ્તારનું શ્રી શાંતિનાથજી જિનાલય, ભાતબજાર નરશીનાથા સ્ટ્રીટમાં આવેલું શ્રી અનંતનાથજી જૈન દેરાસર વિ. અહીંનાં પ્રાચીન જિનાલયો છે. વાલકેશ્વર પર આવેલું શ્રી બાબુ અમીચંદ પન્નાલાલનું જૈન દેરાસર મહારાષ્ટ્રના પર્યટન વિભાગ દ્વારા મુંબઈના વિશિષ્ટ સ્થળોમાં આવરી લેવાયેલું છે. આ ઉપરાંત માટુંગા, દાદર, ઘાટકોપર, સાન્તાક્રુઝ, પાર્લા, ચેમ્બુર, વગેરે સ્થળોએ વિશાળ જિનાલયો મળીને લગભગ ૨૦૦ જેટલાં દેરાસર અહીં છે.

પાલિતાણા જેવાં તીર્થધામમાં જેમના નામની ટૂકો છે એવા શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયક, શેઠશ્રી મોતીશા જેવા મહાન શ્રેષ્ઠીઓની આ કર્મભૂમિ છે. આમ મુંબઈ જૈનો માટેનું સંસ્કારકેન્દ્ર છે.

## ૨. શ્રી અગાશી તીર્થ

**મૂળનાયક :** શ્રી મુનિસુવ્રત સ્વામી, નીલ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થની પ્રાચીનતાનો ઈતિહાસ શ્રી શ્રીપાળ રાજાની નવપદની આરાધના જોડે સંકળાયેલ છે. સોપારક શહેર પાછળથી નાલાસોપારા નામે પ્રખ્યાત થયું. શેઠ શ્રી મોતીશાનાં ફસાયેલાં વહાણો અહીં નિર્વિઘ્ને આ સ્થળેથી બચી જવાથી એમણે આ મંદિરનું નિર્માણ કરાવેલ છે. મુંબઈના વિરાર સ્ટેશનથી લગભગ ૯ કિ.મી.ના અંતરે છે. ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ છે.

## ૩. શ્રી કોંકણ-થાણા તીર્થ

**મૂળનાયક :** શ્રી મુનિસુવ્રત સ્વામીજી, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થનો ઈતિહાસ શ્રીપાળ-મયણાસુંદરી જોડે સંકળાયેલ છે. આ મંદિરમાં

શ્રીપાળરાજા, શ્રી વિક્રમાદિત્ય રાજા તથા શ્રી સંપ્રતિ રાજા વગેરેના જીવનના મહત્ત્વપૂર્ણ ઘટનાઓનાં પટસ્થાનો જોવાલાયક છે. બાજુમાં શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર છે. રહેવા ધર્મશાળા છે.

## ૪. શ્રી દહીગાંવ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** દહીગામે, પંઢરપુર નજીક આવેલું આ સ્થળ લગભગ ૧૫૦ વર્ષ પૌરાણિક છે. પંઢરપુર ૬૫, સતારા ૧૩૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે.

## ૫. શ્રી કુંભોજગિરિ તીર્થ

**મૂળનાયક :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** એક નાની ટેકરી ઉપર આવેલા આ તીર્થસ્થળની પ્રાચીનતાનો ખ્યાલ મળવો મુશ્કેલ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૯૨૬માં થયેલ છે. ભોજનાલય તથા ધર્મશાળાની સગવડ છે. કોલ્હાપુર-મીરજ લાઈન ઉપર હાથકલંગડી ગામથી ૮ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૬. શ્રી બાહુબલી તીર્થ

**મૂળનાયક :** બાહુબલી ભગવાન, કાયોત્સર્ગ, લગભગ ૨૭ ફૂટ.

**તીર્થસ્થળ :** હાથકલંગડી નજીક આવેલું આ રમણીય સ્થળ છે. ભોજનાલય તથા ધર્મશાળાની સગવડો છે.

## ૭. શ્રી ભદ્રાવતી તીર્થ

(ભાંડકજી)

**મૂળનાયક :** સ્વપ્નદેવ શ્રી કેશરિયા પાર્શ્વનાથજી, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.


**તીર્થસ્થળ :** આ એક અતિ પ્રાચીન જૈન તીર્થ છે. સરકાર દ્વારા રક્ષિત પુરાતત્વ સ્મારક તરીકે જાહેર કરાયેલ છે. લગભગ ૮૦ વર્ષ પહેલાં શ્રી અંતરિક્ષ તીર્થના મૅનેજર ભાઈને સ્વપ્નમાં આ તીર્થનો ખ્યાલ આવી, શોધ કરતાં આ તીર્થસ્થાન મળી આવેલ છે. ઘણી જ રમણીય જગ્યા છે. આ તીર્થસ્થાને એક ચતુર્મુખ પ્રતિમાજી અત્યંત પ્રાચીન અને વિશિષ્ટ પ્રકારની શૈલીનાં છે. નજીકમાં બીજાં બે મંદિરો છે. આ તીર્થ ભાંડક ગામ નજીક અને ચન્દ્રપુરી-ચાંદા ગામથી ૩૨ કિ.મી.ના અંતરે છે. ભોજનશાળા તથા ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૮. શ્રી રામટેક તીર્થ

**મૂળનાયક :** શ્રી શાન્તિનાથ ભગવાન, સોનેરી વર્ણ, લગભગ ૧૪ ફૂટ.

**તીર્થસ્થળ :** આ સ્થળ રામટેક ઉપરાંત અતિશય ક્ષેત્ર, રામગિરિ વગેરે નામોથી પણ પ્રસિદ્ધ છે. અહીંનો ઈતિહાસ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના સમય જોડે સંકળાયેલ છે. આ ઉપરાંત અહી બીજાં આઠ મંદિરો છે. વિશાળ

# "મહારાષ્ટ્ર"



N
વડોદરા તરફ
ભરૂચ
અંકલેશ્વર
વડોદરાથી ગોધરા થઈ દાહોદ
લક્ષ્મણી
બાવનગજા
2.10/225
ઝુલવાનીયા
ખરગોન
ખંડવા
NH8
સુરત
62
વ્યારા
109
સાકરી
53
માંગીતુંગી
તાહરાબાદ
નવસારી
NH3
130
93
NH6
જલગાંવ
180
ધુલે
માલેગાંવ
135
157
બુલઢાણા
અજંટા
ખામગાંવ
NH6
90
અમરાવતી
આકોલા
50
તલેગાંવ
NH6
100
43
67
નાગપુર
ભંડારા
રાયપુર તરફ
રામટેક
જબલપુર (M.P.) તરફ
NH7
77
77
વર્ધા
યવતમાલ
67
50
ભદ્રાવતી
32
ચન્દ્રનગર (ચન્દ્રપુર)
M.P.
NH7
વલસાડ
ગજપંથા
ચાંદવડ
નાસીક
ત્ર્યંબક
દેવલાલી
શીરડી
દૌલતાબાદ
ઇલોરા
110
ઔરંગાબાદ
70
માલેગાંવ
અંતરીક્ષ પાર્શ્વનાથ
વાસીમ (શીરપુર)
110
224
NH3
વજ્રેશ્વરી
અગાશી
વિરાર
વસઈ
થાણા
મુંબઈ
209
112
85
200
પરભણી
62
નાંદેડ
માથેરાન
પનવેલ
લોનાવલા
અહમદનગર
118
270
પુના
બીદર
નીઝામાબાદ
NH17
NH4
NH9
પંચગીની
મહાબળેશ્વર
106
242
દહીગાંવ
64
ઉસ્માનાબાદ
40
સતારા
પંઢરપુર
સોલાપુર
NH9
303
NH9
NH7
NH7
119
કુંભોજગીરી
સાંગલી
મીરજ
બાહુબલિ
125
રત્નાગીરી
કોલ્હાપુર
NH13
ગુલબર્ગા
બીજાપુર
હૈદ્રાબાદ
NH9
NH7
વિજયવાડા તરફ
બેંગલોર તરફ
NH17
NH4
NH13
આંબોલી
બેલગામ
ચિત્રદુર્ગ થઈ બેંગલોર તરફ
ગોવા તરફ
NH4A ગોવા તરફ
NH4 બેંગલોર તરફ (ચિત્રદુર્ગ થઈને)
મુંબઈથી Km.
નાસિક - 184
પુના - 180
ધુલે - 340
જલગાંવ - 433
ઔરંગાબાદ - 385
આકોલા - 612
નાગપુર - 860
મહાબળેશ્વર 250
માથેરાન 105
કોલ્હાપુર 395
પંઢરપુર 375
રત્નાગીરી 360
સતારા 275
સોલાપુર 411
૧. રામટેક - નાગપુર નજીક
૨. ભદ્રાવતી - ચન્દ્રપુર 32
૩. અંતરીક્ષ પાર્શ્વનાથ - આકોલા 70
૪. ગજપંથા - નાસીક 7 રોડ 20
૫. દહીગાંવ - પંઢરપુર 64
૬. બાહુબલિ - કોલ્હાપુર 32
૭. કુંભોજગીરી - કોલ્હાપુર 40
૮. અગાશી - વીરાર - વસઈ નજીક
૯. થાણા - મુંબઈ 40
૧૦. મુંબઈના પરા.
નાગપુર - હૈદ્રાબાદ 491
DWOS
APXKM
2-87.

ધર્મશાળા છે. નાગપુરથી લગભગ ૫૦ કિ.મી.ના અંતર રામટેક રેલવે સ્ટેશન આવેલ છે.

## ૯. શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થ

**મૂળનાયક :** શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્વેતાંબર માન્યતા પ્રમાણે આ પ્રતિમાજી શ્રી રાવણ રાજાના બનેવી શ્રી રાજા ખરદુષણ દ્વારા નિર્મિત છે. એમને પૂજાભક્તિ પછી ભોજન લેવાનો નિયમ હતો. સરતચૂકથી એક વિહાર દરમ્યાન પૂજા માટે પ્રતિમાજી લેવાનું ભુલાઈ જવાથી પૂજા નિમિત્તે રેતી અને ગોબરથી આ પ્રતિમાજી બનાવેલ હતાં. પાછા ફરતી વખતે નજીકના જલકુંડમાં આ પ્રતિમાજી વિસર્જિત કરેલ. વિ. સં. ૧૧૪૨માં પ્રગટ થયા પછી, આ પ્રતિમાજી સ્થાનથી અધ્ધર રહેતાં હતાં અને હજી પણ એ સ્થિતિમાં છે. શીરપુર ગામે આ સ્થળ આવેલ છે. નજીકનું ગામ વાસિમ છે. આકોલાથી ૭૨ કિ.મી.ના અંતરે છે. ભોજનશાળા અને ધર્મશાળાની સગવડો છે.

## ૧૦. શ્રી ગજપંથા તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** નાસિક શહેર નજીક લગભગ ૭ કિ.મી.ના અંતરે મસરૂલ ગામની એક ટેકરી ઉપર આ એક પ્રાચીન તીર્થ આવેલ છે. તળેટીથી મંદિર સુધી લગભગ દોઢ કિ.મી.નું ચઢાણ છે.

## ૧૧. શ્રી માંગીતુંગી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ઉત્તર મહારાષ્ટ્રમાં તાહરાબાદ નામના ગામથી ૧૦ કિ.મી. દૂર ગાલના નામના એક ઊંચા પહાડ ઉપર આ તીર્થ આવેલ છે. ઉપર જવા લગભગ ૩૫૦૦ પગથિયાં ચઢવાં પડે છે. પહાડનાં બે શિખરો માંગી અને તુંગી નામે પ્રસિદ્ધ છે. અહીં અતિ પ્રાચીન ઐતિહાસિક કલાકૃતિઓ જોવા મળે છે. શ્રી રામચન્દ્રજી, શ્રી હનુમાનજી, શ્રી કૃષ્ણજી આ જગ્યાએથી નિર્વાણ પામેલ છે. અતિ પ્રાચીન, મહત્ત્વનું સ્થળ છે. નજીકમાં જ ધર્મશાળાની સગવડ છે. પહાડ માટે ડોળી મળી રહે છે. મનમાડ લગભગ ૧૦૦ કિ.મી. તથા નવાપુર લગભગ ૮૦ કિ.મી.ના અંતરે છે.

# આંધ્ર પ્રદેશ

## ૧. શ્રી કુલપાકજી તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, નીલ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ પ્રતિમાજી માણિક્યસ્વામીના નામથી પ્રચલિત છે. આ પ્રતિમાજી શ્રી આદીશ્વર ભગવાનના જ્યેષ્ઠ પુત્ર શ્રી ભરત ચક્રવર્તી દ્વારા શ્રી અષ્ટાપદગિરિ ઉપર પ્રતિષ્ઠિત થયેલ હોવાનું માનવામાં આવે છે. આ પ્રતિમાજી એમણે પોતાની વીંટીના નીલ માણેકમાંથી નિર્મિત કરાવેલ હતાં. આ પ્રતિમાજી રાજા રાવણ દ્વારા પુજાયા બાદ અહીંના રાજા શંકરને પ્રાપ્ત થયાં હતાં. અહીં શ્રી મહાવીર સ્વામીની પીરોજી (લીલા-બ્લૂ) જેવા વર્ણની હસમુખી અદ્વિતીય પ્રતિમાજી ઉપરાંત બીજી પંદરેક જેટલી અતિ પ્રાચીન પ્રતિમાઓ છે. ધર્મશાળા ઉપરાંત ભોજનશાળાની વ્યવસ્થા છે. આલોર ગામથી ૭ કિ.મી.ના અંતરે હૈદ્રાબાદ નજીક છે.

## ૨. શ્રી ગુડીવાડા તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ગુડીવાડાથી ૨ કિ.મી.ના અંતરે આવેલું આ તીર્થ લગભગ ૧૨૦૦ વર્ષ પ્રાચીન છે. કલાસૌંદર્ય નિરાળા પ્રકારનું છે. ધર્મશાળા છે. વિજયવાડા, મસુલીપટ્ટનમ માર્ગમાં આવેલ છે.

## ૩. શ્રી પેદાઅરિઅમ તીર્થ

**મૂળનાયક :** શ્રી વિમલનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભીમાવરમ ટાઉનથી નજીક આવેલા આ સ્થળના પ્રતિમાજી હજારેક વર્ષ પ્રાચીન છે. લગભગ ૬૫ વર્ષ પહેલાં આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં બાદ હાલના મંદિરનું નિર્માણ થયેલ છે. ભોજનશાળા અને ધર્મશાળાની સગવડ છે.

## ૪. શ્રી અમરાવતી તીર્થ

**મૂળનાયક :** શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ.

**તીર્થસ્થળ :** કૃષ્ણા નદીના કિનારે રમણીય સ્થળે આવેલ આ તીર્થ લગભગ હજારેક વર્ષ પ્રાચીન હશે. નજીકનું મોટું શહેર ગુન્ટૂર ૨૫ કિ.મી. છે. ભોજનશાળા તથા ધર્મશાળાની વ્યવસ્થા છે.

# કર્ણાટક

## ૧. શ્રી હુમ્બજ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થાન :** અહીંના મઠમાં નવરત્નોની પ્રતિમાઓ જોવાલાયક છે. આ સ્થળ શ્રી પદ્માવતી દેવીનું મુખ્ય સ્થાન ગણાય છે. તીર્થહલ્લી અને અરસાલુ ૨૫ તથા ૨૯ કિ.મી.ના અંતરે છે. ભોજનશાળા અને ધર્મશાળાની સગવડો છે. આ સ્થળ શિમોગાથી મેંગલોર જતા માર્ગ ઉપર આવેલ છે.

## ૨. શ્રી વારંગ તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, કાયોત્સર્ગ મુદ્રા.

**તીર્થસ્થળ :** વનથી છવાયેલા, પહાડની તળેટીમાં સરોવરકિનારે અત્યંત રમણીય સ્થળે આવેલ આ તીર્થની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે. ખાસ કોઈ સગવડો નથી. કારકલથી ૧૬, મેંગલોરથી ૭૦ કિ.મી.ના અંતરે છે. આ સ્થળ શિમોગા-મેંગલોરના માર્ગે આવેલ છે. એકાંતમાં બહુ જ નિરાળા પ્રકારનું અત્યંત રમણીય સ્થળ છે.

## ૩. શ્રી કારકલ તીર્થ

**મૂળનાયક :** શ્રી નેમિનાથ ભગવાન, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** અહીંની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે. પાંચસો વર્ષ જૂના ઉલ્લેખો મળે છે. બીજાં આઠ મંદિરો ઉપરાંત બાહુબલીજીના પ્રતિમાજી તથા માનસ્થંભ જોવાલાયક છે. કારકલથી મેંગલોર ૫૧ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૪. શ્રી મુડિબદ્રી તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, કાયોત્સર્ગ, લગભગ ૧૪ ફૂટ.

**તીર્થસ્થળ :** આ તીર્થસ્થાન અતિ પ્રાચીન છે. એનો ઈતિહાસ શ્રી ભદ્રબાહુ સ્વામી તથા ચંદ્રગુપ્ત મૌર્ય જોડે સંકળાયેલ છે. આ પ્રતિમાજીનો ચમકતો પાષાણ ઉપરાંત અનેક મંદિરો, પ્રતિમાજીઓ જોવાલાયક છે. મેંગલોરથી ૩૫ કિ.મી.ના અંતરે આવેલ આ સ્થળે ધર્મશાળાની વ્યવસ્થા છે.

## ૫. શ્રી ધર્મસ્થળ તીર્થ


**મૂળનાયક :** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, લાલ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લભગભ હજાર વર્ષ પ્રાચીન તીર્થ છે. સર્વધર્મસમન્વયનું કેન્દ્ર છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર વ્યવસ્થા છે.

## ૬. શ્રી શ્રવણ બેલગોડા તીર્થ

**મૂળનાયક :** શ્રી બાહુબલી ભગવાન, કાયોત્સર્ગ, લગભગ ૫૬ ફૂટ.

**તીર્થસ્થળ :** હજાર વર્ષ પ્રાચીન આ તીર્થ આખા ભારતમાં પ્રસિદ્ધ છે. ધર્મશાળાની સારી સગવડો છે. બેંગલોર ૧૭૦ કિ.મી. મૈસુર ૧૩૦ કિ.મી.ના અંતરે છે. હસન ગામ પણ નજીક છે. જરૂર જોવા જેવું સ્થળ છે. શ્રી બાહુબલીજી શ્રી આદીશ્વર ભગવાનના પુત્ર અને શ્રી ભરત ચક્રવર્તીના ભાઈ હતા.


-: આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ :-
N
નાગપુર તરફ
નીઝામાબાદ
(હૈદ્રાબાદ-150)
સોલાપુર તરફ
હૈદ્રાબાદ
હૈદ્રાબાદથી વિજયવાડા 271
NH7
NH9
મહેબુબનગર
હૈદ્રાબાદ-બેંગલોર 570
કુરનુલ
ગુંટકલ ગુટ્ટી
અનંતપુર
વિજયવાડા
ગુડીવાડા
ગુંટુર
મછલીપટ્ટનમ
NH5
હૈદ્રાબાદ-મદ્રાસ 704
કાવલી
નેલોર
બેલગામ - બીજાપુર તરફ
ચીત્રદુર્ગ
શીમોગા
હૈદ્રાબાદથી તીરૂપતીજી 665
રાજમપેટ
તીરૂપતી
બેંગલોર
ચીતુર
મદ્રાસ
વેલોર
કાંચીપુરમ
મેંગલોર
મૈસુર
મૈસુર - શ્રવણબેલગોડા 110/120
મદ્રાસ-બેંગલોર 350
મદ્રાસ-મૈસુર 484
વિજયમંગલમ
પોન્ડીચેરી
કડલોર
કોચીન
તંજાવુર
મન્નારગુડી
પદુકોટ્ટાઈ
મદુરાઈ
ત્રીવેન્દ્રમ
કન્યાકુમારી

# તામિલનાડુ

## ૧. શ્રી જિનગિરિ તીર્થ

**મૂળનાયક:** શ્રી પાર્શ્વનાથ ભગવાન, ખડગાસન મુદ્રામાં.

**તીર્થસ્થળ:** અહીંની પ્રાચીનતા ૧૪૦૦ થી ૧૭૦૦ વર્ષ પહેલાંની ગણાય છે. અહીં ઘણી જ ગુફાઓ છે. ઉલુન્દુરપેટથી ૨૫ કિ.મી.ના અંતરે છે.

## ૨. શ્રી વિજયમંગલમ્ તીર્થ

**મૂળનાયક:** શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** અમનેશ્વર નામે પ્રખ્યાત આ સ્થળે આદિનાથ ભગવાન, અંબિકાદેવી, તથા છતમાં ચોવીસ તીર્થંકરોનાં પ્રતિમાજી દર્શનીય છે. ઈરોડથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ આ સુંદર સ્થળે બીજી સગવડો નથી.

## ૩. શ્રી પૌનુરમલે તીર્થ

**મૂળનાયક:** શ્રી મહાવીર ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** આ તીર્થસ્થાન આચાર્ય શ્રી કુન્દકુન્દાચાર્યજીની તપોભૂમિ છે. દિણીવનમથી ૪૦ કિ.મી.ના અંતરે, વન્દવાસીથી ૧૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળાની સગવડ છે.

## ૪. શ્રી મુનિગિરિ તીર્થ

**મૂળનાયક:** શ્રી કુંથુનાથ ભગવાન, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ:** ચોલ રાજવંશીઓ જોડે સત્તરસો વર્ષ જૂનો ઈતિહાસ સંકળાયેલ છે. શ્રી અંબિકાદેવીનું મંદિર પણ સાથે છે. એક સુંદર પ્રાચીન ગ્રંથાલય ઉપરાંત ત્રણ મંદિરો છે. કાંચીપુરમથી ૧૫ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા છે.

## ૫. શ્રી તિરૂમલે તીર્થ

**મૂળનાયક:** શ્રી નેમિનાથ ભગવાન, શ્યામ વર્ણ, કાયોત્સર્ગ, ૧૬ ફૂટ.

**તીર્થસ્થળ:** પાંડવો નિર્મિત આ પ્રતિમાજી શ્રી નેમિનાથ ભગવાનના સમયનાં એટલે બહુ જ પ્રાચીન છે. આ ઉપરાંત અહીં બીજાં પણ મંદિરો છે. આ મંદિર નાના પહાડ ઉપર છે. રહેવાની સગવડ નથી. આરણીપોલૂર માર્ગમાં વડમાદિમંગલમ સ્ટેશનથી ૫ કિ.મી.ના અંતરે છે.

## ૬. શ્રી જિનકાંચી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** લગભગ ૧૩૦૦ વર્ષ પ્રાચીન, આ તીર્થ અનેક આચાર્યોની તપોભૂમિ છે. આ મંદિર ભારત સરકાર દ્વારા પુરાતત્ત્વ સ્મારક તરીકે રક્ષિત છે. રહેવા માટે સગવડ નથી. કાંચીપુરમથી ૧૮ કિ.મી. અને મદ્રાસથી ૭૦ કિ.મી.ના અંતરે જૈન કાંચીપુરમ તરીકે ઓળખાય છે.

## ૭. શ્રી મનારગુડી તીર્થ

**મૂળનાયક :** શ્રી મલ્લિનાથ ભગવાન, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ મંદિર લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન છે. આ મંદિરમાં શ્રી સરસ્વતી, શ્રી પદ્માવતી, શ્રી ધર્મદેવી, શ્રી જ્વાલામાલિની આદિ દેવીઓની પ્રાચીન પ્રતિમાઓ છે. રહેવાની સગવડ નથી. તાંજોર ૩૪, કુંભકોણમ ૩૪ કિ.મી.ના અંતરે છે. હરિદ્રાનદી ગામ, મન્નારગુડી, નિડામંગલમથી ૫ કિ.મી.ના અંતરે છે.

## ૮. શ્રી પુડલ તીર્થ

**મૂળનાયક :** શ્રી આદીશ્વર ભગવાન, શ્યામ વર્ણ, અર્ધપદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ તીર્થ લગભગ ૨૫૦૦ વર્ષ પ્રાચીન હોવાનો ઈતિહાસ છે. અહીં શ્રી પદ્માવતી દેવીનાં પ્રાચીન પ્રતિમાજી દર્શનીય છે જેમાં અદ્વિતીય કલાનું દર્શન થાય છે. મદ્રાસથી ૧૫ કિ.મી.ના અંતરે રેડ હિલ્સ વિસ્તારમાં આ મંદિર આવેલ છે.

# નજીક-નજીકનાં સ્થળોની યાદી

## રાજસ્થાન

દક્ષિણ રાજસ્થાન: ડુંગરપુર, વટપદ્ર, કેશરિયાજી, જયસમંદ, નાગેશ્વર (પૂર્વ દક્ષિણ).

ઉદેપુર નજીક: કેશરિયાજી, કરેડા, ચિતોડગઢ, આયડ, નાગહદ, જૂના દેલવાડા, રાજનગર, નાથદ્વારા, રાણકપુર વગેરે.

જોધપુર નજીક: ગંગાણી, ઓસીયા, કાપરડાજી વગેરે.

રાણકપુર નજીક: સાદડી, બાલી, ફાલના, મુછાળા મહાવીર, નાંડલાઈ, નાંડોલ, વરકાણા, સેવાડી, રાતા મહાવીર.

જાલોર નજીક: નાકોડાજી, સાંડેરાવ, તખતગઢ, શિરોહી.

શિરોહી નજીક: જાલોર, મીરપુર, પીન્ડવાડા, બ્રાહ્મણવાડા, નાન્દિયા વગેરે.

આબુ રોડ નજીક: માઉન્ટ આબુ દેલવાડા, અચલગઢ, ઓર, કીંવરલી, ઉથમન, મુંડસ્થલ, કાસીન્દ્રા, દેરણા, જીરાવલ્લા, રેવદર, મંડાર વગેરે.

જેસલમેર નજીક: લોદ્રવા, બ્રહ્મસર, અમરસાગર વગેરે.

## ગુજરાત:

ઉત્તર ગુજરાત : (બનાસકાંઠા જિલ્લો): રાધનપુર, થરાદ, ઢીમા, વાવ, ડીસા, ભીલડિયા, ભોરોલ વગેરે.

ઉત્તર ગુજરાત: પાલનપુર, સિદ્ધપુર પાટણ, મેત્રાણા, પાટણ, ચારૂપ, તારંગાજી વગેરે.

ઉત્તર ગુજરાત: (ખેડબ્રહ્મા જિલ્લો) કુંભારિયાજી, અંબાજી, તારંગા, ખેડબ્રહ્મા, પોસીના, ઈડર વગેરે.

મધ્ય ગુજરાત: મહેસાણા, ચાણસ્મા, કંબોઈ, મુજપુર, શંખેશ્વર, માંડલ, ઉપરિયાળાજી, મોઢેરા, ગાંભુ, શેરિસા, અમદાવાદ (કર્ણાવતી), માતર (ખેડા), ધોળકા (કલીકુંડ), વામજ, પાનસર, ભોંયણી, મહુડી, વીજાપુર, આગલોડ, ટીંટોઈ વગેરે.

પૂર્વ ગુજરાત: ડભોઈ (દર્ભાવતી), પાવાગઢ, બોડેલી, પારોલી, જગડિયાજી,વગેરે.

પશ્ચિમ ગુજરાત કચ્છ: ભદ્રેશ્વર, મુંદ્રા, વાંકી માંડવી, માંડવી આશ્રમ, બહુંતેર જિનાલય કોડાય, બિદડા, નાનીખાખર, મોટીખાખર, ભુજપુર, સાંધણ, લાયજા, સુથરી, નલિયા, કોઠારા, જખૌ, તેરા, માતાનો મઢ, નારાયણ-કોટેશ્વર, ભૂજ, ભચાઉ, લાકડિયા, કટારિયા, ગેડી, લોદ્રાણી વગેરે રાપર તથા અન્ય ઘણાં જ જિનાલયો.

પશ્ચિમ ગુજરાત સૌરાષ્ટ્ર: શ્રી શેત્રુંજય, કદમ્બગિરિ, હસ્તગિરિ, સોનગઢ, ઘોઘા, ડેમ, તળાજા, મહુવા, દાંઠા, ઉના, અજાહરા, દેલવાડા દીવ, ચન્દ્રપ્રભાસ પાટણ, વંથલી, શ્રી ગિરનાર, લીંબડી, શિયાણી વગેરે. ઉપરાંત સોમનાથ, તુલસીશ્યામ, નળસરોવર, ચોરવાડ, દ્વારકા વગેરે.

દક્ષિણ ગુજરાત: ભરૂચ-ઝઘડિયા, શુક્લતીર્થ, કાવી, ગાંધાર, વણછરા, વડોદરા, પાવાગઢ વગેરે.

# ગુજરાત રાજ્યનાં સ્થળોનાં અંતર (કિ.મી.)

**વડોદરાથી**
અમદાવાદ ૧૨૦
શંખેશ્વર ૨૪૦
પાલીતાણા ૨૯૦ (વાયા તારાપુર)
ભૂજ ૪૬૦ (વાયા તારાપુર)
વિરમગામ ૧૮૫
સુરત ૧૭૦
ભદ્રેશ્વર ૪૦૦ (વાયા તારાપુર)

**પાલીતાણાથી**
અમદાવાદ ૨૨૫
વડોદરા ૨૯૦
શંખેશ્વર ૨૮૦
જૂનાગઢ ૨૪૦ (વાયા ગોંડલ)
જૂનાગઢ ૩૫૦ (વાયા સોમનાથ)
ભદ્રેશ્વર ૪૪૦

**શંખેશ્વરથી**
અમદાવાદ ૧૨૦
વિરમગામ ૭૦
પાલીતાણા ૨૮૦
ભૂજ ૨૬૦
જૂનાગઢ ૩૪૨
પાલનપુર ૧૨૦
સુરેન્દ્રનગર ૧૧૬
વડોદરા ૨૪૦

**અમદાબાદ-માઉન્ટ આબુ**
**૨૨૧**
(વાયા મહેસાણા)
અમદાવાદ-કલોલ ૨૯
કલોલ-મહેસાણા ૪૦
મહેસાણા-ઊંઝા ૨૯
ઊંઝા-સિદ્ધપુર ૧૪
સિદ્ધપુર-પાલનપુર ૩૦
પાલનપુર-બાલારામ ૧૫
બાલારામ-આબુ રોડ ૩૬
આબુ રોડ-માઉન્ટ આબુ ૨૮

**અમદાવાદ-માઉન્ટ આબુ**
**૨૨૭**
(વાયા અંબાજી)
અમદાવાદ-પ્રાંતિજ ૫૮
પ્રાંતિજ-હિંમતનગર ૨૩
હિંમતનગર-ઈડર ૨૪
ઈડર-ખેડબ્રહ્મા ૨૪
ખેડબ્રહ્મા-અંબાજી ૪૯
અંબાજી-આબુ રોડ ૨૧
આબુ રોડ-મા. આબુ ૨૮

**અમદાવાદ-ઉદેપુર**
**૨૫૫**
(વાયા કેશરિયાજી)
અમદાવાદ-હિંમતનગર ૭૯
હિંમતનગર-શામળાજી ૪૬
શામળાજી-રતનપુર ૧૦
રતનપુર-ખેરવાડા ૩૭
ખેરવાડા-કેશરિયાજી ૧૫
કેશરિયાજી-ઉદેપુર ૬૫
(રીખભદેવ)

**અમદાવાદ-પાલીતાણા**
**૨૧૮/૨૨૫**
અમદાવાદ-સરખેજ ૧૨
સરખેજ-બાવળા ૨૩
બાવળા-બગોદરા ૨૮
બગોદરા-ધંધુકા ૪૩
ધંધુકા-બરવાળા ૨૯
બરવાળા-વલ્લભીપુર ૩૧
વલ્લભીપુર-શિહોર ૨૧
શિહોર-સોનગઢ ૮
સોનગઢ-પાલીતાણા ૨૩

**અમદાવાદ-શંખેશ્વર**
**૧૨૦**
અમદાવાદ-વિરમગામ ૬૨
વિરમગામ-માંડલ ૨૪
માંડલ-દસાડા ૧૦
દસાડા-શંખેશ્વર ૨૩
**અમદાવાદ-તારંગા ૧૪૦**
અમદાવાદ-મહેસાણા ૭૮
મહેસાણા-વિસનગર ૨૦
વિસનગર-ખેરાલુ ૨૭
ખેરાલુ-તારંગા ૧૫

**તારંગા-માઉન્ટ આબુ**
**૧૦૧**
તારંગા-દાંતા ૩૦
દાંતા-અંબાજી ૨૨
અંબાજી-આબુ રોડ ૨૧
આબુ રોડ-મા. આબુ ૨૮
**કચ્છ જિલ્લાનાં તીર્થો**
ગાંધીધામ-ભદ્રેશ્વર ૩૫
ભદ્રેશ્વર-છસરા ૧૦
છસરા-ગુંદાલા ૭
ગુંદાલા-મુન્દ્રા ૧૦

મુન્દ્રા-ભૂજપુર ૧૭
ભૂજપુર-મોટી ખાખર ૧૦
મોટી ખાખર-નાની ખાખર ૬
નાની ખાખર-બીદડા ૭
બીદડા-કોડાય ૬
કોડાય-માંડવી આશ્રમ ૫
માંડવી આશ્રમ-માંડવી ૩
માંડવી-લાયજા ૨૦
લાયજા-ડુમરા ૨૨
ડુમરા-સાંધણ ૧૬
સાંધણ-સુથરી ૧૦
સુથરી-કોઠારા ૧૩
કોઠારા-જખૌ ૩૧
જખૌ-નલિયા ૧૩
નલિયા-તેરા ૧૩
તેરા-ભૂજ ૮૦
ભૂજ-ગાંધીધામ ૬૫

પાલીતાણા-ગિરનાર ૩૪૩
(વાયા સોમનાથ)
પાલીતાણા-શેત્રુંજય ડેમ ૧૦
ડેમ-તળાજા ૨૩
(વચ્ચે દાંઠા ૧૬)
તળાજા-મહુવા ૪૩
મહુવા-ઉના ૯૨
(વચ્ચે અજાહરા ૭)
ઉના-કોડીનાર ૩૭
કોડીનાર-સોમનાથ ૪૨
સોમનાથ-વેરાવલ ૬
વેરાવલ-ચોરવાડ ૨૦
ચોરવાડ-કેશોદ ૨૪
કેશોદ-વંથલી ૨૪
વંથલી-જૂનાગઢ ૧૭
જૂનાગઢ-ગિરનાર ૫

## રાજસ્થાનનાં સ્થળોનાં અંતર (કિ.મી.)

| | | |
|---|---|---|
| (૧) | **જેસલમેર-જયપુર = ૬૦૭** | |
| | જેસલમેર-જોધપુર | ૨૭૫ |
| | જોધપુર-અજમેર | ૨૦૧ |
| | અજમેર-જયપુર | ૧૩૧ |
| (૨) | **જેસલમેર-બારમેર = ૧૫૭** | |
| | જેસલમેર-દેવીકોટ | ૩૯ |
| | દેવીકોટ-શિવ | ૬૩ |
| | શિવ-બારમેર | ૫૫ |
| (૩) | **જેસલમેર-માઉન્ટ આબુ = ૫૫૦** | |
| | જેસલમેર-જોધપુર | ૨૭૫ |
| | જોધપુર-પાલી | ૬૩ |
| | પાલી-શિરોહી | ૧૧૧ |
| | શિરોહી-માઉન્ટ આબુ | ૧૦૧ |
| (૪) | **જેસલમેર-નાગોર = ૩૧૧** | |
| | જેસલમેર-પોખરાન | ૧૦૯ |
| | પોખરાન-ફલોદી | ૫૭ |
| | ફલોદી-પાંચોરી | ૯૦ |
| | પાંચોરી-નાગોર | ૫૫ |
| (૫) | **જેસલમેર-જોધપુર = ૨૭૫** | |
| | જેસલમેર-પોખરાન | ૧૦૯ |
| | પોખરાન-ફલોદી | ૫૭ |
| | ફલોદી-જોધપુર | ૧૦૯ |
| (૬) | **ઉદેપુર-અમદાવાદ = ૨૫૮** | |
| | ઉદેપુર-ટીડી | ૩૨ |
| | ટીડી-પ્રસાદ | ૧૭ |
| | પ્રસાદ-કેશરિયાજી | ૧૬ |
| | કેશરિયાજી-ખેરવાડા | ૧૫ |
| | ખેરવાડા-બીછીવાડા | ૨૫ |
| | બીછીવાડા-રતનપુર | ૧૨ |
| | રતનપુર-શામળાજી | ૧૦ |
| | શામળાજી-મોડાસા | ૨૮ |
| | મોડાસા-ધનસુરા | ૧૮ |

| | |
|---|---|
| ધનસુરા-કપડવંજ | ૪૫ |
| કપડવંજ-અમદાવાદ | ૪૦ |

**(૭) ઉદેપુર-અમદાવાદ = ૨૫૩**

| | |
|---|---|
| ઉદેપુર-શામળાજી | ૧૨૮ |
| શામળાજી-હિંમતનગર | ૪૬ |
| હિંમતનગર-અમદાવાદ | ૭૯ |

**(૮) ઉદેપુર-વડોદરા = ૩૧૨**

| | |
|---|---|
| ઉદેપુર-મોડાસા | ૧૫૫ |
| મોડાસા-કપડવંજ | ૬૩ |
| કપડવંજ-નડિયાદ | ૪૬ |
| નડિયાદ-વડોદરા | ૫૧ |
| ઉદેપુર-ઇંદોર (વાયા બાંસવાડા) | ૩૭૫ |
| ઉદેપુર-ઇંદોર (વાયા ચિતોડગઢ) | ૪૪૨ |

**(૯) ઉદેપુર-રાણકપુર** (વાયા હલદીઘાટી) ૯૦

| | |
|---|---|
| ઉદેપુર-ઈશ્વાલ | ૧૯ |
| ઈશ્વાલ-ગોગુંડા | ૧૭ |
| ગોગુંડા-સાયરા | ૩૫ |
| સાયરા-રાણકપુર | ૧૯ |

**(૧૦) ઉદેપુર-રાણકપુર** (વાયા કાંકરોલી) =૧૫૨

| | |
|---|---|
| ઉદેપુર-એકલિંગજી | ૨૫ |
| એકલિંગજી-નાથદ્વારા | ૨૫ |
| નાથદ્વારા-કાંકરોલી | ૧૬ |
| કાંકરોલી-ગોમતીચોક | ૩૦ |
| ગોમતીચોક-ચારભુજાજી | ૧૧ |
| ચારભુજાજી-દેસુરી | ૧૮ |
| દેસુરી-સાદડી | ૧૭ |
| સાદડી-રાણકપુર | ૧૦ |

**(૧૧) ઉદેપુર-માઉન્ટ આબુ = ૧૮૨**
(વાયા પીન્ડવારા)

| | |
|---|---|
| ઉદેપુર-ઈશ્વાલ | ૧૯ |
| ઈશ્વાલ-ગોગુંડા | ૧૭ |
| ગોગુંડા-જશવંતગ્રહ | ૧૫ |
| જશવંતગ્રહ-પીંડવાડા | ૮૦ |
| પીંડવાડા-માઉન્ટ આબુ | ૫૧ |

**(૧૨) ઉદેપુર-માઉન્ટ આબુ = ૩૦૦**
(વાયા કાંકરોલી-સાદડી-શીરોહી)

| | |
|---|---|
| ઉદેપુર-એકલિંગજી | ૨૫ |
| એકલિંગજી-નાથદ્વારા | ૨૫ |
| નાથદ્વારા-કાંકરોલી | ૧૭ |
| કાંકરોલી-સાદડી | ૭૦ |
| સાદડી-રાણકપુર | ૧૦ |
| રાણકપુર-સાદડી | ૧૦ |
| સાદડી-બાલી | ૧૨ |
| બાલી-ફાલના | ૧૦ |
| ફાલના-સાંડેરાવ | ૧૨ |
| સાંડેરાવ-સુમેરપુર | ૨૦ |
| સુમેરપુર-શિરોહી | ૩૪ |
| શીરોહી-માઉન્ટ આબુ | ૭૫ |

**(૧૩) ઉદેપુર-ચિતોડગઢ = ૧૧૨**

| | |
|---|---|
| ચિતોડગઢ-ભાદસોરા | ૩૫ |
| ભાદસોરા-મેંગલવાર | ૧૪ |
| મેંગલવાર-મેનાર | ૨૦ |
| મેનાર-ભાટેવર | ૧૦ |
| ભાટેવર-દેબોક | ૧૦ |
| દેબોક-ઉદેપુર | ૨૩ |

**(૧૪) માઉન્ટ આબુ-અમદાવાદ = ૨૨૫**
(વાયા મહેસાણા)

| | |
|---|---|
| માઉન્ટ આબુ-આબુ રોડ | ૨૮ |
| આબુ રોડ-બાલારામ | ૩૬ |
| બાલારામ-પાલનપુર | ૧૫ |
| પાલનપુર-સિદ્ધપુર | ૩૦ |
| સિદ્ધપુર-ઊંઝા | ૧૪ |
| ઊંઝા-મહેસાણા | ૨૯ |
| મહેસાણા-કલોલ | ૪૦ |
| કલોલ-અમદાવાદ | ૨૯ |

**(૧૫) માઉન્ટ આબુ-અમદાવાદ = ૨૨૭**
(વાયા અંબાજી)

| | |
|---|---|
| માઉન્ટ આબુ-આબુ રોડ | ૨૮ |
| આબુ રોડ-અંબાજી | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| અંબાજી-ખેડબ્રહ્મા | ૪૯ | બાંબરી-ખેરપા | ૧૬ |
| ખેડબ્રહ્મા-ઈડર | ૨૪ | ખેરપા-ખીંવસર | ૩૯ |
| ઈડર-હિંમતનગર | ૨૪ | ખીંવસર-નાગોર | ૪૦ |
| હિંમતનગર-પ્રાંતિજ | ૨૩ | **(૧૭) જોધપુર-રાણકપુર = ૧૬૯** | |
| પ્રાંતિજ-અમદાવાદ | ૫૮ | જોધપુર-રોહટ | ૪૦ |
| **(૧૬) જોધપુર-નાગોર = ૧૩૮** | | રોહટ-પાલી | ૩૦ |
| જોધપુર-મંડોર | ૯ | પાલી-સડિરાવ | ૫૩ |
| મંડોર-બાવરી | ૩૪ | સડિરાવ-રાણકપુર | ૪૬ |

## વિવિધ કાર્યક્રમો :

**ગુજરાત રાજ્ય :**

એક દિવસ (એક દિવસમાં સવારના શરૂ કરી સાંજ સુધી પૂરા થઈ શકે તેવા કાર્યક્રમો)

(૧) અમદાવાદ શહેરમાં ઘણાં જિનાલયો છે.
(૨) અમદાવાદથી વિજાપુર-મહુડી-આગલોડ-અમદાવાદ.
(૩) અમદાવાદથી શેરીસા, વામજ, પાનસર, ભોંયણી અમદાવાદ.
(૪) અમદાવાદથી વિરમગામ થઈ માંડલ, ઉપરિયાળા, શંખેશ્વર, અમદાવાદ.
(૫) અમદાવાદથી બાવળા, કલીકુંડ (ધોળકા), અમદાવાદ.
(૬) અમદાવાદથી માતર, ખેડા, વડોદરા થઈ અમદાવાદ.
(૭) પાલીતાણા ગામમાં ઘણાં જ જિનાલયો છે. તળેટીમાં આગમ મંદિર, બાબુજીનું મંદિર, સમવસરણ મંદિર, કાચનું મંદિર વગેરે ઉપરાંત ગામમાં ઘણાં જ જિનાલયો છે.
(૮) પાલીતાણાથી કદમ્બગિરિ, પાલીતાણા
(૯) પાલીતાણાથી હસ્તગિરિ, ડેમ, ઘેટીપાગ વગેરે.
(૧૦) પાલીતાણાથી સોનગઢ, વલભીપુર, ઘોઘા, પાલીતાણા
(૧૧) પાલીતાણાથી ડેમ, તળાજા, દાંઠા, મહુવા, પાલીતાણા.
(૧૨) પાલીતાણા શેત્રુંજય-નવ ટૂક.
(૧૩) મહેસાણાથી વિજાપુર-આગલોડ-મહુડી-મહેસાણા
(૧૪) મહેસાણાથી વિસનગર-વાલમ-તારંગા-મહેસાણા.
(૧૫) મહેસાણાથી સિધ્ધપુર પાટણ, પાટણ, ચારૂપ, મેત્રાણા, મહેસાણા.
(૧૬) મહેસાણાથી કંબોઈ, ચાણસ્મા, શંખેશ્વર, મહેસાણા.
(૧૭) મહેસાણાથી પાનસર, ભોંયણી, શેરીસા, વામજ, મહેસાણા.
(૧૮) મહેસાણાથી મોઢેરા, ગાંભુ, મહેસાણા.
(૧૯) મહેસાણાથી ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પોસીના, કુંભારિયા, મહેસાણા.
(૨૦) મહેસાણાથી રાધનપુર, ભીલડિયા, ડીસા, મહેસાણા.
(૨૧) મહેસાણાથી અમદાવાદ મહેસાણા.

(૨૨) શંખેશ્વરથી રાધનપુર થઈ ભોરોલ, ઢીમા, થરાદ, વાવ, શંખેશ્વર.
(૨૩) શંખેશ્વરથી મુજ્પુર, કંબોઈ, ચાણસ્મા, મહેસાણા, શંખેશ્વર.
(૨૪) શંખેશ્વરથી રાધનપુર, ભીલડિયા, ડીસા, શંખેશ્વર.
(૨૫) ગિરનારથી વંથલી, સોમનાથ (ચન્દ્રપ્રભાસ પાટણ), જૂનાગઢ.
(૨૬) ભદ્રેશ્વરથી માંડવી, સાંધાણ, સુથરી, જખૌ, કોઠારા, નલિયા, તેરા, ભદ્રેશ્વર.
(૨૭) ભદ્રેશ્વરથી વાંકી મુંદ્રા, ભૂજપુર, મોટી ખાખર, નાની ખાખર, બિદડા, બહુતેર જીનાલય, કોડાય, માંડવી આશ્રમ, ભદ્રેશ્વર.
(૨૮) વડોદરાથી ડભોઈ, બોડેલી, પાવાગઢ, પારોલી, વડોદરા
(૨૯) ભરૂચથી કાવી, ગંધાર, ભરૂચ.
(૩૦) ભરૂચથી જગડિયાજી, ભરૂચ.
(૩૧) વલસાડથી નવસારી-તપોવન, તીથલ, વલસાડ.
(૩૨) ગિરનાર નેમીનાથ ભગવાનની ટૂક, ગિરનાર પર્વત.

**બે દિવસ :**

(૧) અમદાવાદથી પાલીતાણા-બપોરે અગિયાર વાગે શેત્રુંજય યાત્રા પ્રારંભ રાત્રિ રોકાણ પાલીતાણા-બીજા દિવસે પાલીતાણાથી શંખેશ્વર થઈ સાંજે અમદાવાદ.
(૨) ભદ્રેશ્વરથી મુંદ્રા, ભૂજપુર, મોટી ખાખર, નાની ખાખર, કોડાય થઈ રાત્રિ રોકાણ બહુંતેર જિનાલય અથવા માંડવી આશ્રમ ઉપર. બીજા દિવસે માંડવી, સાંધણ, સુથરી, કોઠારા, નલિયા, જખૌ, તેરા થઈ પાછા ભદ્રેશ્વર.
(૩) પાલીતાણાથી ડેમ તળાજા, દાંઠા, ઉના થઈ ચન્દ્રપ્રભાસ પાટણ રાત્રિ રોકાણ. બીજા દિવસે ચન્દ્રપ્રભાસ પાટણથી પાછા-અજાહરા-ઉના થઈ પાલીતાણા.

આ પ્રમાણે આગળ જણાવેલા એક દિવસના કાર્યક્રમોને વિવિધ રીતે જોડવાથી બે દિવસના, ત્રણ દિવસના, પાંચ દિવસના કાર્યક્રમો બનાવી શકાય છે.

**રાજસ્થાન :**

એક દિવસ :

(૧) આબુ દેલવાડાથી અચલગઢ
(૨) ઉદેપુરથી કેશરિયાજી, ડુંગરપુર, ઉદેપુર પાછા
(૩) ઉદેપુરથી આયડ, નાગહદ, જૂના દેલવાડા, કાંકરોલી, ઉદેપુર પાછા
(૪) ઉદેપુરથી કરેડા (ભૂપાલ સાગર), ચિતોડગઢ, ઉદેપુર પાછા
(૫) ઉદેપુરથી રાણકપુર, ઉદેપુર પાછા
(૬) આબુ રોડથી ઓર, કીંવરલી, કાસીન્દ્રા, મુંડસ્થળ વગેરે-આબુ રોડ પાછા
(૭) આબુ રોડથી જિરાવલ્લા, મંડાર, રેવદર, આબુ રોડ પાછા
(૮) આબુ રોડથી શિરોહી, મીરપુર, આબુ રોડ પાછા
(૯) રાણકપુરથી મુછાળા મહાવીર, ઘાણેરાવ કીર્તિસ્તંભ, નાંડલાઈ, નાંડોલ, વરકાણા, રાણી, ફાલના, સાદડી થઈ પાછા રાણકપુર
(૧૦) રાણકપુરથી બાલી, સેવાડી, રાતા મહાવીર, નાણા, પીન્ડવાડા, પાછા રાણકપુર

(૧૧) આબુ રોડથી પીન્ડવાડા થઈ બામનવાડા, અજારી, કોજરા, નાન્દિયા થઇ આબુ રોડ
(૧૨) જાલોરથી સાંડેરાવ, તખતગઢ, ઉમેદપુર, આહાર વગેરે થઈ જાલોર
(૧૩) જાલોરથી નાકાડોજી થઈ જાલોર.
(૧૪) જેસલમેરથી લોદ્રવાજી, બ્રહ્મસાગર, અમરસાગર, જેસલમેર
(૧૫) જોધપુરથી કાપરડાજી, ગંગાણી, ઓસિયા, જોધપુર

આ પ્રમાણે અનેક, એક દિવસના તથા આ કાર્યક્રમોને વિવિધ રીતે જોડી વધુ દિવસના કાર્યક્રમો થઈ શકે છે.

**આઠથી દસ દિવસના વિવિધ કાર્યક્રમો :**

(૧) ગુજરાત:

દિવસ ૧: અમદાવાદથી પ્રયાણ કરી અમદાવાદ, સરખેજ, ધોળકા (કલીકુંડ) બગોદરા, વલ્લભીપુર, શિહોર, સોનગઢ, પાલીતાણા, રાત્રિરોકાણ પાલીતાણા.

દિવસ ૨: શ્રી શેત્રુંજય તીર્થ યાત્રા, નવટૂક, સેવાપૂજા. રાત્રિરોકાણ પાલીતાણા

દિવસ ૩: પાલીતાણાથી કદમ્બગિરિ , હસ્તગિરિ, ગામના-તળેટીનાં અન્ય જિનાલયો(ઓપશનલ) રાત્રિરોકાણ પાલીતાણા

દિવસ ૪: પાલીતાણાથી પ્રયાણ કરી પાલીતાણા ડેમ તળાજા દાંઠા-મહુવા ઉના અજાહરા ચન્દ્રપ્રભાસપાટણ (સોમનાથ) રાત્રિરોકાણ સોમનાથ.

દિવસ ૫: સોમનાથ-ચન્દ્રપ્રભાસપાટણથી પ્રયાણ કરી પાટણ ચોરવાડ, કેશોદ વંથલી જૂનાગઢ. રાત્રિરોકાણ જૂનાગઢ.

દિવસ ૬: શ્રી ગિરનાર તીર્થયાત્રા. રાત્રિ રોકાણ જૂનાગઢ.

દિવસ ૭: રોકાણ જૂનાગઢમાં-અડીકડી વાવ, પ્રાણીઘર, કિલ્લો વગેરે (ઓપશનલ)

દિવસ ૮: જૂનાગઢથી પ્રયાણ કરી જૂનાગઢ જેતપુર ગોંડલ, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, માંડલ, ઉપરિયાલાજી થઈ શ્રી શંખેશ્વર, રાત્રિરોકાણ શ્રી શંખેશ્વર.

દિવસ ૯: શ્રી શંખેશ્વરથી પ્રયાણ કરી કંબોઇ ચાણસ્મા મહેસાણા રાત્રિ રોકાણ મહેસાણા.

દિવસ ૧૦: અ. મહેસાણાથી વીજાપુર, મહુડી, આગલોડ થઈ અમદાવાદ

અથવા

બ. મહેસાણાથી પાનસર, ભોંયણી, વામજ, શેરીસા થઈ અમદાવાદ

(૨) ગુજરાત:

દિવસ ૧: અમદાવાદથી ધોળકા કલિકુંડ, વલ્લભીપુર, સોનગઢ, પાલીતાણા રાત્રિરોકાણ પાલીતાણા

દિવસ ૨: શ્રી શેત્રુંજય તીર્થયાત્રા.

દિવસ ૩: પાલીતાણાથી તળાજા, દાંઠા, મહુવા ઉના, અજાહરા થઈ ચન્દ્રપ્રભાસ પાટણ-રાત્રિ રોકાણ સોમનાથ.

દિવસ ૪: સોમનાથથી ચોરવાડ, વંથલી થઈ જૂનાગઢ.

દિવસ ૫: જૂનાગઢથી શ્રી ગિરનાર તીર્થયાત્રા

દિવસ ૬: જૂનાગઢથી પ્રયાણ કરી રાજકોટ, મોરબીમાર્ગે ભદ્રેશ્વર રાત્રિરોકાણ

ભદ્રેશ્વર.

દિવસ ૭: ભદ્રેશ્વરથી વાંકી, મુંદ્રા, ભૂજપુર, મોટી ખાખર, નાની ખાખર, બિદડા, કોડાય, બહુંતેર જિનાલય, માંડવી આશ્રમ રાત્રિરોકાણ.

દિવસ ૮: માંડવી આશ્રમથી લાયજા થઈ સાંધણ, સુથરી, કોઠારા, નલિયા, જખૌ, તેરા થઈ પાછા ભદ્રેશ્વર અથવા ભૂજ.

દિવસ ૯: ભૂજ અથવા ભદ્રેશ્વરથી શંખેશ્વર. રાત્રિરોકાણ શંખેશ્વર.

દિવસ ૧૦: શંખેશ્વરથી મહેસાણા થઈ શેરીસા, પાનસર, અમદાવાદ.

(૩) રાજસ્થાન:

દિવસ ૧: અમદાવાદથી પ્રયાણ કરી હિંમતનગર, શામળાજી, ડુંગરપુર, કેશરિયાજી, ઉદેપુર રાત્રિ રોકાણ ઉદેપુર

દિવસ ૨: ઉદેપુર સીટી જોવાલાયક સ્થળો/અથવા ઉદેપુરથી કરેડા, ચિતોડગઢ પાછા ઉદેપુર. (ઓપશનલ)

દિવસ ૩: ઉદેપુરથી આયડ, નાગહદ, એકલિંગજી, જૂના દેલવાડા, રાજનગર, દેસુરી, સાદડી, રાણકપુર

દિવસ ૪: રાણકપુર-ઘાણેરાવ કીર્તિસ્તંભ, મુછાળા મહાવીર, નાંડલાઈ, નાંડોલ, વરકાણા, રાણી, પાલી, રાત્રિ રોકાણ જોધપુર અથવા કાપરડાજી.

દિવસ ૫: જોધપુર-કાપરડાજી, ગંગાણી, રાત્રિ રોકાણ ઓસિયા.

દિવસ ૬: ઓસિયાથી ફલોદી, રામદેવરા-રેણુજા, પોકરાન રાત્રિ રોકાણ જેસલમેર

દિવસ ૭: જેસલમેર, લોદ્રવા, અમરસાગર, રાત્રિરોકાણ જેસલમેર

દિવસ ૮: જેસલમેર નાકોડાજી રાત્રિ રોકાણ જાલોર

દિવસ ૯: જાલોર, સાંડેરાવ, ફાલના, સેવાડી, રાતા મહાવીર,નાણા, રાત્રિ રોકાણ પીન્ડવાડા.

દિવસ ૧૦: પીન્ડવાડા, બામનવાડા, નાન્દિયા, શિરોહી, આબુ રોડ થઈ અમદાવાદ. (૩૦૦/૩૫૦ કિ.મી.) **અથવા**

દિવસ ૯: જાલોરથી શિરોહી થઈ (આબુ રોડ) થઈ માઉન્ટ આબુ.

દિવસ ૧૦: દેલવાડા દર્શન કરી અમદાવાદ.

ગુજરાત રાજ્યનો વિસ્તૃત કાર્યક્રમ:

દિવસ ૧: પ્રયાણ મુંબઈથી તલાસરી, ચારોટી અલીપુર, વલસાડ થઈ તપોવન નવસારી રાત્રિ રોકાણ તપોવન.

દિવસ ૨: તપોવનથી પ્રયાણ કરી સુરત જગડિયાજી, અંકલેશ્વર, ભરૂચ દર્શન, રાત્રિરોકાણ ભરૂચ.

દિવસ ૩: ભરૂચથી કાવી, ગંધાર દર્શન કરી રાત્રિરોકાણ વડોદરા.

દિવસ ૪: વડોદરાથી બોડેલી, ડભોઈ, પાવાગઢ રાત્રિરોકાણ પાવાગઢ.

દિવસ ૫: પાવાગઢથી માતર, અમદાવાદ રાત્રિરોકાણ અમદાવાદ.

દિવસ ૬: અમદાવાદથી કલીકુંડ ધોળકા, વલ્લભીપુર, સોનગઢ, પાલીતાણા રાત્રિરોકાણ

દિવસ ૭: શ્રી શેત્રુંજય યાત્રા રાત્રિરોકાણ પાલીતાણા

દિવસ ૮: શ્રી કદમ્બગિરિ, શ્રી હસ્તગિરિ રાત્રિરોકાણ પાલીતાણા

દિવસ ૯: પાલીતાણાથી ડેમ, તળાજા, દાંઠા, મહુવા, ઉના, અજાહરા, રાત્રિરોકાણ ચન્દ્રપ્રભાસ પાટણ

દિવસ ૧૦: ચન્દ્રપ્રભાસ પાટણ, વેરાવલ, વંથલી થઈ જૂનાગઢ રાત્રિરોકાણ

દિવસ ૧૧: શ્રી ગિરનાર યાત્રા રાત્રિરોકાણ જૂનાગઢ

દિવસ ૧૨: જૂનાગઢથી પ્રયાણ કરી વાયા રાજકોટ, મોરબી રાત્રિરોકાણ ભદ્રેશ્વર.

દિવસ ૧૩: ભદ્રેશ્વરથી મુંદ્રા મોટી ખાખર, નાની ખાખર, બીદડા, બહુંતેર જિનાલય રાત્રિરોકાણ માંડવી આશ્રમ.

દિવસ ૧૪: માંડવી આશ્રમથી માંડવી, લાયજા, સાંધણ, સુથરી, નલિયા, કોઠારા, જખૌ, તેરા રાત્રિરોકાણ ભૂજ.

દિવસ ૧૫: ભૂજથી વાગડ દર્શન કરી શંખેશ્વર. રાત્રિરોકાણ શંખેશ્વર.

દિવસ ૧૬: શંખેશ્વરથી રાધનપુર, ભોરોલ, ઢીમા, વાવ, થરાદ, ભીલડિયા, ડીસા રાત્રિરોકાણ પાલનપુર

દિવસ ૧૭: પાલનપુરથી સિદ્ધપુર, પાટણ, મેત્રાણા, ચારૂપ, ચાણસ્મા થઈ શંખેશ્વર.

દિવસ ૧૮: શંખેશ્વરથી માંડલ, ઉપરિયાળાજી, વિરમગામ, મોઢેરા, ગાંભુ, મહેસાણા

દિવસ ૧૯: મહેસાણાથી વાલમ વીસનગર તારંગાજી

દિવસ ૨૦: તારંગાજીથી કુંભારિયા, અંબાજી, પોસીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, વીજાપુર, આગલોડ મહુડી.

દિવસ ૨૧: મહુડીથી પાનસર, ભોંયણી, શેરીસા, વામજ, અમદાવાદ.

દિવસ ૨૨: અમદાવાદથી મુંબઈ.

ઉપરનો પ્રોગ્રામ ૨૫ અથવા ૩૦ દિવસનો કરી શકાય તો વધુ આરામદાયક થઈ શકે, રાજસ્થાનનાં થોડાં સ્થળો પણ સાથે આવરી શકાય.

**રાજસ્થાન માટે વિસ્તૃત કાર્યક્રમ:**

દિવસ ૧: અમદાવાદથી ડુંગરપુર, કેશરિયાજી થઈ ઉદેપુર

દિવસ ૨: ઉદેપુરથી કરેડા, ચિતોડગઢ

દિવસ ૩: ચિતોડગઢથી નાગેશ્વર દર્શન કરી રાત્રિરોકાણ નાગેશ્વર

દિવસ ૪: નાગેશ્વરથી ઉદેપુર ( લગભગ ૩૦૦ કિ.મી.)

દિવસ ૫: ઉદેપુરથી આયડ, નાગહદ, જૂના દેલવાડા, રાજનગર, સાદડી થઈ રાણકપુર

દિવસ ૬: રાણકપુરથી મુછાળા મહાવીર, ઘાણેરાવ, નાંડલાઈ, નાંડોલ, વરકાણા, રાણી, પાલી.

દિવસ ૭: પાલીથી કાપરડાજી રાત્રિરોકાણ જોધપુર

દિવસ ૮: જોધપુરથી ગંગાણી, ઓસિયા, રેણુજા, પોકરાણ, જેસલમેર.

દિવસ ૯: જેસલમેર, લોદ્રવા, અમરસાગર, જેસલમેર

દિવસ ૧૦: જેસલમેર, નાકોડાજી, જાલોર

દિવસ ૧૧: જાલોર, તખતગઢ, સાંડેરાવ, બાલી-સેવાડી, રાત્રિરોકાણ રાતા મહાવીર.

દિવસ ૧૨ : રાતા મહાવીરથી નાણા, પીન્ડવાડા, અજારી, કોજરા, બામનવાડા, નાન્દિયા, શિરોહી, મીરપુર, જિરાવલ્લા, રાત્રિરોકાણ

દિવસ ૧૩ : મંડાર, ઓર, આબુ રોડ, માઉન્ટ આબુ.

દિવસ ૧૪ : અચલગઢ, માઉન્ટ આબુ

દિવસ ૧૫ : માઉન્ટ આબુ, કુંભારિયાજી, ઈડર, બીજાપુર, મહુડી થઈ અમદાવાદ.